ઓપિનિયન

यो वै भूमा तत् सुखम्।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 13 ● પ્રકરણ : 10 ● સળંગ અંક : 154 26 જાન્યુઆરી 2008 વાર્ષિક લવાજમ : £25 / £40

મ્યાનમારની પ્રતિભાવંત નારી - ઑઁગ-સાન સૂ કી

○ પ્રફુલ્લ દવે

નૉબેલ પારિતોષિક વિજેતા અમર્ત્ય સેને, ભારતની ૬૦મી વર્ષગાંઠ નિમિત્તે, એક લેખમાં જણાવેલું કે ભારત ૧૯૪૭માં આઝાદ થયું ત્યારે દેશની આર્થિક સ્થિતિ સારી નહોતી, દેશના બે ભાગલા થયા તેના ઘા હજુ રૂઝાયા નહોતા, લોકતંત્ર વ્યવસ્થા ગોઠવાતી જતી હતી. પરંતુ જે મૂલ્યો લઈને આઝાદીની લડત ચાલી હતી, તે મૂલ્યોને વિશ્વ ભરમાં પ્રસરાવવા ત્યારે ભારતે મુખ્ય ભૂમિકા ભજવી હતી. દક્ષિણ આફ્રિકાને સ્વતંત્રતા મળે, ચીનને સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં સ્થાન મળે તે માટે ભારતે પ્રયાસ કરેલા. બિનજોડાણવાદી નીતિને સંલગ્ન દેશોનું સંગઠન બનાવીને લોકતંત્ર, મુક્ત અભિવ્યક્તિ, સામાજિક ન્યાય, રંગભેદ નાબૂદી, સરમુખત્યારશાહીનો વિરોધ વગેરે મુદ્દાઓ પર વિશ્વમાં એક અલગ તટસ્થ - નિર્ભિક અવાજ ઉઠાવેલો.

આજે ૬૦ વર્ષે આપણે આર્થિક મહાસત્તા બનવા જઈ રહ્યા છીએ, ઊંચો વિકાસદર હાંસલ કરી રહ્યા છીએ, લોકશાહી વ્યવસ્થાએ મૂળિયા જમાવ્યા છે ત્યારે ભારત આવો અવાજ ઉઠાવતું બંધ થઈ ગયું છે. હવે વિશ્વમાં જ્યાં ક્યાં ય અન્યાય, અત્યાચાર, શોષણ, માનવહકોનું દમન, લોકતંત્ર પર પ્રહાર થાય ત્યાં આપણે હિંમતપૂર્વક અવાજ ઉઠાવવાને બદલે દેશના આર્થિક હિતોને પ્રાધાન્ય આપવા લાગ્યા છીએ, આપણા સ્વાર્થને પ્રાધાન્ય આપી રહ્યા છીએ.

આપણી આજુબાજુના દેશોમાં લોકતંત્રનું હનન થઈ રહ્યું છે, બાંગલાદેશ, પાકિસ્તાન અને બ્રહ્મદેશ (મ્યાનમાર)માં લશ્કરે સત્તા પચાવી પાડી છે, લોકોના પ્રતિનિધિઓને સત્તા સોંપતી નથી, બ્રહ્મદેશ તો વર્ષો સુધી ભારતનું જ એક અંગ રહ્યું છે, ત્યાં લશ્કરી શાસકોએ આપેલી ચૂંટણીમાં ઑઁગ-સાન સૂ કીના પક્ષ નેશનલ લીગ ફૉર ડેમોક્રસીને ૭૨ ટકા મત સાથે ૪૮૫ બેઠકોમાંથી ૩૯૨ બેઠકો મળી હોવા છતાં તે નજરકેદ છે, લશ્કર સત્તા છોડતું નથી, વિદ્યાર્થીઓ - બૌદ્ધ સાધુઓ તેઓની સામે આંદોલન કરે છે તો હિંસક રીતે દબાવી દેવામાં આવે છે, વિશ્વ ભરમાંથી તેની સામે અવાજ ઉઠે છે, પરંતુ આપણે લશ્કરી શાસકોને ખરાબ ન લાગે તેમ સાંચવીને, શાંતિથી પ્રશ્ન પતાવવાની સુફિયાણી સલાહ આપીએ છીએ. આપણે લશ્કરી શાસકોને નારાજ કરવા ઈચ્છતા નથી, કારણ કે આપણને મ્યાનમારનાં તેલ અને ગેસ જોઈએ છે. આર્થિક હિતો માટે આપણે મૂલ્યોને એક બાજુ મૂકી દીધાં છે. આ ભારતનું નૈતિક અધઃપતન છે.



ઑઁગ - સાન સૂ કી

અત્યારે ઑઁગ - સાન સૂ કી મ્યાનમારને લોકતંત્ર મળે તે માટે જાનના જોખમે, ગાંધીજી અને માર્ટિન લ્યુથર કીંગમાંથી પ્રેરણા મેળવીને અહિંસક લડાઈ લડી રહી છે. વાક્લાવ હાવેલ, સૂ-કીને શક્તિહીનોની શક્તિનું ઉમદા દર્શન કહે છે. સૂ - કીને એ સ્વાતંત્ર્ય અને માનવગૌરવ માટેનો અવાજ ગણે છે, જ્યારે આર્ચબિશપ ડેસમન્ડ ટુટુ તેમની સરખામણી નેલસન મન્ડેલા સાથે કરતાં જણાવે છે કે સૂ - કી પણ સત્તાધારીઓ સાથે સંવાદ - સમાધાન - ક્ષમાપના ઈચ્છે છે.

આ ઑઁગ સાન સૂ કી કોણ છે ? જે ઈંગ્લૅન્ડ રહેતા તેના પતિ (માઈકલ એરિક) અને બે બાળકો (એલેકઝાન્ડર તથા કીમ)થી દૂર મ્યાનમારમાં રહીને દેશને લશ્કરના દમનમાંથી મુક્ત કરીને લોકતંત્ર સ્થાપવા પોતાના જીવનની આહુતિ આપવા તૈયાર થઈ છે ! *(કેન્સરની વ્યાધિમાં માઈકલ એરિકનું ઈંગ્લૅન્ડમાં ૧૯૯૯માં અવસાન થયું તે ઘડીએ મ્યાનમારના શાસકોએ સૂ કીને જવાની પણ પરવાનગી આપી નહોતી : તંત્રી)* વળી, જેને મ્યાનમારના ઘડવૈયા અને રાષ્ટ્રપિતા કહેવામાં આવે છે તે ઑઁગ સાનની તે પુત્રી ય છે.

ઑઁગ સાન : મ્યાનમાર પ્રાકૃતિક દષ્ટિએ ખેતીપ્રધાન દેશ છે. તેને વિશાળ ગાઢ જંગલો છે. બ્રહ્મદેશના લોકો પર બૌદ્ધધર્મની ગાઢ અસર છે. તે પેગાડોનો જ દેશ કહેવાય છે. ૧૮૮૫માં ત્યારનું બ્રહ્મદેશ અંગ્રેજોનું સંસ્થાન બન્યું. અંગ્રેજોને તો પોતાના સંસ્થાનોને લૂંટવામાં જ રસ હતો. તેની સામે પ્રજા વિરોધ કરતી રહી. ઑઁગ સાનના કાકાએ અંગ્રેજો સામે બગાવત કરેલી, તેથી તેની હત્યા થયેલી. આવા કુટુંબમાં ઑઁગ સાનનો જન્મ ૧૩ ફેબ્રુઆરી ૧૯૧૫ના રોજ નટમોંક ગામમાં થયો હતો. વિદ્યાર્થીકાળથી જ તેણે રાજકારણમાં અને દેશને સ્વતંત્ર કરવામાં રસ લેવા માંડ્યો હતો. તે ક્રમશઃ તેમાં વધુ ને વધુ મહત્ત્વની ભૂમિકા ભજવવા લાગ્યા. તે પોતે અહિંસક લડાઈમાં માનતા હતા. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામથી તે પ્રભાવિત હતા. પરંતુ પરિસ્થિતિએ તેને હિંસક સાધનો તરફ ધકેલ્યા. તેમણે બીજા સાથીદારો સાથે મળીને ૧૯૨૦માં જનરલ કાઉન્સિલ ઑફ બૌદ્ધિસ્ટ એસોસિયેશનની સ્થાપના કરેલી. બીજા વિશ્વયુદ્ધ સમયે તેઓએ અંગ્રેજ સરકારને એ શરતે સહાય કરવા જણાવ્યું કે યુદ્ધનો અંત આવે પછી મ્યાનમારને સ્વતંત્રતા આપવી. પરંતુ અંગ્રેજોએ તે માંગ સ્વીકારી નહીં, ઉલટાની તેઓની ધરપકડ શરૂ કરી. ઑઁગ સાનને તેની ગંધ આવી ગઈ તેથી તે છુપાઈને જાપાન જતા રહ્યા. તેમણે પોતાના સાથીદારોની એક ટોળી 'થર્ટી કોમરેડ' બનાવી. જે પાછળથી બર્મા ઈન્ડિપેન્ડન્સ આર્મી બની. તેઓએ જાપાનના લશ્કર પાસેથી શસ્ત્રતાલીમ લીધી અને જાપાની લશ્કર સાથે બ્રહ્મદેશમાં દાખલ થયા. ૧૯૪૨માં બ્રહ્મદેશ જાપાનના હાથમાં આવ્યું. તેમણે બ્રહ્મદેશના લોકોને નામની સ્વતંત્રતા આપી. ઑઁગ સાનને યુદ્ધપ્રધાન બનાવ્યા. મુખ્ય સત્તા પોતાના હાથમાં રાખી. તેઓ અંગ્રેજો કરતાં પણ વધુ જુલમી નીકળ્યા. તેઓનું ફાસીવાદી વલણ, જંગાલિયત અને સ્ત્રીઓ પ્રતિ અભદ્ર વર્તનથી ઑઁગ સાન દુઃખી હતા. ૧૯૪૫માં અંગ્રેજો અને જાપાનીઓ વચ્ચે યુદ્ધ થયું. જાપાન હાર્યું અને બ્રહ્મદેશ ફરી અંગ્રેજોના હાથમાં આવ્યું. આ દરમિયાન ઑઁગ સાનના પક્ષમાં વિવિધ વિચારધારાને લઈને ઘણાં જૂથો પડી ગયેલાં.

ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના ગ્રાહક ગમે તે અંકથી થઈ શકાય છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

લવાજમના દર

વાર્ષિક લવાજમ આ દેશ માટે **£25** તેમ જ પરદેશ માટે **£40** છે. ચેક યા પૉસ્ટલ ઑર્ડર અથવા ડ્રાફ્ટ Parivaar Communicationsને મોકલવો.

◆

લવાજમ - સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"

'Kutir', 4 Rosecroft Walk, WEMBLEY,
Middlesex HA0 2JZ [U.K.]

Tel. : [+44] 020 - 8902 0993

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

ભારત માટે લવાજમ ભરવાનું ઠેકાણું

Villa Bellevue 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

Tel. : [022] 2386 2843

Fax : [022] 2826 1155/1166

e.mail : bharti_parekh@hotmail.com

સંપર્ક : ભારતીબહેન પારેખ

◆

માત્ર ભારતમાંના ગ્રાહકોએ જ, ફક્ત **Rs. 2,000**ની રકમ, Vipool Kalyani ને નામે લખી મોકલવી

ગ્રાહક પત્રિકા :

Name : ....

Address : ....

....

Post Code : ....

Telephone : ....

e.mail : ....

Subscription : £25 / £40

Date : ....

સત્તાની હરીફાઈ ચાલી. તેમાં જ તેમના જ સાથીદારોએ ૧૯ જુલાઈ ૧૯૪૭ના રોજ તેમની હત્યા કરી. બ્રહ્મદેશના દૃષ્ટિવંત આગેવાન તેમની નિઃસ્વાર્થભાવના, હિંમત, મુક્ત લોકતાંત્રિક બ્રહ્મદેશના સ્વપ્નને લીધે બ્રહ્મદેશના તે રાષ્ટ્રપિતા કહેવાય છે.

ઑંગ સાન સૂ કી : આ સમયે તેમની પુત્રી ઑંગ સાન સૂ કીની ઉંમર ફક્ત બે વરસની હતી. ૪ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ બ્રહ્મદેશ સ્વતંત્ર બન્યું અને ઊ નુ તેના વડાપ્રધાન બન્યા. સૂ કીની માતા સ્વતંત્ર બ્રહ્મદેશમાં સોશિયલ વેલફેરનાં ડાયરેક્ટર બનેલાં અને સન ૧૯૬૧-૬૭ના વરસોમાં ભારત ખાતે બ્રહ્મદેશનાં રાજદૂત પદે રહેલાં. સ્વતંત્ર બ્રહ્મદેશમાં વિવિધ જૂથો - ત્યાંના આદિવાસીઓ વચ્ચે, સામ્યવાદીઓ સાથે સંઘર્ષો થતા રહ્યા. તેને દબાવવા માટે લશ્કર બોલાવવું પડતું. ૧૯૬૨માં જનરલ ને-વીને બળવો કરીને સત્તા પોતાને હસ્તક લઈ લીધી. આમ, લોકશાહીની જગ્યાએ લશ્કરી સરમુખત્યારશાહી સ્થાપિત થઈ ગઈ.

આ બધાં વર્ષો ઑંગ સાન સૂ કી બ્રહ્મદેશની બહાર રહેલાં. તેઓ તેમની માતા સાથે દિલ્હીમાં હતાં ત્યારે લેડી શ્રીરામ કૉલેજમાં તેમણે શિક્ષણ લીધું હતું. ત્યાર પછી યુનાઈટેડ કિંગ્ડમમાં ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં તે અભ્યાસ અર્થે ગયાં. રાજકારણ - તત્ત્વજ્ઞાન તથા અર્થશાસ્ત્રમાં તે સ્નાતક થયાં. ૧૯૬૯થી બે વર્ષ માટે તેઓએ યુનાઈટેડ નેશન્સમાં કામ કર્યું. ૧૯૭૨માં તેમણે બ્રિટિશર માઈકલ એરિક સાથે લગ્ન કર્યું. તે ભૂતાન વિષેના વિશેષજ્ઞ હતા. આમ સૂ કી ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં જોડાયાં. ત્યાં તેમણે બ્રહ્મદેશના અર્વાચીન ઈતિહાસ તથા સાહિત્ય અંગે ઊંડું અધ્યયન કર્યું. આ સાથે તેઓ જાપાનની કિયોટો યુનિવર્સિટીમાં તથા દિલ્હીની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ એડવાન્સ સ્ટડીસમાં મુલાકાતી પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપતા હતાં. તેઓ બ્રહ્મદેશથી બહાર હતાં, પરંતુ આંતરિક રીતે બ્રહ્મદેશ સાથે સંલગ્ન રહેલાં. તેઓ પોતાના પતિને કહેતાં કે બ્રહ્મદેશને મારી સેવાની જરૂર પડશે તો હું ત્યાં જઈશ અને તેમાં તમારે મને સાથ આપવો પડશે. તેમના પતિએ અંત લગી આ સાથે નિભાવી જાણ્યો હતો.

આ વતનનો સાદ આકસ્મિક રીતે આવ્યો. માર્ચ ૧૯૮૮માં તેઓ યુનાઈટેડ કિંગ્ડમમાં તેમના પતિ અને બાળકો સાથે હતાં ત્યારે તેમને તેમની માતાની ગંભીર માંદગીના સમાચાર મળ્યા. તેઓ તરત જ બ્રહ્મદેશ દોડી ગયાં. સારવાર માટે તેમને ત્યાં રોકાવાનું બન્યું. ત્યારે જ વિદ્યાર્થીઓ દેશમાં સત્તા પરિવર્તન માટે સંઘર્ષ કરી રહ્યા હતા. (ગુજરાતનું નવનિર્માણ આંદોલન અને જયપ્રકાશ નારાયણનું તેમાં જોડાવું સાંભરી આવ્યા.) સત્તાધારીઓ વિદ્યાર્થીઓ પર દમન ગુજારતા હતા. આંદોલન વધુ ઉગ્ર બન્યું ત્યારે ૨૩ જુલાઈ ૧૯૮૮ના રોજ જનરલ ને-વીને સંસદમાંથી રાજીનામું આપવાની સાથે લોકમત લેવાની દરખાસ્ત મૂકી. લોકોને પોતાનું ભવિષ્ય પોતાના હાથમાં લેવાની આ અંતિમ તક લાગી. સૂ કીના મનમાં છેલ્લા ઘણા સમયથી આ અંગે ચિંતન ચાલતું હતું. પોતાના પિતાએ બ્રહ્મદેશની આઝાદી માટે શહીદી વહોરી હતી તે યાદ હતું. તેની પુત્રી તરીકે બ્રહ્મદેશના લોકોની મદદે જવું તે તેની ફરજ છે તેમ લાગવાથી તેમણે આમાં ઝુકાવાનું નક્કી કર્યું. તેમણે બ્રહ્મી નાગરિકતા તથા પાસપોર્ટ છોડ્યા નહોતાં. બ્રહ્મી ભાષામાં અસ્ખલિત વક્તવ્ય પણ તે આપી જાણે છે.

જનરલ ને - વીને જાહેરાત કરી પરંતુ તેના સાથીદારો તેમાં સંમત નહોતા. બીજી બાજુ લોકલડત વેગવાન બની. સૂ કીને ત્યાં વિવિધ જૂથોની બેઠકો થવા લાગી. તે રેલીઓને સંબોધવા લાગ્યાં. ૨૭ ડિસેમ્બરે તેમની માતાનું મૃત્યુ થયું. લોકલડતને દબાવવા 'સ્ટેટ લૉ એન્ડ ઑર્ડર રેસ્ટોરેશન કાઉન્સિલ'ની [SLOCK] રચના થઈ. આ પછી પણ લડત ઉગ્ર બનતી ચાલી ત્યારે તેઓએ ચૂંટણી જાહેર કરી. તેઓની માન્યતા હતી કે કોઈ પક્ષને ચૂંટણીમાં બહુમતી નહીં મળે. તેથી આપણે જ સત્તા હાથમાં રાખીશું. સૂ કીએ વિવિધ લોકોનાં જૂથો સાથે મળીને 'નેશનલ લીગ ફૉર ડેમોક્સી' [NLD] પક્ષની સ્થાપના કરી. લડત દરમિયાન પણ એક બાજુ તેઓ લોકોને શિસ્ત પાળવાનું, હિંસા નહીં આચરવાનું કહેતા હતાં તો બીજી બાજુ લશ્કર સાથે સંવાદ અને સમાધાનની ભૂમિકા સર્જવા પ્રયત્નશીલ હતાં. સૂ કીએ સાત સાત મહિનાઓ સુધી બ્રહ્મદેશના સમગ્ર પ્રદેશનો પ્રવાસ કરીને બ્રહ્મદેશમાં લોકતંત્ર, બહુ પક્ષીય વ્યવસ્થા, માનવહકોની ગરિમા, અભિવ્યક્તિની સ્વતંત્રતા વગેરે મુદ્દાઓ પર લોકોને જાગૃત કર્યાં. બ્રહ્મદેશના રાજકારણમાં માનવહકોના ગૌરવની વાત સૂ કીએ જ દાખલ કરી. લશ્કરી સરકારે સૂ કીને ગભરાઈને નજરકેદ કર્યાં. તેમના સાથીદારોને જેલમાં પૂર્યા. સૂ કી તેમને મળવા ઈચ્છતાં હતાં, પરંતુ તેમને મનાઈ ફરમાવવામાં આવી. તેની સામે સૂ કીએ ઘરમાં ભૂખ હડતાળ આદરી. બાર દિવસ પછી સત્તાધીશોએ ખાતરી આપી કે તેના સાથીદારો પર કોઈ જોર જુલમ નહીં થાય. ત્યાર પછી તેણે ભૂખ હડતાળ છોડી. ૨૭ મે ૧૯૯૦ના રોજ બ્રહ્મદેશમાં ચૂંટણી થઈ, જેમાં સૂ કીના પક્ષને ૭૨ ટકા મત સાથે ૪૮૫ બેઠકોમાંથી ૩૯૨ બેઠકો મળી. છતાં લશ્કરે તેઓને સત્તા સોંપી નથી. પછી પણ છ વર્ષ નજરકેદ રાખ્યાં. આજે પણ બ્રહ્મદેશમાં લશ્કરી શાસન છે. લોકલડત ચાલુ છે. બૌદ્ધ સાધુઓ પણ લડતમાં જોડાયા છે, વિશ્વ ભરનું દબાણ છે, છતાં લશ્કર સત્તા છોડતું નથી અને સંયુક્ત રાષ્ટ્ર સંઘ કે વિશ્વ તેમાં કોઈ વિધાયક કદમ ઉઠાવી શકતું નથી.

આ લડત દરમિયાન ઑંગ સાન સૂ કીને વિશ્વ ભરમાં ઘણી પ્રતિષ્ઠા મળી છે. તેને

૧૯૯૦માં યુરોપિયન પાર્લામેન્ટ તરફથી 'ફ્રીડમ ઑફ થૉટ' માટેનું 'સખારોવ પારિતોષિક' એનાયત થયું. ૧૯૯૧માં શાંતિ માટેનું નૉબેલ પારિતોષિક મળ્યું. જે લેવા જવા માટે બ્રહ્મદેશની સરકારે મંજૂરી ન આપી તેથી તેના પુત્રે તે સ્વીકાર્યું. ૧૯૯૩માં ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં આઠમું જોઈસ પીઅર્સ મૅમોરિયલ લેક્ચર માટેનું નિમંત્રણ મળેલું. તેઓ હાજર રહી નહીં શક્યાં, પરંતુ તેમનું લેખિત પ્રવચન વાંચવામાં આવ્યું.

સૂ કીને ત્રણ પરિબળોએ બ્રહ્મદેશ સાથે જોડી રાખ્યાં છે :

૧. તેઓ સ્વતંત્ર બ્રહ્મદેશના ઘડવૈયા ઑંગ સાનનાં પુત્રી છે. તેમનું ચારિત્ર્ય નિષ્કલંક છે. તેમની પાસે મુક્ત લોકતાંત્રિક બ્રહ્મદેશનું દર્શન છે.

૨. તેમણે સ્પષ્ટ દર્શન સાથે લોકચળવળને નૈતિક - આધ્યાત્મિક આયામ આપ્યો.

તેમણે માનવહકોની પ્રતિષ્ઠા, અભિવ્યક્તિની સ્વતંત્રતા, મુક્ત ચૂંટણી, ભય મુક્તિ, પક્ષ રચવાની સ્વતંત્રતા, અહિંસક સાધનોથી લડત ચલાવવી, વ્યક્તિગત સામૂહિક શિસ્તનું પાલન જેવાં મૂલ્યો બ્રહ્મદેશના જાહેરજીવનમાં દાખલ કર્યાં.

૩. ખૂબ અસ્થિર પરિસ્થિતિમાં તેમણે માર્ગદર્શન આપ્યું છે.

ઑંગ સાન સૂ કીનો વૈચારિક દૃષ્ટિકોણ : સૂ કીને ફક્ત સત્તાપરિવર્તન કે ભૌતિક સુવિધા વધારવામાં જ રસ નથી. તેઓ દૃષ્ટિપરિવર્તન પણ ઈચ્છે છે. રાષ્ટ્રના વિકાસ માટે લોકોની માનસિકતામાં તથા મૂલ્યોમાં પણ ગુણાત્મક પરિવર્તન લાવવું પડશે. જે ક્રાંતિ ફક્ત ભૌતિક સ્થિતિ સુધારવા માટે તથા સરકારી નીતિમાં અને સંસ્થાઓમાં પરિવર્તન લાવવા માટે જ થશે તે સાચી ક્રાંતિ નહીં હોય. લોકોનાં મન ભય અને ઉદાસીનતાથી મુક્ત હોવાં જોઈએ. માનવીને સત્તા ભ્રષ્ટ કરે છે તેના કરતાં ભય વધુ ભ્રષ્ટ કરે છે. આજની ગંજાવર ટેકનોલોજીએ મોટા પ્રમાણમાં હથિયારોનું ઉત્પાદન સુલભ બનાવ્યું છે. એનો દુરુપયોગ શક્તિશાળી અને સિદ્ધાંતહીન સત્તાધારીઓ નબળા અને નિરાધાર લોકો પર સત્તા જમાવવા કરે છે. અહીં રાજકારણ અને નૈતિક્તાનું જોડાણ જરૂર બને છે.

જેઓ પાસે વધારે શક્તિ અને સંખ્યા છે તેઓએ જેઓ નબળા છે તેઓ પ્રત્યે વધુ સંયમ અને સહિષ્ણુતા દાખવવાં જોઈએ.

વૃદ્ધિ (ગ્રોથ) અને વિકાસ(ડેવલપમેન્ટ)માં તફાવત છે. વિકાસમાં માનવીનો સમગ્રતયા વિકાસ થવો જોઈએ અને તેમાં તેની ભાગીદારી હોવી જોઈએ. બીજા વિશ્વયુદ્ધ પછી રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય સ્તરે વિચારધારાને બદલે અર્થશાસ્ત્ર - વેપારને વધુ મહત્ત્વ અપાય છે. પરંતુ જે રાજકારણ અર્થકારણની અસર નીચે આવી ગયું હોય તે નૂતન વિશ્વ વ્યવસ્થામાં [New World Order] પ્રગતિ અને સંવાદિતા લાવી શકશે ખરી ? આપણે જોઈએ છીએ કે ભૌતિકસમૃદ્ધિના માપદંડે માનવીના સુખનું માપ કાઢી શકાતું નથી. ગરીબી કરતાં અભાવની માનસિક્તા લોકોને વધુ ગરીબ બનાવે છે.

એમ માનવમાં આવે છે કે બધી સમસ્યાઓનો ઉકેલ આર્થિક પ્રગતિમાં છે, પરંતુ તે સ્વસ્થ - સર્વસમાવેશક હોવી જોઈએ. નહીંતર માનવી પણ એક આર્થિક સાધન સાધન બની જશે. ગરીબોને આર્થિક સહાય આપવી તે પૂરતું નથી. તેઓની માનસિકતા બદલાવવી જોઈશે, જેમાં પોતે પોતાને નિઃસહાય ન સમજે.

કહેવત છે કે 'ભરેલા પેટે નૈતિકતા સૂઝે'. માનવીને પોતાનું અસ્તિત્વ ટકાવવા અનીતિ - ગુનાઓમાં સામેલ થવું પડે છે. પરંતુ પૂરતી ભૌતિક સમૃદ્ધિ હશે તો અનીતિ - ગુના નહીં કરે તેની કોઈ ખાતરી નથી. વધુ ને વધુ ભોગવવાની વાસના જ અનીતિ તરફ ધકેલે છે. માનવીનો લોભ તળિયા વગરના કૂવા જેવો છે, જે ક્યારે ય ભરાતો જ નથી.

ભૌતિક સમૃદ્ધિથી સામાજિક - રાજકી ય - નૈતિક સુધારો થશે એમ માનવાને બદલે યોગ્ય સ્વસ્થ સામાજિક - રાજકીય - નૈતિક મૂલ્યોની સ્થાપનાથી ભૌતિક સમૃદ્ધિ વધવાની સાથે તેની યોગ્ય વહેંચણી પણ થશે. પ્રાધ્યાપક જોન કેનેથ ગાઈલબ્રેથે અમેરિકામાં જે સામાજિક - આર્થિક પડકારો ઊભા થયા છે તેની ચર્ચા કરતાં જણાવેલું કે સુખી - સમૃદ્ધ લોકો પોતાના ટૂંકા ગાળાના સુખમાં એટલા મગ્ન રહે છે કે લાંબા ગાળાના સુખ વિષે વિચારતા જ નથી. આ માનવીની સહજ વૃત્તિ છે. આ ફક્ત મૂડીવાદી દેશોમાં જ છે તેવું નથી. વિશ્વ ભરમાં આ વૃત્તિ છે. જ્યાં વર્ષોથી લોકતંત્ર સ્થાયી થયેલું છે ત્યાં આ સ્થિતિ હોય તો જે નવા દેશો હજુ તો લોકશાહી સ્વીકારી રહ્યાં છે ત્યાં આ મુક્ત અર્થકારણ અને લોકતાંત્રિક રાજકારણ શું કરશે ? ત્યાં બહુ નાનો સુખી વર્ગ બહોળા ગરીબ વર્ગ પર આર્થિક - રાજકીય સત્તા ચલાવશે.

વિશ્વની સલામતીને સૌથી મોટો ભય આર્થિક રીતે ગરીબ દેશો તરફથી નથી પરંતુ ધાર્મિક વંશીય અને રાજકીય ઝઘડાઓને લીધે છે. તેઓ માનવીની વિવિધ વૃત્તિઓ - અપેક્ષાઓ વચ્ચે સામંજસ્ય ઊભું કરવાને બદલે પરસ્પર સંઘર્ષ કરાવે છે.

વિકસિત અને અવિકસિત રાષ્ટ્રો મૂલ્યહીન રાજકારણથી પીડાય છે. વધુ સમૃદ્ધ રાષ્ટ્રો શસ્ત્રો અને લશ્કર પર વધુ ખર્ચ કરે છે. વધુ સમૃદ્ધિ એ શાંતિ અને સલામતીની ખાતરી નથી આપતી.

સૂચના !

પરિસ્થિતિ અનુસાર, આ અંક બેએક દહાડા મોડો મળ્યો હશે. હે વાચકજી ! ક્ષમાદષ્ટે જોશો ને ?

દરમિયાન, આરંભકાળના "ઓપિનિયન" વાચક, આપણા વિચારશીલ શહેરી અને લેખક માધવજી દેવળિયાનું કોવેન્ટ્રી ખાતે ૨ ડિસેમ્બર ૨૦૦૭ના રોજ દુઃખદ અવસાન થયું છે.

તેમ વળી, સ્વ. પોપટલાલ જરીવાળાનાં વિધવા તારાબહેન જરીવાળા ય ૬ જાન્યુઆરી ૨૦૦૮નાં અવસાન પામ્યાં છે.

એ બંનેને સ્મૃતિ-વંદના હજો.

જ્યાં ન્યાય નથી ત્યાં સલામત શાંતિ હોતી નથી. શાંતિની સ્થાપના માટે માનવીય હકોનું ગૌરવ જાળવવું પડે. જેઓ શાંતિનો અર્થ કોઈ પ્રકારનો વિરોધ ન હોવો અને સલામતી એટલે પોતાની સત્તાની ખાતરી માનતા હોય તેવા બધ્ધ મનના લોકો બીજાને શાંતિ આપી શકે નહીં. બ્રહ્મદેશના લોકો શાંતિ અને સલામતીને શીતળતા ને છાંયડા સાથે જોડે છે :

વૃક્ષનો છાંયો ખરેખર શીતળતા આપે છે.

માબાપનો છાંયો વધુ શીતળ હોય છે.

શિક્ષકનો છાંયો તેથી વધુ શીતળ હોય છે.

પરંતુ આ બધામાં બુદ્ધનો ઉપદેશ વધુ શીતળતા આપે છે. બુદ્ધનો ઉપદેશ છે કે જગતમાં દુઃખ છે. દુઃખનું કારણ તૃષ્ણા છે. તૃષ્ણામુક્તિ દુઃખનો ઈલાજ છે. તે આઠ સત્યો આચરવાથી પ્રાપ્ત થાય છે. *આ આઠ સત્યો – યોગ્ય સમજણ, સત્ય વિચાર, સત્યવાણી, સત્યકર્મ, સત્ય આધારિત જીવનશૈલી, સાચી દિશાનો પ્રયત્ન, સાચી એકાગ્રતા, સાચી જાગૃતિ.*

સત્તાધારીઓએ બુદ્ધના ઉપદેશને લક્ષમાં રાખીને લોકોને સંરક્ષણાત્મક શીતળતા, શાંતિ, સલામતી આપવાં જોઈએ. આ ઉપદેશમાં મધ્યવર્તી વિચાર સત્ય - પ્રમાણિકતા તથા કરુણા છે. લોકશાહી માટેની લડત ચલાવતા બ્રહ્મદેશના લોકો આ સદ્‌ગુણો પર આધારિત કામ કરતી સરકાર ઈચ્છે છે.

બ્રહ્મદેશની લોકશાહીમાં સત્તાનું વિકેન્દ્રીકરણ હોય. ગામડાં સ્વશાસિત અને સ્વાવલંબી હોય.

શિક્ષણમાં નૈતિક મૂલ્યોને - બુદ્ધના ઉપદેશને સ્થાન હોય.

તથા દરેક વ્યક્તિનો અને રાષ્ટ્રનો સમગ્રતામાં વિકાસ થવો જોઈએ.

(પેન્ગ્વિન પ્રકાશિત 'ફ્રીડમ ફ્રૉમ ફીઅર' પુસ્તક-વાંચન આધારિત લેખ)

[Nagar Chakala, JAMNAGAR - 361 001, Gujarat, India]

તોમાર આમાર મિલે એમમિ બધે ધારા

○ વિપુલ કલ્યાણી

"ગુર્જરગિરાની ગરિમા વધારવી હોય તો એના સારસ્વતોએ આત્મસંતોષ કે આત્મવંચનાને ખંખેરી નાખીને પોતે કેટલા પાણીમાં છે તે તપાસવું પડશે. જે સત્ય ખાતર કાંઈક ખોવા તૈયાર હશે તેનામાં જ ખમીર દેખાશે.'

ગાંધીના અર્જુન, ખેપિયા કે કોસિયા તરીકે પોતાને ઓળખાવનાર, 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના ૪૪માં અધિવેશનના પ્રમુખપદેથી ગાંધીની વાત, સત્ય-અહિંસાના વિચારનો પ્રસારની પારાવાર શક્યતાઓ જોનારા રૂપે, નારાયણ દેસાઈનો આ ટકોરાબદ્ધ નાભિસ્વર, ગુજરાતના પાટનગર ગાંધીનગરના ટાઉન-હૉલમાં રણકતો રહ્યો. રાજધાનીને લોકધાનીનું સ્વરૂપ મળી રહ્યાનો રાજીપો આથી જ એમણે વ્યક્ત કર્યો હશે. એ, ઉમેરણમાં, કહેતા રહ્યા : 'જે પોતાને સાહિત્યકાર માને છે તેની જવાબદારી સમાજના અંગેઅંગ સહિત પોતાની હૃદ્દભાવના જોડવાની છે. ગુજરાતી સાહિત્યકારની કલમે સમગ્ર ગુજરાતનાં હર્ષશોક, વેદના-આનંદ, આશા-આશંકા, મનોકામના ને મનોરથો મુખર થવાં જોઈએ. પાંચ કરોડ જનતા વતી બોલવાની જવાબદારી ગાંધીનગરમાં વિરાજમાન કોઈ એક વ્યક્તિની નહીં, પણ ગુર્જરગિરાના સૌ સેવકોની હોવી જોઈએ.' શાસન કરતાં સાહિત્ય વધુ શાશ્વત્ છે, આથી તેણે વિશાળ સમુદાય સુધી પહોંચવાનું છે. વળી તે વધુ શાશ્વત્ મૂલ્યો ધરાવતું હોવું જરૂરી છે અને રવીન્દ્રનાથ ટાગોરના મુક્તધારા નાટકના ધનજંય વૈરાગી જેવી અનાસક્તિ, બેફિકરી અને સાહસિક્તા કેળવતાં કેળવતાં તેનામાં શાસન આગળ સામી છાતીએ સત્ય બોલવાની હિંમત હોવી જરૂરી છે.

'સમાજનો કોઈ પણ માણસ સમાજમાં એક જગાએ પણ માણસાઈને હેઠે ઉતારે એવું કૃત્ય કરે તો જે પોતાને એ સમાજનો નાગરિક માનતો હોય તે પણ તે એ કૃત્ય સારુ અમુક અંશે જવાબદાર બને છે. ભરેલા સરોવરનું પાણી કોઈ પણ જગાએ ખાલી થાય તો તેથી આખા સરોવરના પાણીની સપાટી નીચી જાય, તેમ સમાજમાં ક્યાં ય પણ પાપ થાય તે તેનાથી આખા સમાજનું નૈતિક સ્તર એટલું નીચું જાય છે.' સન ૨૦૦૨ના મહાપાતક વિશે સાહિત્યકારોની ભૂમિકા બાબત નારાયણ દેસાઈ નૂક્તેચીની કરી રહ્યા હતા.

નારાયણભાઈ વધુમાં કહેતા હતા : પરિષદ અંગે લોકોના મનમાં રહેલી છબિ ખોટી હોય તો પણ, એ છબિ છે તે હકીકત છે. ફક્ત આપણે માની લઈએ કે એ છબિ ખોટી છે એટલું પૂરતું નથી. પરિષદની ખોટી છબિ દૂર કરવી જોઈએ. ... ... વળી, ગુજરાતીને વિશ્વગુર્જરી બનાવવી હોય તો પ્રજાના તમામ વર્ગોને પ્રવૃત્તિઓની પાંખમાં સમાવવા રહ્યા. ધર્મ, સંપત્તિ, સામાજિક સ્તર વગેરે અનેક પાયા ઉપર રચાયેલી ભેદરેખાઓ નાબૂદ થવી જોઈએ. માતૃભાષાનું ગૌરવ સૌના મનમાં હોવું જોઈએ. જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સુધી પહોંચવું હશે તો સૌને સાથે રાખીને ચાલવું પડશે. ફક્ત વડોદરા - સુરત - મુંબઈ જ નહીં, પરદેશમાં વસતાં ગુજરાતીઓના ડાયસ્પોરા સાહિત્યનો પણ સમાવેશ કરવો જોઈશે. અને આમ, આખરે, રવીન્દ્રનાથ ટાગોરને ટાંકીને, નારાયણભાઈ પ્રાર્થતા હતા : *તોમાર હોલો શુરૂ – આમાર હોલો સારા; તોમાર આમાર મિલે એમમિ બધે ધારા.*



નારાયણ દેસાઈ

સન ૧૯૮૧માં હૈદ્રાબાદ ખાતે ભરાયેલા અધિવેશન બાદ, કદાચ પહેલી વાર, સંસ્થાન બનવા જતી પરિષદ, રગસિયે ગાડે જૂતેલી તેની આગેવાની તેમ જ વેરણછેરણ સાહિત્યકાર ટટ્ટાર બની જાય તેવી વાત પરિષદ-પ્રમુખ પાસેથી ગાંધીનગર અધિવેશનમાં સાંભળવા મળતી હતી. 'સુન્દરમ્'નગર ખાતે, એક પા, સભાગૃહમાં જાણે કે સૌમ્ય આનંદ વર્તાતો હતો, અને બીજી પા, મંચ પર જાણે કે આંતરબાહ્ય હૂંફાળા, ને વળી, ઠંડા પ્રવાહો વહેતા હોય તેમ પણ વર્તાતું હતું.

દિવંગત જયન્ત પંડ્યા, પ્રકાશ ન. શાહ સંગાથે, વરસોથી, નારાયણભાઈ દેસાઈને પરિષદ-પ્રમુખપદે લાવવાની વિચારણાઓ કરી છે. આ ત્રિપુટીએ, સતત, યોગ્ય તક ઊભી કરવા જહેમત પણ કરી. અને પછી વિલાયતની 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના અનુરૂપ પ્રસ્તાવને, વતન આંગણે સાર્વત્રિક ટેકો પ્રાપ્ત થતા, ગુજરાતના આ નાજુક સંક્રાંતિ સમયે, તેના પાટનગરમાં ભરાયેલા અધિવેશન માટે, નારાયણ દેસાઈ બિનહરીફ પ્રમુખ સાંપડ્યા. એનો રાજીપો રમણે ચડ્યાનો અનુભવ થતો હતો.

યુરોપિયન યુનિયન તેમ જ આફ્રિકી દેશોના વડાઓની, પોર્ટુગલના પાટનગર લિસ્બનમાં, તાજેતરમાં, મળેલી એક શિખર બેઠક ટાંકણે જગત ભરના કેટલાંક મુઠ્ઠી ઊંચેરાં સાહિત્યકારોએ એક જાહેર પત્ર નિવેદિત કરેલો. એ બેઠકની કાર્યસૂચિમાં ઝિમ્બાબ્વેના અને ડાર્ફૂરના કોયડાઓને આમેજ કરાયા નથી, તેથી આ સાહિત્યસ્વામીઓએ અકળામણ જાહેર કરી હતી. આ નિવેદન પર વાક્લાવ હાવેલ, નદીન ગોર્ડીમર, ગુન્ટર ગ્રાસ, રોડી ડોઈલ, ટોમ સ્ટોપર્ડ, જોસે ગિલ, કોમ ટોઈબિન, વોલે સોયઈન્કા, મિયા કૂટો, ચીમામાન્ડા ન્ગોઝી અદિચી, જિલિયન સ્લોવો, બેન ઓકરી તેમ જ જે.એમ. કોયેત્ઝીનાં હસ્તાક્ષર પડ્યાં છે. તે સૌએ નિર્દંભપણે આ ઉપેક્ષાને 'રાજકીય કાયરતા' ઠેરવી છે.

ઉત્તર આફ્રિકાના વિશાળ મુલક સુદાનની દક્ષિણે સ્વતંત્ર ચાડ દેશની સીમા પરે આ ડાર્ફૂરનો વિસ્તાર પડ્યો છે. છેલ્લાં ચારેક વર્ષમાં વીસ લાખ લોકોને ત્યાંથી હાંકી કાઢવામાં આવ્યાં છે. અને વળી, એક અંદાજ મુજબ, બીજાં ૨,૦૦,૦૦૦ લોકોને મારી નંખાયાં છે. દક્ષિણ આફ્રિકાનો ઝિમ્બાબ્વે મુલક એક દિવસ ધનધાન્યનો ભંડાર લેખાતો. એ સમૃદ્ધ દેશ આજે પાયમાલી ભોગવી રહ્યો છે. માનવસર્જિત દુષ્કાળમાં ય ભીંસાતી આ પ્રજા પરે રોબર્ટ મુગાબેનો સીતમ સતત ત્રાટકતો જ આવ્યો છે. માનવીય અધિકારો માટે આ ૨૦૦૭નું વર્ષ તે દેશ માટે ભારે ખરાબ બની રહ્યું, એવી એવી નિર્ભિક રજૂઆત પણ આ લેખકોએ કરી છે.

આ સાહિત્યકારો, આ યુરોપીય આગેવાનોને નામ, અગત્યનો સવાલ કરે છે : 'આ રાજકીય કાયરતાને, ભલા, શું કહીશું ? આપણા નેતાઓ સાચી નેતાગીરી કરે તેવી અમારી અપેક્ષા છે. તેમનામાં નૈતિક હિમ્મત હોવી જ જરૂરી છે. જ્યારે તે સૌ આમાંથી ટળે છે ત્યારે આપણને સૌને તે દરેક નૈતિક નિઃસત્ત્વ ભણી દોરી જાય છે.'

આપણી નવસો નવસો વર્ષ જૂની ગુજરાતી સાહિત્યની પીઠિકા પરે, સાંપ્રત સમયે, વિરાજમાન આપણાં સાહિત્યકારોને, ભલા, કેમ અને ક્યાં મૂલવીશું ? એ સૌ ક્યાં જઈ બેસે ? કે પછી તેમને કોઈક વિભીષિકા અડેનડે છે ? કે પછી ઉપેક્ષા તેમ જ ઉદાસીનતાની ચાદર લપેટીને તે જમાત કોઈક નિંદ્રાસનમાં રમમાણ છે ? ... કેમ કે સન ૨૦૦૨, આ સેઝ અને તેનો કેફ, નંદીગ્રામ, ગુરગાંવ, વગેરે વગેરે કોઈને ય કદાચ અડતાંનડતાં નથી ! ... તેથી, ભારે અચરજ થાય !!

કોલકત્તાનાં બૌદ્ધિકો જાગ્યા હતાં. મહાશ્વેતાદેવી સમેતની જમાતે પોતાનાં કલેવર સજ્જ કરી બંગાળની ચેતનાને જાગ્રત કરી હતી. એટલે જ પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન બુદ્ધદેવ ભટ્ટાચાર્ય હવે કહે છે : નંદીગ્રામમાં જે થયું તે રાજકીય તેમ જ વહીવટી નિષ્ફળતા હતી. આપણે જગતભરમાં ફરી વળેલાં ગુજરાતી બૌદ્ધિકો આવું આવું કહી શકીએ ખરા ? આવું જો થઈ શકે તેમ હોય તો, ક્યારે, ભલા, આવું થાય ? કોઈના ય હાથા બન્યા વિના ગુજરાતની, સમગ્ર ગુજરાતની,

ચોમેર પથરાઈ ગુજરાતીની, પરંતુ મૂળગત અકેક ગુજરાતીની ચિંતા પ્રધાનપદે હોય તેવું આપણે ન કરી શકીએ ?

ગુજરાતી ભાષા - સાહિત્ય - સંસ્કૃતિ - વારસો બાબત પણ, અબીહાલ, આપણો કોઠો હાલકડોલક થતો નથી. જાણે કે આપણે તે દરેકથી પર છીએ ! નારાયણ દેસાઈનું આ વિચારવલોણું, આથીસ્તો, આપણને નવનીત આપી જાય છે.

એકસો ને બે વરસની પરિષદનું અધિવેશન ૨૦-૨૧-૨૨ ડિસેમ્બરના દિવસોમાં ગાંધીનગર ખાતે, 'ગાંધીનગર કલચરલ ફૉરમ' અને સહયોગી સંસ્થાઓના યજમાનપદે, યોજાઈ ગયું, એ હવે ઇતિહાસ બને છે. અતિથિ વિશેષ તરીકે ત્યાં સાહિત્યકાર વક્તા ગુણવંત શાહ હતા. જ્યારે મોરારિબાપુએ આશીર્વચન આપતાં આપતાં પ્રસન્નતા વ્યક્ત કરી હતી. વળી, મંચ પરે નિરંજન ભગત, વિનોદ ભટ્ટ, રઘુવીર ચૌધરી, ધીરુભાઈ ઠાકર સરીખા પૂર્વ પ્રમુખો ય સોહતા હતા.

ગુજરાતી સાહિત્ય પરિષદના વહીવટી મંત્રી રતિલાલ બોરીસાગરે જેમને પરિષદના શ્વાસોશ્વાસ ગણાવ્યા છે તે પરિષદના સર્વેસર્વા કારભારી રઘુવીર ચૌધરીએ મોરારિબાપુની વિદ્વતા ને સજ્જતાની વાત અત્રતત્ર માંડે રાખી. દોસ્ત, સરસ; અને વળી કાનબૂટ પકડી સઉ જોર શોરથી કહીએ : કબૂલમંજૂર. આપણે તો પાદુકા સંભાળો, મારા વીર !- ***जय जय रघुवीर समर्थ।।***

પરંતુ મૂળગત સવાલ આ નથી, તેમ આ વડીલ મિત્રને વેળાસર સમજાઈ જાય, તો ... તો ... કોઠે ટાઢક વળે. કેમ કે ગુજરાતીની અન્ય બિરાદરીમાંની આવી આવી વિદ્વત્ અને સજ્જ વ્યક્તિઓને પણ, સમતા તેમ જ સર્વસમાવિષ્ટ વિચારધારા અનુસાર, ઉચિત સ્થાન આપવાનું મોડું થઈ રહ્યું છે, તે ઊફરેટો મુદ્દો, ભાઈ મારા, નજરઅંદાજ કરાતો રહ્યો છે, તેનો જ સવાલ પહેલી પંગતે આવી બેઠો પડ્યો છે, તેનું શું કરવું ?

વારુ, 'ગાંધીનગર કલચરલ ફૉરમ'ની મહેનત ઊગી નીકળી હતી. ૩૭ વરસનું આયખું ધરાવતા આ નગરમાંની નાનીમોટી તમામ શૈક્ષણિક સંસ્થાઓના સાથસહકારમાં સાહિત્યપર્વની ઉજવણી થતી રહી. સ્વાગત સમિતિના પ્રમુખ માણેકલાલ પટેલ તથા સ્વાગતમંત્રી કૃષ્ણકાન્ત જહાની આગેવાની હેઠળ સાહિત્યિક વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું. ૭૩ કિલોમિટરના પરિસરમાં પખવાડિયા લગી રોજેરોજ ગ્રંથયાત્રા નીકળતી. શાળામહાશાળાનાં ત્રીસેક હજાર ઉપરાંત વિદ્યાર્થીઓને તેમાં સામેલ કરાયાં. અધિવેશનની પૂર્વસંધ્યાએ નગરમાં વળી એક જબ્બર શોભાયાત્રા ય નીકળી હતી. પાંચેક હજાર યુવાનોની આ શોભાયાત્રામાં, વચ્ચે, પરિષદ-પ્રમુખ કુમારપાળ દેસાઈ, પૂર્વ-પ્રમુખ ધીરુબહેન પટેલ સાથે વરાયેલા પ્રમુખ નારાયણ દેસાઈ એક સરસ મજાના રથમાં આરોહક હતાં. ચોમેર માતૃભાષાનો મહિમા ગવાતો અનુભવાતો હતો. ગાંધીનગરમાં ઠેરઠેર મોટા બિલબોર્ડ્સ પણ મૂકવામાં આવ્યા હતા, જેમાં વિધવિધ ગુજરાતી સાહિત્યકારોનાં ચિત્રો અને તે દરેકની કોઈ એક જાણીતી પંક્તિનું લેખન વાંચવા મળતું હતું; ને વળી પરિષદ અધિવેશનની જાણકારી પણ તેમાં અપાઈ હતી.

પૂર્વ સંધ્યાના કાર્યક્રમમાં યજમાન સંસ્થાઓ દ્વારા યોજવામાં આવેલી વિવિધ સ્પર્ધાઓની વાત પેશ થઈ. હાલરડાં, પ્રભાતિયાં જેવાં ભૂલાતાં સાહિત્યની સામેલગીરી પણ એ હરીફાઈઓમાં જોડાઈ હતી. પરિષદને તેના પ્રવાસને સારુ તેમાંથી દીવાદાંડી શો ઉજાશ મળે તો આનંદ થાય. લોકો સુધી સેતુ બાંધાવાની એક દિશા એમાં પડી છે.

ઉપલક દષ્ટિએ લાગ્યું છે, આ ફેરે, પરિષદે, કાર્યક્રમ રૂપરેખા તૈયાર કરવામાં ઝાઝી ચાસ પાડી નથી. કર્મકાંડની રૂએ 'સુન્દરમ્'ની શતાબ્દીને આવરી લીધી છે અને વિષયોની માંડણી કરી દીધી છે. વળી ભાષણકારોની વહેંચણી પિત્રાઈઓ વચ્ચે કરી છે. અને તેમ છતાં ય, એ પછી, પણ કેટલુંક સરસ અને બહુ સરસ રહ્યું છે. 'સુન્દરમ્' વિશેની છેલ્લી બેઠક રોચક હતી અને વક્તાઓએ મહેનત કરીને સામગ્રી આપી હતી. પહેલી રાતે, નરસિંહ ભગતને લોકધાનીમાં સજીવન કરવાનું શ્રેય તો આ પરિષદને ફાળે જબ્બર રહેવાનું છે. એ વેળા સૌ કોઈ નરસૈયામાં ઓતપ્રોત બની બેઠાં હતાં.

... અને વિધિની વક્રતા તો જૂઓ : કાંદિવલી અધિવેશનથી ગાંધીનગર અધિવેશનને માંડ ચોવીસ મહિના જ થયા છે. ત્યાં જે શક્ય ન થયું તે અહીં વ્યવહારરૂપ લેતું હતું. 'ગુજરાતીલેક્સિકૉન'ની જ વાત કરું છું. ફક્ત ફેર એટલો જ હતો કે હવે ગૂજરાત વિદ્યાપીઠનો તેને સહજ સહપ્રવાસ મળ્યો છે. તેનું વજન, ભલા, પડતું હશે ને !?! ... વારુ, ડિજિટલાઈઝ્ડ સાર્થ ગૂજરાતી જોડણીકોશ અને જોડણી-તપાસની ઉપલબ્ધિનાં જાહેર લોકાર્પણનો અવસર પૂર્વસંધ્યાના ભાગરૂપ સમ્પન્ન થતો હતો. એ તો હકીકતે ઐતિહાસિક ઘડી હતી. અંગ્રેજી સમેતની વિદેશી જબાનમાં આવી ઘડીને જબ્બર સાંસ્કૃતિક ઘટના લેખીને સરકારી, અસરકારી તેમ જ પ્રચારપ્રસારના માધ્યમોમાં તેનાં નરવાં ગુણગાન ગવાતાં હોય છે. આપણે ત્યાં તો કદાચ એમ પણ આપણે માનતા હોઈએ કે એમણે તે વળી શી મોથ મારી ? એવું તો મને ય આવડે !! ... ...

વારુ, વિદ્યાપીઠના ઉપકુલપતિ સુદર્શન આયંગરે ભૂમિકાથી માંડણી કરી. પહેલી હરોળના વિચારક, લેખક કુલીનચંદ્ર યાજ્ઞિકે સરસ લોકાર્પણ કર્યું. તેમ જ ગુજરાતીલેક્સિકૉનના રચયિતા રતિલાલ ચંદરિયાનું જાહેર અભિવાદન પણ થયું.

ગુજરાતી ભાષામાં જોડણી અંગેનો ઊહ અને અપોહ શમી નથી ગયા. ક્લિષ્ટ અને સંકુલ નિયમોને દોષ દેવાનું કદાચ થાય પણ ખરું, પરંતુ મૂળમાં તો સમાજ અને ખાસ કરીને શિક્ષક વર્ગની બેદરકારીના લીધે જોડણીની અંધાધૂંધી ઊભી થવા પામી છે. તેથી જોડણીકોશ તથા ઈ.-સ્પેલચેકની જરૂરિયાત વધુ તાકીદની બની છે, તેમ સુદર્શન આયંગર કહેતા હતા. આ સોફ્ટવેર સી.ડી.ના રૂપમાં તૈયાર કરાયો છે. કોશમાં યુનિકૉડ પદ્ધતિ વાપરવામાં આવી છે. આથી કોશનો ઉપયોગ કરનારને સારુ પાઠ, વાંચવામાં પણ સરળતા રહેવાની છે. કોઈ પણ શબ્દનો અર્થ જોઈતો હોય, તો સાર્થકોશ પ્રમાણે એ મળી જાય.

પાનબીડું :

'એક વાર મને થયું કે લાવ જોઉં કે ગામડાંના સર્વ સામાન્ય લોકોનાં ઘરોમાં છપાયેલું સાહિત્ય કયું - કયું જોવા મળે છે. મેં સર્વે કર્યો. તો જોવા મળ્યું કે બધું મળીને પાંચ જાતનું સાહિત્ય ગામડાંનાં સર્વસામાન્ય ઘરોમાં વંચાતું હોય છે - (૧) છાપું, (૨) શાળામાં ઉપયોગી પુસ્તકો, (૩) નવલકથા, નાટક, વાર્તાનાં પુસ્તકો, (૪) પોતાની ભાષામાં લખાયેલાં પૌરાણિક અને ધાર્મિક ગ્રંથો અને (૫) આરોગ્ય વિષયક પુસ્તિકાઓ.

'આવો અર્થ એ થાય છે કે આપણે જો લોકોનાં દિલની ઉન્નતિ કરવા માગતા હોઈએ, તો ઉપરના પાંચ પ્રકારનાં સાહિત્યની ઉન્નતિ કરવી જોઈએ.

'આ સંદર્ભમાં વાત થતી હતી, ત્યારે એક મિત્રે મને કહ્યું, 'મરાઠી ભાષા કેટલી ઊંચી ઉડી શકે છે, તે જ્ઞાનદેવે બતાવ્યું, અને તે કેટલી નીચે પડી શકે છે, તે આજનાં આપણાં અખબારો બતાવી રહ્યાં છે !' મુખ્યત્વે આવું છે, એમ સમજવાનું છે.

'પરંતુ આમાં દોષ કોનો છે ? કોઈ કહે છે તંત્રીઓનો, કોઈ કહે છે વાચકોનો, કોઈ કહે છે કે પૂંજીપતિઓનો. ગુનામાં ત્રણેય સામેલ છે, અને કમાણીનો સમાન હિસ્સો ત્રણેયને બરાબર મળવાનો છે. પરંતુ મારા મતે અપરાધીઓ આ ત્રણે ભલે હોય, ખરો અપરાધી બીજો જ છે, અને એ જ આ પાપનો વાસ્તવિક ધણી છે. એ કોણ ? – સાહિત્યની પરિભાષા કરનારો ચટૂડિયો, લોલૂપ અથવા રુચિભ્રષ્ટ સાહિત્યકાર.

'"વ્યર્થ વાદ-વિવાદનું શૂરાતન, બીજાઓનો જીવ દુભાવવો ને એમને દઝાડવું, બળી-ઝળી કે ખૂંચે એવી વાતો કહેવી, ઉપહાસ કરવો, હાંસી ઉડાડવી, વ્યંગ કરવો, મર્મભેદી વચનો કહેવાં, આડું-અવળું સંભળાવવું, વક્રોક્તિ કરવી, કઠોરતા, દાવપેચ, આંટીઘૂંટી, સંદિગ્ધતા, કપટ, પ્રતારણા" – જ્ઞાનદેવે આ બધા વાણીના અવગુણ બતાવ્યા છે. પરંતુ આપણા સાહિત્યકારો તો આવા અવગુણોને જ 'વાગ્ભૂષા' અથવા સાહિત્યની સજાવટ, સાહિત્યનું સૌંદર્ય માને છે !'

– આચાર્ય વિનોબા

(યજ્ઞ પ્રકાશન પ્રકાશિત 'સાહિત્ય' પુસ્તકમાંથી)

અમદાવાદ, ૨૫ ડિસેમ્બર ૨૦૦૭

vipoolkalyani.opinion@btinternet.com

… … … એનું વખાણ સદા સુણાવજો

ગુજરાત વિદ્યાપીઠ પ્રકાશિત 'સાર્થ ગૂજરાત જોડણીકોશ'નાં આરંભનાં પાનાંઓમાં, સન ૧૮૬૭માં પ્રગટ થયેલું રેવરન્ડ જૉસેફ વાન સોમરન ટેલરકૃત 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ'માંનું કેટલુંક લખાણ આમેજ છે. મનને, અંતરને તેમ જ સમજણને સમથળ રાખીને આ લખાણ ફરી ફરી ઘૂંટવા સમ છે. વાંચતા, વાગોળતા હંમેશાં એ માંહ્યલીકોર મગન રાખે છે. રેવરન્ડ ટેલર કહે છે : 'ગુજરાતી પૂરી કે અધૂરી, એ વિષે વિવાદ કોઈ વેળા સાંભળવામાં આવે છે. કહેવત છે કે, *યથા રાજા તથા પ્રજા; યથા ગુરુસ્તયા શિષ્યઃ*. એમ જ કહેવાય કે, *યથા ભાષકસ્તયા ભાષા* – જેવો બોલનાર તેવી બોલી … '

અને આ લખાણને અંતે આપ્યા બે ફકરા પણ ટાંક્યા વગર રહી શકાય તેમ નથી. ગુજરાતીના આ મુઠ્ઠી ઊંચેરા વ્યાકરણી, છેવટે, લખે છે :

'ગુજરાતી - આર્યકુલની, - સંસ્કૃતની પુત્રી, - ઘણી ઉત્કૃષ્ટ ભાષાઓની સગી ! તેને કોણ કદી અધમ કહે !

'પ્રભુ એને આશીર્વાદ દેજો. જુગના અંત સુધી એની વાણીમાં સત વિદ્યા, સદ્દજ્ઞાન સદ્ધર્મનો સુબોધ હજો. અને પ્રભુ - કર્તા, ત્રાતા, શોધક - એનું વખાણ સદા સુણાવજો.'

o o o

અહીંની 'ગુજરાતી સાહિત્ય અકાદમી'નો છેલ્લો પરિપત્ર અબીહાલ ટપાલ કર્યો. સભ્યોને મળતા, એક જૂના સભાસદ મિત્રનો ટેલિફોન આવ્યો; કહે : 'તમારા પર ખૂબ ગુસ્સો આવ્યો છે. તમે વિદેશી શબ્દો કેમ ઉપયોગમાં લીધા છે ? આથી, આ પરિપત્રનું બાકીનું લખાણ મેં આગળ વાંચ્યું જ નથી !' આરંભમાં 'સાલ મુબારક' લખાણ થયું છે તેનો તેમને રંજ હતો. તેમને એ 'વિદેશી' શબ્દો લાગ્યા છે. જો કે મારી સાથે વાત થયા પછી, તેમને શાતા વળી હશે, અને હવે, બાકીનો પરિપત્ર વાંચી જવાનું તે રાખશે, એમ પણ મને તે જણાવતા ય હતા !

થોડા વખત પહેલાં, આ મિત્રની વિચારધારાવાળા એક બીજા સ્થાનિક પરિચિત સાથે ય 'આવા આવા વિદેશી' શબ્દો નહીં વાપરવા બાબત, પત્રવ્યવહાર થયો હતો, એ સાંભરી આવ્યું. મૂળ રૂઢિવાદી, જમણેરી, સંકુચિત, રાષ્ટ્રવાદી વિચારધારા અહીં વિલાયતમાં ય ઘર કરી ગઈ છે અને તેની બૂ સતાવતી રહી છે. દરમિયાન, ગુજરાતી નામક પદાર્થ સાથે, આ દેશમાં, સતત કામ પાડતા એક મિત્ર, રાકેશ ખંભાયતાએ તાજેતરમાં સંભારી આપ્યું : સન ૧૯૩૬ના અરસામાં ઈશ્વરલાલ પ્રાણલાલ

બૈરી રૂપાળી છે ! ધણી વહેમીલો છે !!
સીટી કૂકરની વાગે છે !!! શંકા સામેવાળા પર જાય છે !!!!

ખાનસાહેબ તથા ત્રિભુવન જમનાદાસ શેઠે 'હિન્ટ્સ ઑન સ્ટડી ઑવ્ ગુજરાતી' નામે એક અંગ્રેજી પુસ્તક આપેલું. તે પુસ્તકમાંથી એક રોચક અવતરણ રાકેશભાઈએ શોધી આપ્યું હતું. તેનું ભાષાન્તર કંઈક આમ છે : 'હકીકતે ફારસી અને અરબી શબ્દો ગુજરાતીમાં પ્રવેશ પામ્યા હતા. … આ દાખલામાં પણ હિન્દુ ધર્મના કેટલાક ઉપદેશકોએ આ આગમનનો સંભાળપૂર્વક બહિષ્કાર કરેલો. જે લોકો આવા શબ્દોનો બોલચાલમાં ઉપયોગ કરતા સાંભળવા મળતા તેમને સામાજિક સ્તરે ભારે સહન કરવાનું ય રહેતું. પરંતુ શાસકો જોડે સંપર્ક રાખ્યા વગર ચાલે તેમ નહોતું. આથી, આવા આવા અનેક શબ્દો આજે ગુજરાતી ભાષામાં પોતીકા બનીને ચલણમાં આવી ગયા છે.'

વારુ, 'સાલ'ની વ્યુત્પત્તિ ફારસી છે. સાર્થ જોડણીકોશ મુજબ તેના અર્થ છે : વર્ષ (૨) પાકની મોસમ (૩) વર્ષાસન. 'મુબારક'ની વ્યુત્પત્તિ અરબી છે. અર્થ છે : આબાદ; ભાગ્યશાળી; શુભ; ધન્ય. ટૂંકામાં, 'નવું વર્ષ મુબારક હો,' એવી શુભેચ્છાઓનો બોલ.

રૉબર્ટ મેકક્રમ, રૉબર્ટ મેકનીલ તથા વિલિયમ ક્રેન નામક ત્રિપુટીએ 'ધ સ્ટોરી ઑવ્ ઈંગ્લિશ' નામે એક રોચક પુસ્તક આપ્યું છે. આ પુસ્તકમાં, સન ૧૯૧૯માં બહાર પડેલા એચ.એલ. મેન્કેનકૃત 'ધ અમેરિકન લેંગ્વેજ' પુસ્તકનું એક અવતરણ લેવાયું છે : 'A living language is like a man suffering incessantly from small haemorrhages, and what it needs above all else is constant transactions of new blood from other tongues. The day the gates go up, the day it begins to die.' સતત થતા રહેતા નાના રક્તસ્રાવને કારણે માણસની જે હાલત થાય છે તેવી હાલત જીવંત ભાષાની પણ થાય. અને જેમ માણસને નવું લોહી ચઢાવવું પડે છે તેમ ભાષાને પણ બીજી જબાનોમાંથી લોહી આપવું પડે છે. જે દિવસે તેના કમાડ બંધ થાય છે તે જ દિવસથી તેનું મરણ નજીક ભમતું થાય છે.

બીજી તરફ, હમણાં હમણાં, અકાદમીની માસિકી વાચક સભામાં ગવર નથ્થુ નામે ગુજરાતી ભાષા-સાહિત્યના એક રસિકજન સાથે સંપર્ક થયો છે. તેમનો જન્મ પૂર્વ આફ્રિકાના બંદરી નગર, ટાંગામાં થયેલો. ત્યાં જ ઉછર્યા હશે, ભણ્યા હશે અને હવે આ દેશમાં સફળ ધંધોધાપો કરી નિવૃત્તિનું જીવન ગાળે છે. તેમને તળ ગુજરાત સાથે, ભલા, કેટલોક સંબંધ હશે ?! … પરંતુ, તેમને ગુજરાતી કાવ્યો બહુ જ ગમે. તેમને ગળથૂથીમાં જે ગુજરાતી મળ્યું તેનું સતત રસપાન કર્યા કરે છે. આજનાં કાવ્યોમાં, આજની વાર્તાઓમાં જે રીતે અંગ્રેજી શબ્દો ઘર કરી બેઠા છે તેની સામે તે મિત્રોને બળાપા સાથે કહ્યા કરે છે. સરળતાએ ચલણમાં જોવા મળતા સહેલાસટ્ટ ગુજરાતી શબ્દોનો, ભલા, કેમ ઉપયોગ થતો નહીં હોય, તેવા તેવા સવાલો તે કર્યા જ કરે છે.

લંડન કૉલિંગ

ઝાઝું દૂર જવું નથી. ફરી, 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ'નો સહારો જ લઈએ. ગુજરાતીમાં સંસ્કૃત ઉપરાંત, ફારસી, અરબી, અંગ્રેજી, પ્રાકૃત, દેશ્ય, અપભ્રંશ, પંજાબી, ફીરંગી (પોર્ટુગીઝ), હિંદુસ્તાની, મરાઠી, કાનડી, વગેરે વગેરે વ્યુત્પત્તિના સંકેતોની નોંધ જોવા મળે છે. કિસ્વાહિલીના અનેક શબ્દો પરદેશી ગુજરાતીમાં ચલણ ધરાવે છે. તેની વાત નોખી રાખીએ તો ય, ફારસી, અરબી, અંગ્રેજી, ફીરંગી શબ્દોને આપણે કેટલી હદ સુધી 'વિદેશી' લેખવાના છીએ ? આપણી ભાષા અને સાહિત્ય સાથે કામ પાડતી આપણી સંસ્થાઓ અને આગેવાનીએ આ વિશે દૂરંદેશી બતાવવી જ જોઈએ. આ એકાંતિકભાવ આપણને ખુદકુશી તરફ ધકેલે છે તેવી સમજણ સાથે, તે સામે લાલ બત્તી એ સૌ ધરે તેમ અરજ ગુજારીએ. ગુજરાતી ભાષા-સાહિત્ય-શિક્ષણ સાથે કોઈ ઝાઝેરો સંબંધ સંપર્ક ન હોય અને છતાં ચોખલિયાવૃત્તિનો ભાવ સેવતી જમાતને જ્ઞાનબદ્ધ કરવા એમણે સત્વરે બીડું ઝડપું જ રહ્યું.

બીજી પા, ગુજરાતી ડાયસ્પોરિક જમાતમાં એક અવ્વલ નામ છે રતિલાલ ચંદરયાનું. વીસવીસ વરસની અથાગ જહેમત બાદ, એમણે આપણી જબાનને 'ગુજરાતી લેક્સિકૉન' વાટે બહુ મોટું જીવતદાન આપ્યું છે. હવે આ વાત પણ ઇતિહાસનું ગૌરવમાન પૃષ્ટ બની છે. 'ગૂજરાત વિદ્યાપીઠ' અને 'ગુજરાતી લેક્સિકૉન ડૉટ કોમ'ના સંયુક્ત પ્રયાસથી, હવે, સમૂળો સાર્થ ગૂજરાતી જોડણીકોશ ડિજિટલાઈઝ્ડ થયો છે. અને તેનો 'સ્પલેચેકર પ્રોગ્રામ' સુપેરે અંકે કરાયો છે. ગુજરાતી સાહિત્ય પરિષદના,

આગામી ગાંધીનગર અધિવેશનની પૂર્વ સંધ્યાએ, એટલે કે ગુરુવાર, ૨૦ ડિસેમ્બર ૨૦૦૭ની સંધ્યાએ, આ ગંજાવર ઐતિહાસિક કામ સમ્પન્ન થયું છે, તેનું જાહેર સ્વાગત થવાનું છે તેમ જ તેનું લોકાર્પણ થવાનું છે. આ ઘટનાને કારણે રેવરન્ડ જૉસેફ વાન સોમરન ટેલર ઉપરાંત, હેમચંદ્રાચાર્ય, પ્રેમાનંદ, નર્મદ, એલેકઝાન્ડર ફૉર્બસ, દલપતરામ, નવલરામ, મહાત્મા ગાંધી, નરસિંહરાવ દીવેટિયા, આનંદશંકર બાપુભાઈ ધ્રુવ, મગનલાલ પ્ર. દેસાઈ, ભગવતસિંહજી, ચંદુલાલ બેચરલાલ પટેલ, પ્રબોધ પંડિત, કેશવરામ કા. શાસ્ત્રી, હરિવલ્લભ ભાયાણી, જયંત કોઠારી વગેરે વગેરેનો આત્મા સંતોષ લેતો જ હોય. તેથીસ્તો, ખાતરી જ છે : દરમિયાન, તમે, આપણે અને હું પણ, આનંદીશું. દલપતની ભાષામાં, મગરૂરીથી કહીશું અને સતત જીવન જીવીશું : *'રૂડી ગુજરાતી વાણી રાણીનો વકીલ છું.'*

પાનબીડું :

તોફાની શબ્દો

શબ્દો પણ ભારે તોફાન કરતા હોય છે. એક એકને લઈને, પંપાળીને, રિઝવીને સમજાવવા જોઈએ, મનાવવા જોઈએ. શબ્દો રિસાયેલી વહુની જેમ નાસી જાય છે, પિયેર જઈને સંતાઈ જાય છે. બોલાવીએ તો ય આવે નહીં. લલચાવીએ તો ય માને નહીં. ઘણી વખત વાક્ય-ઘરમાં શબ્દને આમંત્રણ આપીએ તો ય આવે નહીં. એ હવે હડતાળ ઉપર છે. એક આવે ત્યારે બીજો ન આવે. અથવા આવે તો 'આની પાછળ હું નહીં બેસું !' એવી જીદ કરે. એક બેસે ત્યારે બીજો ઊઠે. એક આવે ત્યારે બીજો જાય. ફરીથી તેઓની ગઠવણ કરવી પડે છે. અનેક શબ્દો નાના હતા ત્યારે જોયા હતા. એને વર્ષો વિતી ગયાં. હવે તેઓ મોટા થઈ ગયા છે. અને તેઓની ઓળખાણ પણ પડતી નથી. તેઓમાં ઘમંડ આવી ગયું છે. અને તેઓ નાના, નાના સીધાસાદા શબ્દો પર રોફ જમાવે છે અને વાક્યમાં બેઠા બેઠા ખોટી દાદાગીરી કરતા હોય છે. આપણે તો આ બધાયનું જોવાનું. આખરે તેઓ પણ રિશ્તેદાર છે. પછી માંડ માંડ વાક્ય રચવાનું. અને એ પણ માન રાખીને અને એની આજ્ઞામાં રહીને. શબ્દો માટે પ્રેમ જરૂરી છે. એક એક શબ્દને ઊંડો, સાચો, વ્યક્તિગત પ્રેમ જોઈએ. દરેકનો પરિચય, દરેકનાં કૂળ ને લક્ષણો ને ભાવ ને અપેક્ષાનો અભ્યાસ. દરેકને માટે માન ને આદર. દરેકની સાથે લાંબો સંબંધ. એટલે કોને ક્યારે બોલાવવો એ ખબર પડે. અને કોને કેવી રીતે સમજાવવો એ સૂઝ આવે ... આખરે એ જ ભાષાનું રાજકારણ છે!

- રાકેશ ખંભાયતા

●

સોયના નાકામાં જ ફસાયેલું ઊંટ!

સલામતી કર્મચારીઓ તરીકે પાંચેક હજાર જેટલાં ગેરકાનૂની વસવાટીઓ(ઈમિગ્રાન્ટો)ની, ભૂલમાં, ભરતી કરવામાં આવી છે, તેમ ગૃહ ખાતાના એક પ્રવક્તાએ, છેવટે, સ્વીકાર્યું છે.

આ દેશનાં પ્રકાશિત તેમ જ વીજળિક પ્રસાર માધ્યમોમાં આ પ્રકારના સમાચારે હમણાં હમણાં ચોમેર હેરત અને આઘાત ઊભા કર્યા છે. સલામતી, અંકુશ અને રોકટોક બાબત જે પ્રકારના કાનૂનો ઘડાયા છે અને તેની અમલબજાવણી થતી રહી છે, ત્યાર પછી, આવું વાંચવા જાણવા મળે તો નવાઈ લાગવી જ જોઈએ ને ? એ તો સોયના નાકામાંથી આખ્ખે આખું ઊંટ નીકળી જાય, પણ પૂછડે જ તે અટકી પડે, તેવો આ ખેલ છે!

અગત્યના સંખ્યાબંધ સરકારી ખાતાઓને અહીંતહીં ને સર્વત્ર ચલાવવા માટે ખાનગીકરણનો માર્ગ અખત્યાર થયો છે પછી આવી અરાજકતા સર્જાય, તેમાં છે કોઈ નવાઈ ? ખાનગી ધોરણે ચાલતી આ 'સેવાઓ'માં, આખરે, નફો જ એક માત્ર પરિણામ અગત્યનું છે. તેમને મન ધંધો જ એક અગત્યનું લક્ષ્ય છે. અને પરિણામે નફો વધારવા માટે ક્યારેક ક્યારેક અધવચેથી પણ ટૂંકા માર્ગોએ ફંટાઈ જવાનું સહેલુંસટ્ટ બનતું હોય છે. આ ઘટના પણ તેનો એક વરવો દાખલો હોવાનું સમજાય છે.

છેવટે, એમણે દીકરી માટે મનગમતો છોકરો શોધ્યો ખરો ! ...
સમજ્યા હવે ... ...
એ નૉનવેજ ખાતો હશે, સ્મોકીંગ, દારૂ - જુગારની લત હશે, પૉની ટેઈલ, ખૂંદણાં, બુટિયાં પહેરતો હશે, પણ વાણિયાનો દીકરો તો ખરો ને ?

મેટ્રોપોલિટન પોલીસે પણ પોતાના પ્રાથમિક અહેવાલમાં, હવે જણાવ્યું છે કે 'સિક્યુરિટી ઇન્ડસ્ટ્રી ઑથોરિટી'એ સલામતી કર્મચારીઓની ભરતી કરવા પહેલાં જરૂરી બનતી તરતપાસ આદરી નહોતી. હવે સવાલ થાય, ભલા, કે આ 'સિક્યુરિટી ઇન્ડસ્ટ્રી ઑથોરિટી', વળી, કઈ બલા છે ? 'ખાનગી સલામતી સંકુલ ધારો - ૨૦૦૧' (પ્રાયવેટ સિક્યુરિટી ઇન્ડસ્ટ્રી ઑથોરિટી એક્ટ ૨૦૦૧) અન્વયે આ એક સ્વતંત્ર સંસ્થાની આ મુલકમાં રચના કરવામાં આવી છે અને તે ગૃહ મંત્રીને જવાબદાર હોય છે. સલામતી બાબત ખાનગીક્ષેત્રે જે પેઢીઓ કામ કરે છે તે દરેક ઉચ્ચ ધોરણ જાળવે તે જોવા કરવાનો આ સંસ્થાનો ઉદ્દેશ છે. આ સંસ્થાની બે મુખ્ય જવાબદારીઓ છે : એક, ખાનગી સલામતી સંકુલના જે તે નિર્ધારિત ક્ષેત્રમાં કામ કરતી વ્યક્તિઓને ફરજિયાત પરવાનો આપવો, તેમ જ બે, સ્વતંત્રપણે આકારણી કરવામાં આવતી હોય તેવાં નીતિનિયમો અન્વયે આ ખાનગી પેઢીઓનું વિધિવત્ નિરીક્ષણ કરવું.

જાહેર મકાનો, વેપારવણજ તથા ઉદ્યોગધંધાની પેઢીઓનાં દફ્તરોનાં દરવાનો, સલામતી જાળવતી વ્યક્તિઓ, નાણાં અને માલમિલકતની હેરાફેરીની સલામતી માટે સારસંભાળ લેતાં લોકો ઉપરાંત અસંખ્ય સ્થળે સી.સી.ટી.વી. વાટે દેખરેખ રાખતા કર્મચારીઓને પણ આ સંકુલ હેઠળ આવરી લેવામાં આવ્યાં છે. ગયા રવિવારના "સન્ડે મિરર" સાપ્તાહિકના કહેવા મુજબ, વિમાની મથકે તેમ જ બંદરોમાં પણ, જરૂરી ખાતાઓમાં, આવાં સલામતી કર્મચારીઓ કામ કરતાં ભળાયાં છે. લેબર પક્ષની છેલ્લી પરિષદ ટાંકણે વડા પ્રધાન ગોરડન બ્રાઉનની ગાડીની સલામતીનું કામ પણ આવાં કોઈક લોકોને સુપરત થયેલું, એવી એક વાત પણ બહાર આવી છે. મેટ્રોપોલિટન પોલીસ માટે કામ કરતી આવી એક ખાનગી પેઢીમાં પણ આવાં કેટલાંક ગેરકાનૂની વસવાટીઓની ભરતી થયાંનું ગયા એપ્રિલ માસમાં માલૂમ પડતાં હોબાળો મચી ગયેલો અને તે દરેકને છૂટા કરવામાં આવેલા, તેમ પણ હવે સાંભળવા મળે છે.

હવે, વિચાર કરીએ : આવાં આવાં અગત્યનાં સલામતી જાળવવાનાં કામકાજમાં જે લોકો કામ કરે છે, તે સૌ, જે તે મુલકમાં, ગેરકાનૂની વસવાટી હોય તો શું શું થઈ શકે તેમ છે?

સલામતી જાળવવાની ફોજમાં ભરતી થવા પહેલાં મેળવવા જરૂરી પરવાના સારુ પૂરતી કાળજીસંભાળ લેવાતી નથી, તેમ ધારીને આશરે ૪૦,૦૦૦ લોકો બાબત ફેરતપાસ હાથ ધરવામાં આવી રહી છે, તેમ ગૃહ ખાતાના એક પ્રધાને જણાવ્યું હતું. કોઈ પણ જાતનું કામ કરવાને સારુ ચાકરીએ રાખતાં પહેલાં તે દરેક ગેરકાનૂની વસવાટી નથી, તેની પહેલવહેલા પાકી ખાતરી કરી લેવાનો કાયદો ૧૯૯૭થી અમલમાં છે. એમ છતાં, આ 'સિક્યુરિટી ઇન્ડસ્ટ્રી ઑથોરિટી'ને આવી ફરજ અપાઈ નહોતી, એમ જાણવા મળે છે. સાંભળીએ, કાન ખુલ્લા રાખીને સાંભળીએ : પ્રધાન મંડળના દફ્તર વિભાગના મંત્રી એડ મિલીબેન્ડ કહે છે : 'રોજગારીએ રાખનારા લોકોની જ આ જવાબદારી બને છે. ગેરકાનૂની વસવાટ કરતાં લોકોને રોજગારી આપવાનું તેમણે સત્વરે બંધ કરવું જ જોઈએ !' ... આ તો ખો ખોની રમત જેવું થયું.

"ઇન્ડિપેન્ડન્ટ" દૈનિકમાંની પોતાની તાજેતરની એક કટારમાં, યાસ્મિન અલીભાઈ-બ્રાઉન લખે છે તેમ આ ઇમિગ્રેશન બાબત, ફરી એક વાર, આ ટાપુ પરે ધુમ્મસના વાદળ છવાઈ ગયા છે. આ સમૂળી ચર્ચામાં, પરદેશી, પરદેશી રીતરિવાજો કે વ્યવહારોનો સતત ભય અથવા તિરસ્કાર હોવાની પરિસ્થિતિનું આ દ્યોતક ચિત્ર હોવાનું પણ યાસ્મિનબહેનને લાગી રહ્યું છે. તે તજજ્ઞ લોકોને આ બાબત વિશે જાહેરમાં પ્રામાણિક વાદસંવાદ થાય તેવી ઈચ્છા છે. યાસ્મિબહેન કહે છે કે તેવી ચર્ચાની કોઈ શક્યતા જણાતી નથી કેમ કે 'માયગ્રેશન વૉચ'વાળા સર એન્ડ્ર્યુ ગ્રીન જેવાઓને માટે તો પરદેશી લોકોને આ દેશમાં આવતા રોકવાની જ એક માત્ર વાગતી રેકર્ડ આપણે સાંભળીએ છીએ.

એક જમાનો હતો જ્યારે શાસનના તાબામાં નિશાળો હતી, ઇસ્પિતાલો સહિતના તમામ તબીબી ખાતાઓ હતા, પોલીસ અને સલામતીના વિભાગો ય હતા. જાહેર પરિવહનના સાધનોની યંત્રણા ય તાબામાં હતી. અને આમ ઘણાં બધાનું શાસન સંચાલન કરતી. તે વખતે શાસન હતું અને સેવા ય હતી. છેવટે, આવકજાવક અને નાણાં બાબતની તાલેવંતીની જ મૂળગત સઘળી બાબતો છે ને ? સરકારી તિજોરીમાં નાણાં ઘટતાં જાય છે. જનતાને પોતાની પડખે રાખવા કરવેરામાં દેખીતી રાહત અપાતી રહી છે. સવલતો ઘટતી ગઈ છે અને ખાનગી દુનિયાની ક્ષિતિજ વિસ્તરતી રહી છે. ધીમે ધીમે સરકારી જવાબદારીવાળું તંત્ર છૂટતું ગયું છે અને ખાનગીકરણ વિસ્તરતું ગયું છે. અને ખાનગી ક્ષેત્રમાં, સહજ સ્વાભાવિક નફાનું ધોરણ પ્રાધાન્ય ધરાવે છે. અને સેવાનું લક્ષ્ય આમતેમ હડસેલાતું જાય છે. આજના ગ્રાહકવાદની આ એક વરવી દુનિયા છે અને તેની ક્ષિતિજ અહીં જ નથી અટકતી, તે સર્વત્ર વિસ્તરેલી છે.

... ... ધીરી બાપૂડિયા !

અમારા નિવાસસ્થાનની પાછળ નાનો વાડો છે. વાડાને અડીને મહાકાય ઑક વૃક્ષ ઊભું છે. એને દરરોજ જોયા કરું છું. એકાદ સૈકા જૂનું હોઈ શકે છે. પંખીઓનો કલરવ પણ મનને ખૂબ ખૂબ શાતા આપે છે. ક્યારેક લાંબો વખત તેનું સાનિધ્ય ય માણું છું. અને કિરતારની પડછે માનવી કેટલો વામણો છે તેનો ખ્યાલ મનમાં ભર્યા કરું છું. શતાબ્દીએ બેઠેલા કવિ 'સુન્દરમ્'એ 'કોણ ?' કાવ્યમાં કેટલું સરસ ગાયું છે : *'તરુએ તરુએ ફરતી કોની આશા કેરી સાખ રસાળ ?'*

વારુ, પાનખરથી વસંત લગીની વાટ મને સૌથી વહાલી છે. પાનખર ટાંકણે, રંગબેરંગી રંગોથી સોહતી કુદરતની ગરિમા, ભલા, બીજી ક્યાં શોધી જડે ? મેઘાણીશાહી ઢબછબે ઝાડપાન કહેતાં ફરે છે : 'મુજ વીતી, તુજ વીતશે, ધીરી બાપૂડિયા !' ... ખર્‌ર્‌ ખર્‌ર્‌ પાનનો અવાજ, જો કાને પડતો હોય ... તો ... !

શૈશવ વીત્યું એ મુલક આફ્રિકાનો હતો. 'ગ્રેટ રિફ્ટ વેલી'ના પરિસરનો એ વિસ્તાર. ચોમેર હરિયાળી વનરાજી. ખૂબ તરબતર થઈ જવાય તેવું એ વાતાવરણ હતું. આવી વનરાઈ વચ્ચે અહીં તહીં સર્વત્ર ગામ, શહેર અને નગર વસેલાં. એ વસવાટની ભૂગોળ લગભગ એક સરખી. વિસ્તારના સોહામણા વિસ્તારમાં ગોરા શાસકો વસે; ગામ વચ્ચેની બજાર ચોપાસ એશિયાઈ જમાત પથરાઈ હોય અને ગામની ભાગોળે મૂળ વતનીઓ ચોફાળ પન્ને પથરાયાં હોય. આપણને ચોખ્ખા હિસ્સાવાર વિભાગ નજરે પડે. અને આવા જે તે વિસ્તારોમાં જે તે કોમનો સંસાર હીંડતો રહેતો.

એશિયાઈ જમાતની નિશાળો હતી; સિનેમા ઘર પણ હતા. લોજ, રેસ્ટોરાઁ ય હતાં. તેમની જે તે સંસ્થાઓનાં મકાનો ય જોવા મળતાં. વળી, જમાતખાનાં, મંદિરો, ગુરુદ્વારા, દેરાસરો અને મસ્જિદો પણ રહેતાં. આમ આવા વિસ્તારમાં આવા વાડાઓ જાડે મસે જામી રહેલા. અને લગભગ દરેક જગ્યાએ આવો જ શિરસ્તો જોવા મળતો.

પરંતુ, અહીં વિલાયતમાં તેની કોઈ જ પ્રતિકૃતિ નથી. વસવાટી વિસ્તારોમાં ઠેરઠેર તમને મિશ્ર લોકો જોવા મળે. અને, હા, એવા વિસ્તારો ય ખરા કે જ્યાં જે તે વસાહતી જૂથનો પથારો સવિશેષ જોવા મળે. જૂઓ ને, લેસ્ટર કે વેમ્બલી જેવા વિસ્તારોમાં ગુજરાતી કોમોના થાણાં નંખાયાં હોય; તેમ વૂલ્વરહેમ્પ્ટન, કૉવેન્ટ્રી, સાઉથહૉલ, સ્લાઉ જેવા જેવા વિસ્તારોમાં શીખ, પંજાબી સવિશેષ જોવા પામીએ. બ્રિક્સ્ટન, હાર્લસ્ડન સરીખા વિસ્તારમાં જેમ શ્યામવર્ણી જનતા ફેલાઈ હોય તેમ બેડફર્ડ, બર્નલી, લેન્કેશર અને પૂર્વ લંડનના અનેક વિસ્તારોમાં તેમ જ લંડનમાં અન્યત્ર મુસ્લિમ બિરાદરી વિસ્તરી હોય. આ બધા વિસ્તારોમાં ય હવે ધાર્મિક સ્થાનો જોવાનાં મળે છે.

પહેલાં, આવાં ધર્મસ્થાનકોનું ઝાઝું નામોનિશાન મળતું નહીં. સમ ખાવાને લંડનમાં બેચાર મંદિરો હતાં, બેપાંચ ગુરુદ્વારાઓ હતા અને એકલદોકલ મસ્જિદો હતી. હવે વસ્તીના પ્રમાણમાં ઠેરઠેર તે સઘળાં જોવા મળે છે. અને તેની ચોપાસ નાનીમોટી પ્રવૃત્તિઓ થતી રહી છે તેમ જ કોમને સાંકળતી રહી છે. આ સૌનું અદકેરું મોભાસ્થાન પણ છે.

પરંતુ આવાં સ્થાન, આવી સંસ્થા ઊઠીને 'સંસ્થાન' (કૉલની) બની બેસે તેવાં ય વરવાં દાખલાઓ હવે અહીં પણ બનતા જોવા મળે છે. કેટલીક આગેવાની ખુદની રોટલી પકવવા આવાં થાનકોને નિસરણી રૂપે વાપરતાં ય જોવા મળે છે.

પશ્ચિમ લંડનમાં ભક્ત જલારામને નામ એક ધાર્મિક સ્થાન છે.

તેની કારોબારી સમિતિમાં ચૂંટાવાને સારુ, થોડા વખત પહેલાં, જે સાઠમારી થતી તેના અનેક વરવાં અનુભવો ગરથની જેમ ગૂંજે ભર્યા છે. એક દા, તો વ્યવસાયી ચોકીદારોની ગોઠવણ કરવી પડેલી ! જલાભગત તો ઓલિયાપુરુષ હતા. સાધુસંતની સેવા અને અન્નદાનમાં એ માનતા. એમના અન્નક્ષેત્રમાં અનેકોને અન્નદાન મળે છે. એ વીર ભક્તને છેવાડાના માણસની ચિંતા હતી. ... ને અહીં ?

બીજો દાખલો છે વેમ્બલીના વલ્લભ નિધિ મંદિરનો. અમદાવાદ પાસેના, સોલા ખાતે આવેલા કૃષ્ણશંકર શાસ્ત્રીના જગ જાહેર વૈષ્ણવી ભાગવતપીઠનાં માર્ગદર્શન હેઠળ, સરસ મજાના રાતા પથ્થરોથી કંડારાતું મંદિર ઊભું થઈ રહ્યું છે. અને તેમ છતાં, કમનસીબે, આરંભથી, એ સતત વિવાદવંટોળમાં સપડાયેલું જ રહ્યું છે. કારીગરો દેશથી આણ્યા, પણ તેમને રોજગારી દેશી ઢબે અપાઈ. અહીંના માહોલના ખર્ચને એ બીચારા, આથી, કેમ પહોંચી વળે ? અદાલત સુધી ધા નાંખવામાં આવેલી. વળી, બહુ લાંબા સમયગાળાથી, તેનું બાંધકામ અટકેલું પડ્યું છે ને મમતે ચડેલી નેતાગીરી આ મંદિરમાં ક્યારે પ્રાણપ્રતિષ્ઠા કરે છે તે હવે જોવાનું રાખીએ. અત્યારે તો ઊંટડા ય હરતાફરતા નથી અને કારીગરો ય ઝાઝા વર્તાતા નથી. મહાભારત શો કોયડો છે : આ મંદિર મંદિર બનીને નીખરે છે કે પછી તે ખંડેર બની જાય છે ! ... તે અબીહાલ સમજાતું નથી !

પશ્ચિમ લંડનના હેરો વિલ્ડ વિસ્તારમાં બ્રૂકસહીલ આવેલું છે. ત્યાં જૈન દેરાસર બાંધવાનો નૂસખો મહાવીર ફાઉન્ડેશને કરેલો, પણ તેને અડોશપડશનો તેમ જ કાનૂનનો સાથ મળ્યો નથી. કહેવાય છે કે મૂળ સનદ મુજબના ઉચિત 'પ્લાનીંગ પરમિશન' વિના, દેરાસર બાંધકામની જોગવાઈને અદાલતમાં દરેક સ્તરે પડકારવામાં આવતી રહી. કોઈક અગમ્ય કારણે, હેરો કાઉન્સિલે આપેલી રજાને પણ અદાલતમાં પડકારવામાં આવી . અને આમ, છેવટે, અપીલ કૉર્ટમાં મામલો ગયો. અને ત્યાં મહાવીર ફાઉન્ડેશનની હાર થઈ અને 'હેરો વિલ્ડ પાર્ક ઈસ્ટેટ પ્રિઝરવેશન ગૃપ'ની દરમિયાનગીરીને બહાલ રાખવામાં આવી છે. અત્યારે સ્વાભાવિક, નક્કરા ખર્ચના ખાડામાં આપણી આ સંસ્થા પડી ગઈ હોય તેમ વસે છે. એ ખર્ચનો અંદાજ કંઈ નાનોસૂનો હોય જ નહીં. આ તો ઓરસિયા જેવા કપાળનો ઘાટ થયો !

આપણી નેતાગીરી પોતાનાથી પર ઊઠીને, સમગ્ર સમાજની ચિંતા સેવતી થાય તો આવતી કાલની પેઢીને ય આપણી સંગાથે મોઢામોઢ રાખી શકાય. આપણી સંસ્થાઓમાં અબીહાલ યુવાની રજા લઈ ગઈ છે અને ઘડપણ ઘર કરી ગયું છે. એ વિપરિત પરિસ્થિતિને બદલવા, ભલા, આપણે ક્યારે કરવટ બદલવાના છીએ ? છતાં, સવેળા આવું કરવું રહ્યું. આવું થાય તો જ ઉપરતળે ને ચોમેર વિશ્વાસના સેતુ રચાશે અને ફરી વાર વસવાટી જનજીવનમાં ચેતના આવશે.

પાનબીડું :

ગો જરા સી બાત પર બરસોં કે યારાને ગયે
લેકિન ઈતના તો હુઆ કુછ લોગ પહચાને ગયે

- ખાતિર ગઝનવી

સાત અબજ, છન્નુ કરોડ ને લટકામાં ત્રેસઠ લાખ રૂપિયા !

અંગ્રેજી કાનૂનયંત્રણામાં, નાગરિક અધિકારોને ક્ષેત્રે, 'મૅગ્ના કાર્ટા'નું અદકેરું સ્થાન છે. અંગ્રેજ પદ્ધતિવાળી સંસદીય લોકશાહી જ્યા જ્યાં પહોંચી છે અને પાંગરી છે ત્યાં ત્યાં, તે દરેક દેશ પ્રદેશના બંધારણમાં, આથી, આ દસ્તાવેજ પાયાની મજબૂતી આપે છે. ઈસ્વી સન ૧૨૧૫માં મૂળગત સહીસિક્કા થયેલા આ ઐતિહાસિક દસ્તાવેજની, ભલા, કેટલી નકલ આજે મળે ? બ્રિટનમાં તેની ચાર નકલો સંચવાઈ છે, એમ જાણકારો કહે છે.

પરંતુ આ દસ્તાવેજની એક વધુ મૂળ નકલ અમેરિકામાં હોવાની વાત આજકાલ વાંચવા જાણવા મળી છે. 'પેરટ ફાઉન્ડેશન'ના તાબામાં રહેલી આ નકલનું હાલમાં જાહેર લિલામ કરવાની વ્યવસ્થા થઈ રહી છે અને મળતી માહિતીઓ અનુસાર, લિલામ ગોઠવતી પેઢી, 'સોધબી'ના એક પ્રવક્તાના કહેવા મુજબ, ઓછામાં ઓછું આ દસ્તાવેજનું મૂલ આજે ૨૦ મિલિયન (બે કરોડ) ડોલરથી ઓછું હોઈ જ ન શકે. અ ... ધ ... ધ ... ... એટલે કે સાત અબજ ૯૬ કરોડ ને ૬૩ લાખ રૂપિયા જેટલી આશરે કિંમત ગણવી, ખરું ને ?

સંસદીય લોકશાહીના પાયામાં આવડા આ દસ્તાવેજનું અગત્ય છતાં, 'ગૂજરાત વિશ્વકોશ'માં તે બાબત કોઈ અધિકરણ મળતું નથી અને તે શાંત રહ્યાંનું જોવા મળે છે. ... આશ્ચર્ય જ થાય. ... ખેર ! બીજી પાસ, ઈન્ટરનેટી માધ્યમ વાટે તેમ જ અન્ય પુસ્તકસામગ્રીઓમાં એ વિશે થોકબંધ વિગતમાહિતીઓ સાંપડે છે. વળી, 'એનુસાઈક્લોપીડિયા બ્રિટાનિકા'માં આપી વિગતો ય આપણી જિજ્ઞાસા સંતોષી જાય છે.

અંગ્રેજ નાગરિકી સ્વતંત્રતા અંગેના આ મહાન દસ્તાવેજ પર મહારાજા જ્હોને ટેમ્સ નદીને કાંઠે, સરે કાઉન્ટીના વિન્ડસર અને સ્ટેઈન્સ વચ્ચે આવેલા રનીમીડ સ્થળે, ૧૫ જૂન ૧૨૧૫ના દિવસે, દસ્તાવેજ પર સહીસિક્કા કરેલા. આ રાજવી જો દસ્તખત ન કરત, તો દેશમાં મુલકીલડાઈ ફાટી નીકળવાની બહુ જ મોટી દહેશત હતી, એમ ઈતિહાસકારો કહે છે. આ મૂળ દસ્તાવેજમાં સુધારાવધારા કરી, કરાવીને તેને સન ૧૨૧૬, ૧૨૧૭ તેમ જ ૧૨૨૫માં ફેર ઘોષિત કરવામાં આવેલો. જો કે તે સમયગાળામાં આ દસ્તાવેજના સૂચિતાર્થોનું કંઈ ઝાઝું ગાણું નહોતું. એ પછીના સમયગાળામાં જ એ અગત્યનો દસ્તાવેજ સાબિત થયો છે.

મેગ્ના કાર્ટાની પ્રતિકૃતિ

આ દસ્તાવેજ, 'મેગ્ના કાર્ટા' લેટિન ભાષાના શબ્દો છે. હકીકતે તો આખો દસ્તાવેજ તે જ લેટિન ભાષામાં લખાયેલો છે. જો કે તેના અંગ્રેજી અનુવાદો બ્રિટિશ લાયબ્રેરી સમેત અનેક જગ્યાએ જોવાવાંચવા સાંપડે છે. કેટલાક વળી આ દસ્તાવેજને 'મેગ્ના કાર્ટા લિબર્ટેટમ' (સ્વતંત્રતાઓ માટેનો મહાન દસ્તાવેજ) તરીકે પણ ગણે છે. આજે ઠેર ઠેર જોવા મળતા બંધારણીય કાનૂનોના અધિનિયમનોમાં આ દસ્તાવેજની ઘણી કલમોનો ઉપયોગ થયો છે. ટૂંકામાં, લોકશાહી પ્રક્રિયાના ઈતિહાસમાં

આ દસ્તાવેજનું બહુ મોટું પ્રદાન રહેલું છે.

પૉપ ઈનોસન્ટ ત્રીજા, મહારાજા જ્હોન અને અંગ્રેજ ઉમરાવો વચ્ચે પડેલી તકરારને કારણે આ દસ્તાવેજ ઘડવામાં આવ્યો હતો અને તેને લીધે રાજવીના અધિકારોને થોડાઘણા સીમિત કરવામાં આવ્યા હતા. શરૂઆતના એ દિવસોમાં સામાન્ય નાગરિકોના અધિકારોની કોઈ વાત જ અહીં નહોતી. એ તો ઉમરાવો માટેના અધિકારોની જ કેન્દ્રગામી દૃષ્ટિ હતી. એક પછી એક, મહારાજા જ્હોનના રાજ્યશાસન પહેલાંના સમયગાળામાં, તેમ જ તેમના શાસનમાં પણ, અનેક નાનીમોટી લડાઈઓ લડવી પડેલી અને તેને સારુ ખર્ચ કરવો જરૂરી હોઈ, કરવેરો હાંસલ કરવાને માટે રાજવીનું એક માત્ર લક્ષ હતું. અને ઉમરાવોના સહકાર વિના કરવેરા નાંખી શકાય તેમ જ ઉઘરાવી શકાય તેમ હતું જ નહીં. પરિણામે, આ દસ્તાવેજ.

એ ઈતિહાસના પરોઢ ટાંકણે, તેની લોકપ્રિયતાએ રસપ્રસદ સોપાનો આંબી જવાનું રાખેલું તથા જુલમો સામે યુદ્ધનાદ ગજવવાનું જાણે કે એ ચિહ્ન બની ગયેલું. આજે યુનાઈટેડ કિંગ્ડમ તથા યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં, જ્યાં નાગરિક સ્વતંત્રતા તેની ચરમ સીમાએ સોહે છે ત્યાં પણ આ જાગતિક ત્રાસવાદના ભય હેઠળ કેટલીક સ્વતંત્રતાની પાંખ જ કાપી લેવાતી અનુભવાય છે, ત્યારે આ મેગ્ના કાર્ટા દીધા કાયદાકાનૂન ફેરતપાસ માગે છે. સન ૧૬૨૮માં અમલી બનેલા, 'અધિકાર સારુ વિનંતીપત્ર'ના ધારામાં (પિટીશન ઑફ રાઈટ) તથા ૧૬૭૯માં અમલમાં આવેલા 'બંદીપ્રત્યક્ષીકરણ અધિનિયમન'માં (હેબિયસ કોરપસ એક્ટ), આ દસ્તાવેજની ૩૯મી કલમને સીધી રીતે આમેજ કરવામાં આવી છે. જગપ્રસિદ્ધ અમેરિકી બંધારણમાં, મૂળભૂત અધિકારોના ખતપત્રમાં તેમ જ તેના વિવિધ રાજ્યો માટેના બંધારણમાં પણ આ દસ્તાવેજમાંથી ઘણી પાયાગત સામગ્રીઓ લેવામાં આવી છે.

૧૯૦૨માં પ્રકાશિત, કેસલ્સના 'હિસ્ટ્રી ઑફ ઈંગ્લૅન્ડ'માં, જોવા મળતું મહાન દસ્તાવેજ પર સહીસિક્કા કરતા મહારાજા જ્હોનનું ચિત્ર

આ દસ્તાવેજ ફરી અને ફરી અનેક વાર લખાયો છે અને તેને પ્રાસ્તવિક (પ્રિએમ્બલ) ઉપરાંત ૬૩ કલમોમાં આવરી લેવાયો છે. દસ્તાવેજને સાધારણ રૂપે નવ ભાગમાં વહેંચી લીધો છે. મહારાજા એડવર્ડ પહેલાએ સન ૧૨૯૭માં સહીસિક્કા કરેલો આ દસ્તાવેજ જ હવે લીલામમાં છે. ખાનગી તાબામાં હોય તેવી આ દસ્તાવેજની આ એક માત્ર નકલ હોવાનું જાણવા મળે છે. રોસ પેરટે તેને ૧૯૮૪માં ખરીદ કરેલો અને હવે, ડિસેમ્બર ૨૦૦૭ના અરસામાં, તેનું જાહેર લિલામ થવાનું ગોઠવાયું છે. થોડા વખત પહેલાં, વૉશિંગ્ટન ખાતેના 'નેશનલ આર્કાઈવ્ઝ'(રાષ્ટ્રીય દફતરભંડાર)માં આ દસ્તાવેજ જાહેર પ્રદર્શિત થયો હતો.

•

સુહાના સફર ઔર યેહ મૌસમ હસીં ... ...

થોડા વખત પહેલાં, ન્યૂ યૉર્કમાં, 'ઈન્ડો-અમેરિકન ફિલ્મ ફેસ્ટિવલ' – ભારતીય ફિલ્મ મહોત્સવ મનાવાઈ ગયો. તેમાં આશરે પચાસેક ફિલ્મ દર્શાવાઈ તેવી ગણતરી છે. સંજય લીલા ભણશાલીની નવી ફિલ્મ 'સાંવરિયા'થી આ ઉત્સવની માંડણી કરવામાં આવી હતી. જૂની અને નવી ફિલ્મો અમેરિકાના પૂર્વ કાંઠે વિરાજમાન ભારતીયો અને ભારત પ્રેમીઓને માટે અહીં પેશ થઈ હશે. અહીં આ તરફ, મહાનગર લંડનની મધ્યમાં, લેસ્ટર સ્ક્વેરમાંના એમ્પાયર સિનેમામાં, દિવાળીના સપરમા દિવસે, 'ઓમ શાંતિ ઓમ' ફિલ્મ દર્શકોને સારુ પહેલવહેલી બતાવાતી હતી. વળી, પ્રસંગોચિત પત્રકારપરિષદનું આયોજન થયેલું ને અદાકારો - શાહરુખ ખાન, દીપિકા, અર્જુન રામપાલ તથા શ્રેયાસ તળપદેએ તેમાં ભાગ લીધો હતો.

પરંતુ અહીં તેની ઝાઝેરી વાત કરવી જ નથી. કારણ, અહીં લંડનમાં, નેહરુ કેન્દ્રના માસિકી કાર્યક્રમ અંતર્ગત, બીમલ રોયને સંભારીને તેમની યશકલગી આણનાર ફિલ્મોની પેશગી નવેમ્બર માસમાં થઈ છે. હિન્દી ફિલ્મજગતના બીમલ રોય (જન્મ : ૧૨.૦૭.૧૯૦૯ – મૃત્યુ : ૭ જાન્યુઆરી ૧૯૬૬) એક મુઠ્ઠી ઊંચેરા મહાન દિગ્દર્શક. બીમલદાએ 'દેવદાસ' જેવી શિષ્ટ ફિલ્મ આપણને વારસામાં આપી છે. આથીસ્તો, ભૂતકાળના કોઈ એક ખાસ જમાનામાં ખોવાઈ જવાનું મન છે. કેમ કે નેહરુ કેન્દ્રમાં, 'દો બીઘા ઝમીન', 'સુજાતા', 'મધુમતી', 'બંદિની' જેવી બીજી ઉદ્દાત અને શિષ્ટ ફિલ્મોની નવાજેશ થઈ હતી.

બીમલ રોયની યાત્રા, આરંભથી તે શિખર લગીની, ઉર્ધ્વગતિની રહી છે. કેમેરા સહાયક તરીકે કામનાં મંડાણ એમણે કરેલાં. વળી થોડો વખત, પ્રમથેશચંદ્ર બરૂઆ નામે બીજા મોટા ગજાના દિગ્દર્શકના સહાયક તરીકેની પણ એમણે સેવાઓ આપી હતી. એ ગાળામાં, સન ૧૯૩૫ વેળા, કુન્દનલાલ સહગલની અદાકારીવાળું 'દેવદાસ' તૈયાર થયું. અને પછી તો સ્વતંત્ર ભારતના આરંભકાળમાં સમાન્તર ફિલ્મની બીમલ રોયે પરંપરા સર્જી બતાવી હતી. સલીલ ચૌધરી તેમ જ સચીનદેવ બર્મન જેવા બડામોટા સંગીતકારોનો ય સાથ હતો. હંમેશને માટે ચિરંજીવ બનેલાં એકમેકથી ચડિયાતાં ગીતો એમણે આપણને આપ્યાં છે. મનોરંજનનાં માધ્યમ વાટે અગત્યના સામાજિક સવાલોને એમણે ફિલ્મની પટકથામાં વણી લીધા હતા. વળી, ભાવનાપ્રધાન અને વાસ્તવવાદી ક્ષોભપ્રધાન ફિલ્મોની ગૂંથણી જે રીતે અહીં થઈ હતી એથી માનવીય શક્તિ તથા તેની મર્યાદાઓની ઝાંખી દશ્યકારોમાં ખૂબખૂબ વખણાઈ હતી.

બીમલ રોયની આખ્યાયિકાઓની રજૂઆતથી આ કાર્યક્રમની પેશગી થયેલી. રજૂઆત કરનારા હતા એમના પુત્ર જય રોય. જય રોયે પિતાની ઝાંખીને આલ્હાદક રીતે કચકડે મઢી જાણી. દિલીપ કુમાર, વૈજયંતીમાલા, કામિની કૌશલ, ધર્મેન્દ્ર, સુલોચના અને ગુલઝાર સરીખાં જે અદાકારોએ બીમલદા સાથે કામ કરેલું તેમની પેશગી ઉપરાંત જાવેદ અખ્તર, આશુતોષ ગોવારીકર સાથે ખુદની માતા મનોબીના અને બહેન અપરિજાતાને ય એમણે સાંકળી લીધાં હતાં. એમની જૂની ફિલ્મોની કેટલીક કાતરણીઓને પણ પ્રેક્ષકોને સારુ જય રોયે રજૂ કરી હતી.

પછી વારો આવ્યો 'દો બીઘા ઝમીન'નો. સલીલ ચૌધરીએ લખી કથા હતી. સલીલબાબુનું જ, વળી, સંગીત હતું. અને અદાકારી, અલબત્ત, સદાબહાર બલરાજ સહાની ઉપરાંત નિરૂપમા રોય, રતનકુમાર, જગદીપ, મુરાદની હતી. એ સમાજવાદી સમાજરચનાના એ દિવસો હતા. સમાજિક કથાવસ્તુને કારણે તેમ જ બલરાજ સહાનીની અસરકારક અને ચિરંજીવ અદાકારીને કારણે એ ફિલ્મ મશહૂર બની ગઈ. આજે ય અનેક દિગ્દર્શકો તેને એક આદર્શ ઘટક તરીકે જુએ છે. તત્કાલીન ઈટાલિયન નવ્ય વાસ્તવવાદી આંદોલનની જબ્બર અસર એ ફિલ્મની કથા પર હતી, એમ જાણકારો માને છે. માનશો ? ચીન, રશિયા તેમ જ ગ્રીસમાં પણ આ ફિલ્મે ધૂમ મચાવી જાણી હતી।

હિન્દી સિનેમા જગતની નવ્ય વાસ્તવિક્તા બાબતની ચર્ચા રેડીંગ યુનિવર્સિટીમાં એક વખત અધ્યાપનકામ કરનાર જીમ હીલિયરે કરેલી. જ્યારે 'દો બીઘા ઝમીન'ની ભૂમિકાની સમજાવટ 'હિન્દી પિક્ચર' પેઢીનાં સ્થાપક બેહરોઝ ગાંધીએ આપી હતી.

સુબોધ ઘોષની વાર્તા પરેથી પટકથા લખાયેલી 'સુજાતા'ની રજૂઆત પણ હતી. સચીનદેવ બર્મનનું તેને સંગીત હતું તો નૂતન, સુનીલ દત્ત, લલિતા પવાર શી અદાકારી ય હતી. વકરતા જ્ઞાતિવાદ સામે આ ફિલ્મે બહુંમોટું લોકશિક્ષણનું કામ કરેલું એવો ય અંદાજ છે. બ્રાહ્મણ યુવક અને હરિજન યુવતી વચ્ચેની પ્રેમકથા આ ફિલ્મમાં કેન્દ્રસ્થ હતી.

સન ૧૯૫૮માં ચોમેર ગાજતી 'મધુમતી'ની ય પેશગી થઈ. ઋતિવક ઘટક અને રાજેન્દ્રસિંહ બેદી જેવા દરેક જમાનાના મોટા વાર્તાકારોની કથા પર આધારિત એ ફિલ્મ માટે વિખ્યાત કવિ શૈલેન્દ્રનાં ગીતો હતાં અને શલીલ ચૌધરીનું સંગીત હતું. દિલીપ કુમાર, વૈજયંતીમાલા તથા જહોની વૉકરની યાદગાર અદાકારી ય હતી. પુનર્જન્મની વાતને આ ફિલ્મમાં ગૂંથવામાં આવી છે. બીમલ રોયની બીજી ફિલ્મોની પેઠે આ પણ વ્યાપારી ધોરણની મહાન ફિલ્મ પુરવાર થઈ હતી.

છેવટે, ૧૯૬૩માં બની 'બંદિની'ની પેશગી થઈ. જરાસંધની મૂળ વાર્તા પર આધારિત આ ફિલ્મની પટકથા નબેન્દ ઘોષે લખી હતી. જ્યારે સંગીત નિર્દેશન સ્વાભાવિકપણે સચીનદેવ બર્મનનું હતું. નૂતન, અશોક કુમાર, ધર્મેન્દ્રની અહીં મુખ્ય અદાકારી છે. બે પુરુષ પ્રત્યેના પ્રેમ વચ્ચે ભીંસાતી એક ભારતીય નારીની આ કથા છે. પ્રેમ, ધિક્કાર તેમ જ મનમાં ચાલતા કુરુક્ષેત્રની ભીંસને અહીં સરસ રીતે કચકડે મઢી લેવામાં આવ્યાં છે. બીમલ રોયની આ સર્વોત્તમ અને પૂર્ણ ફિલ્મ હોવાનું વિવેચકોએ એકી અવાજે કહ્યું છે.

આ બીમલ રોય મહોત્સવ સંદર્ભે, નસરીન મુન્ની કબીર તથા જય રોયની ઉપસ્થિતિમાં એક પ્રશ્નોત્તરીનો ભાતીગળ કાર્યક્રમ પણ પેશ થયો હતો.

'બંદિની'નું પેલું જાણીતું ગીત છે ને, મૂકેશનો કંઠ અને સચીનદેવ બર્મનનું સંગીત : *'ઓ જાનેવાલે હો સકે તો લૌટ કે આના ... '*. વારુ, આટઆટલાં વરસે પણ, હજુ ય બીમલ રોયને એમ જ, એ જ લહેકામાં, કહેવાનું મન થાય છે.

પાનબીડું :

सरफ़राज़ी उसको होवे ज़फ़र
आपको सब का ख़ाक-ए-पा जाने

- बहादुरशाह ज़फ़र

પાનખરના તડકાનો ઉજાશ

મધ્ય ગુજરાતમાં, મહીની કોતરો ઉપર, જાણે કે, પોરો ખાવા ઊભેલું એક ગામ છે, - નામે વાસદ. આ વાસદ ગામના એક સપૂતે મુંબઈના પગથારે કર્મઠ બની, વાયા મબાલે (યુગાન્ડા), એક મોટી ખેપ ભરી છે અને, વરસોથી, હવે, લંડન સ્થાયી થયા છે. નામ તેમનું કાન્તિભાઈ બાબરભાઈ પટેલ; પરંતુ બીજા અનેક પાટીદારોની જેમ એકાક્ષરે તે ય ચોમેર 'કે.બી.'ને નામે ઓળખાય. ગુજરાતી વસાહતના આદર્શ, દૂરંદેશ, વ્યવહારુ આગેવાન તરીકેના વિવિધ ગુણોના તે ભંડારી પણ છે. અને તેમની આગેવાની આઝાદ યુગાન્ડામાં તેમ જ અહીં વિલાયતમાં ફૂલીફાલી છે. જોતજોતામાં ત્રણ ત્રણ દાયકાઓ જેવડો એમનો સભર સભર પરિચય. આજ લગી એમના ભણીનો હૂંફાળો આદરભાવ એવો ને એવો સમથળ વહ્યા કર્યો છે.

મિત્ર જયન્ત પંડ્યાએ, "ઓપિનિયન"ના નવેમ્બર ૨૦૦૦ના અંકમાં, લખ્યું છે, તેમ : 'કે.બી.ના ચહેરા ઉપર ચરોતરના પાટીદારની ખુમારી અને ધરતીની સમુદારતા હૈયે પડેલી છે. એમના નરવા અવાજને પોતાની વાત સોંસરવી કહેવાની ફાવટ છે. ગુજરાતી અને અંગ્રેજી બન્ને ભાષામાં લોચવાયા વિના કે.બી. તેમની વાત કહી શકે છે એનો પરિચય એન.સી.જી.ઓ.ની સામાન્ય સભામાં થયો હતો. ... '

'ફેડરેશન ઑવ્ પાટીદાર એસોસિયેશને', તાજેતરમાં, સંસ્થાના આ ભૂતપૂર્વ પ્રમુખનું ને તેમના સાંપ્રત આ એક ટ્રસ્ટીનું ગરિમાબદ્ધ જાહેર બહુમાન કર્યું. એ અવસરે આ ગરવા અને નરવા ગુજરાતી સાથેના અનેક સંસ્મરણોની પોઠ આંખ સામેથી પસાર થતી અનુભવતો રહ્યો. યુગાન્ડાના મુખ્ય પ્રવાહના રાજકારણના એક અવ્વલ ખેલંદા, તે મુલકના તત્કાલીન શાસક મિલ્ટન ઓબોટેના એક નિજી વિશ્વાસુ સાથી - સલાહકારથી માંડી, વિલાયતની 'નેશનલ કૉંગ્રેસ ઑવ્ ગુજરાતી ઑર્ગનાઈઝેશન્સ'ના સ્થાપક પ્રમુખ સહિતની એમની સરસ, સફળ, સફર નજર સમક્ષ તરવરવા લાગી.

છ માર્ચ ૧૯૨૬ના જન્મેલા, આશરે ૮૨ ચોમાસાંઓ ભાળનાર, આ ગુજરાતી વીરપુરુષનું બાળપણ ગાંધી - પટેલની છાયામાં વિત્યું. એમનો મનખાદેહ આઝાદીની લડતમાં સ્વાભાવિક ઓતપ્રોત થયો છે. વાસદમાં પ્રાથમિક શિક્ષણ મેળવી વડોદરામાં માધ્યમિક શિક્ષણ તેમણે લીધું અને અમદાવાદની એચ. એલ. કૉલેજ ઑવ્ કૉમર્સમાંથી ડિગ્રી મેળવી તેમણે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થઈ મુંબઈમાં થાણું નાંખ્યું. ૪ મે ૧૯૪૭માં કમળાબહેને તેમની સાથે ઘરસંસાર બાંધ્યો. બીજી પાસ, ૧૫ ઑગસ્ટ ૧૯૫૩થી જાનેવારી ૧૯૫૬ સુધી, 'કે.બી. પટેલ એન્ડ કંપની'નું પાટિયું મુંબઈના કોટ વિસ્તારમાં વાંચવા મળતું. અને પછી, જયન્તભાઈ લખે છે તેમ, 'કે.બી.નો જીવ નવી ક્ષિતિજો, વધારે ઉજ્જવળ કારકિર્દી અને તેને અનુરૂપ જીવનની શોધમાં નીકળ્યો અને જઈ ઠર્યો યુગાન્ડાના મબાલે શહેરમાં.'

કાન્તિ કકોન્ગેની વફાદારી !

એ દિવસોમાં, 'યુગાન્ડા પિપલ્સ કૉંગ્રેસ'ના નેતા મિલ્ટન ઑબોટે અને મહામંત્રીનું નામ જ્હોન કકોન્ગે. જ્યારે પક્ષના ઉત્તર વિસ્તારના મંત્રીપદનો હવાલો આપણા આ કાન્તિભાઈ પટેલને શિરે. કાન્તિભાઈની પક્ષ માટેની નિષ્ઠા તેમ જ કાર્યકારિણી એટલી સોજ્જી કે પરિચિતો તેમને 'કાન્તિ કકોન્ગે' તરીકે જ બોલાવતા થયેલા. અરે, ઓબોટે સુદ્ધા પણ તેમને 'કાન્તિ કકોન્ગે' પુકારીને ક્યારેક બોલાવતા થયેલા !

એક અરસામાં, આઝાદ આફ્રિકાના ચાર ઊંચેરા રાષ્ટ્રપ્રમુખોની એક બેઠક ઓબોટેએ યુગાન્ડામાં બોલાવેલી અને આ મિલન, સોટકે, કાન્તિભાઈના ગામ મ્બાલેમાં મળી રહ્યું હતું. રહેઠાણ, ગોઠવણીની વ્યવસ્થાનો સમૂળો ભાર કાન્તિભાઈ પટેલ પર હતો.

આ વેળા, યુગાન્ડાના મિલ્ટન ઑબોટે, કેન્યાના જોમો કેન્યાટા, ટાન્ઝાનિયાના જુલિયસ ન્યરેરે તેમ જ ઝામ્બિયાના કેન્નેથ કાઉન્ડા એક સાંજે ગપાટા મારવા બેઠા હતા. તેવાકમાં, કાન્તિભાઈ કંઈક આઘાપાછા થતા હશે અને તેમને જોઈને મિલ્ટન ઑબોટેએ તેમને બોલાવ્યા.

વડાઓની અંગત બેઠકમાં આ રીતે બોલાવવા બાબત કાન્તિભાઈને થોડુંક અચરજ થયું. પણ તે ઝાઝું ટક્યું નહીં. ઑબોટે લાગલા બોલ્યા : 'કાન્તિ, આવો, હું આ ત્રણેયને તમારો પરિચય આપવા માગું છું.'

મહેમાનોને ઉદ્દેશીને પછી ઑબેટે કહે : આ કાન્તિ પટેલ. તે પક્ષને તેમ જ મને ઘણા વફાદાર માણસ છે.

લાગલા કાન્તિભાઈ ટંકાર કર્યો : ના, ખોટી વાત. હું ઑબોટેને તથા પક્ષને વફાદાર નથી !

– સાંભળી, ઑબેટેને અચરજ થયું. તેમણે પૂછ્યું તો જવાબ મળ્યો : સાહેબો, હું જ ખુદ 'યુગાન્ડા પિપલ્સ કૉંગ્રેસ' છું. પછી વફાદારીનો સવાલ જ ક્યાં છે ?

એ સાંભળી ઓબોટે અને તેમના ત્રણેય મહેમાનો ગેલમાં આવી ગયા. જોમો કેન્યાટાએ તો, વળી, કાન્તિભાઈને બાજુમાં બોલાવીને તેમની પડખે બેસાડી લીધા.

જયન્ત પંડ્યાએ બહુ સરસ રીતે લખ્યું છે : 'મબાલેના વસવાટનાં શરૂઆતનાં વર્ષો કે.બી.એ ગ્રાહકો સાથે સંબંધો વિકસાવવામાં ખર્ચેલાં.

પરિણામે ૧૯૫૬થી નવેમ્બર ૧૯૭૨ સુધીના ગાળામાં, આફ્રિકાના આ મુલકનાં બધાં સહકારી સંગઠનો એમની ગ્રાહકોની યાદીમાં દાખલ થઈ ગયાં હતાં. આ બધાં વર્ષો દરમિયાન સારાં કામોને સાથ આપવો અને કોઈ પદ માટે ઝાવાં ન નાખવાં એવું વલણ મૂળથી કે.બી.એ રાખેલું. પરિણામે સુદૃઢ એવી પ્રતિષ્ઠા તેમને ખાતે જમા થયેલી.'

મિલ્ટન ઓબોટેએ 'યુગાન્ડા પિપલ્સ કૉંગ્રેસ'ની રચના કરેલી. ૧૯૫૮ પછી, કાન્તિભાઈ પટેલ તેમાં સક્રિય બની ગયા અને પોતાના વિસ્તારમાં આપબળે જાજરમાન 'કિંગ મેકર' બની ગયા. અન્યત્ર બન્યું છે તેમ, વરસો કેડે, ઓબોટે બદલાતા ગયા અને આપણા આ કાન્તિભાઈ પટેલ પણ, તેથીસ્તો ઓબોટેથી દૂર થતા રહ્યા. જયન્તભાઈએ નોંધ્યું છે તેમ, 'ઈતિહાસ કહે છે કે ઓબોટે પાસેથી એના જ સેનાપતિ ઈદી અમીને સત્તા આંચકી લીધી. એક સરમુખત્યારને માથે સવાઈ સરમુખત્યાર ચડી બેઠો. શરૂ શરૂમાં તો ઈદી અમીને પણ ભારતવાસીઓની તરફદારી કરવાનું વલણ બતાવ્યું. પછી એ મહાશય લિબિયા ગયા અને ત્યાંથી ભૂત લઈને આવ્યા કે પહેલા યહૂદીઓને કાઢો. હાંકી કાઢવામાં આવેલા યહૂદીઓ કેન્યાની સીમમાં જઈને લાંગર્યા. પછી વારો આવ્યો એશિયનોનો. ઈદી અમીનની બર્બરતાને કારણે લગભગ બધાં જ ગુજરાતીઓ(અલબત્ત, હિંદીઓ, એશિયાઈઓ) ધંધો રોજગાર અને ઘરબાર મૂકીને પહેરેલાં લૂગડે જ્યાં જવાય ત્યાં જવા નીકળી પડયાં. એ કરુણ કથનીમાં યુગાન્ડાના કલંકની કથા પણ પડેલી છે.'

કમળાબહેન અને કાન્તિભાઈ બા. પટેલ

પછીની કથા રોચક છે. કે.બી. તરાનામાં આગળ સંગીતના સૂર રેલે છે. સાંભળીએ : ૧૯૭૨માં કે.બી. મબાલે છોડીને વાસદ ગયા. વાસદ આવ્યા પછી વડોદરામાં ચાર વર્ષ ફાઈનાન્સ ડિરેક્ટર તરીકે કામ કર્યું. પોતાની સ્વતંત્ર પ્રેક્ટિસ પણ કરી જોઈ. પણ મન કૉળી ન શક્યું. સરકારી અધિકારીઓને લાંચ, ખોટા ઑર્ડરો જેવા વ્યવસાયી રવૈયાને જોઈને મન ઊઠી ગયું અને તેમણે સ્વેચ્છાએ દેશવટો લીધો ! ... 'ગુજરાત શાયનીંગ'નો જ એક વરવો દાખલો ને ! ... વારુ, ૧૯૭૯માં આ મહાશય બ્રિટનમાં ઠરીઠામ થાય છે અને અહીં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની કામગીરી તેમણે શરૂ કરી. કેટલોક સમય થયો હશે તેને, હવે, કેમ કે તેમણે તે ય પથારો વીંટી લીધો છે અને ભારત, વિલાયત અને અમેરિકા વચ્ચે, કમળાબહેનનાં રાજકાજમાં, સંતાનો સમેત સુપેરે નિવૃત્તિજીવન ગાળે છે. જયન્ત પંડ્યાના શબ્દોમાં વાત કરીએ તો તેમણે અહીં પણ 'ગ્રાહકો સાથે સંબંધો વિકસાવવામાં' શક્તિસામર્થ્ય ખર્ચી જાણેલાં. એ સઘળું આ કિનારે ય ઊગી નીકળ્યું છે. તેમણે વિલાયતમાં ય ચોમેર સરસ મજેદાર નાઘેર શી વાડી ઊભી કીધી છે.

વિલાયતમાં, ગુજરાતી વસાહતની આર્થિક અને રાજકીય તાકાત નીખરે તે સારુ તેમણે 'એન.સી.જી.ઓ.'માં સક્રિય મથામણ કરી જોઈ. તેમની સંગાથે દૂરથી, નજીકથી કામ કરતાં કરતાં તેનાં અનેક દાખલાઓ અને અનુભવો ગરથે બંધાયેલા પડ્યા છે. 'યેન કેન પ્રકારેણ' પોતાનું તરભાણું ભરવા ઈચ્છતા એક સંપાદકજીની વધારે પડતી દરમિયાનગીરીએ, આ સંસ્થા પણ ભારે નબળી થઈ ગઈ. ગઈ કાલના જિગરજાન મિત્રો, અહીં પણ જાણે કે દુઃશ્મન બની બેઠા ! ... આપણા યુગના એક ઋષિપુરુષ, નાનાભાઈ ભટ્ટે, એકદા, કહેલું તે, આથીસ્તો, આ માલિક-તંત્રીને ય સાદર કરીએ : 'જે આદમી બીજાના મનનાં ઊંડાણ શોધવા નીકળે તેણે પહેલાં પોતાના મનનું તળિયું તપાસવું અને પોતે પોતાના મનના ઘણા વહેમોથી છૂટા થવું. આપણે બીજાના માનસનું અવલોકન કરવા નીકળીએ છીએ ત્યારે આપણા પોતાના મનની અપૂર્ણતાઓ એ અવલોકનોમાં આવ્યા વગર રહેતી નથી જ. તેથી જે માણસે સૌથી પહેલું પોતાના માનસનું યથાર્થ નિરીક્ષણ કરી લીધું હોય તે જ માણસને બીજાના માનસનું નિરીક્ષણ કરવાનો અધિકાર છે.'

ખેર ! ... એ વચ્ચે, છતાં, કાન્તિભાઈ બી. પટેલનું વ્યક્તિત્વ ખરડાયું નથી. તેમણે પોતાનાં વિવેક અને સુશીલ સૌજન્યતાથી જાતને તેમ જ તેમનાં જાહેર જીવનનાં વિધવિધ કામોને ઉજમાળી જાણ્યાં છે. આજે ય તે પાનખરના તડકાનો હૂંફાળો પ્રકાશ ચોમેર પાથરી રહ્યા છે.

પાનબીડું :

जो तूफानों में पलते जा रहे हैं
वही दुनिया बदलते जा रहे हैं

- જિગર મુરાદાબાદી

•

દિશા વિનાની દશાની દડમજલ !

શાહબુદ્દીન રાઠોડનો પ્રેમમાં નિષ્ફળ ગયેલો ભત્રીજો, 'આ ધરતી ધ્રૂજી કેમ નથી ઊઠતી ?' પૂછે છે ત્યારે આપણા આ દર્શક હાસ્યકાર કહે છે, 'ધરતી એમ ન ધ્રૂજે, ભૂગોળમાં બતાવેલ કારણો મૂજબ ધ્રૂજે.'

આપણી જબાનના એક આદરમાન વિચારશીલ કેળવણીકાર વિદ્યુત જોશીનો, થોડા વખત પહેલાં, 'ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે હજી ભાંખોડિયા' લેખ વાંચેલો, એમાંથી આ અવતરણ ટાંકતાં ટાંકતાં ગુજરાતની, ભારતની યુનિવર્સિટીઓની દિશા વિનાની દશાની દડમજલની ઝાંખી અહીં કરવાનો આશય છત્તો કરી લઈએ.

અમારા આ દેશમાંથી, પ્રગટ થતું "ધ ટાઈમ્સ હાયર એજ્યુકેશન સપ્લિમેન્ટ" જગતનું એક જાજરમાન સામયિક લેખાય છે. 'ક્વૉકોરેલી સિમન્ડ્સ' નામક આંતરરાષ્ટ્રીય શિક્ષણ અને વ્યવસાયી વિકાસ જૂથના સહકારમાં, આ સામયિક યુનિવર્સિટીઓ બાબત, છેલ્લાં ચાર વરસથી, જાગતિક સ્તરની એક મોજણી બહાર પાડતું આવ્યું છે. જગતની ખ્યાતનામ ૨૦૦ યુનિવર્સિટીઓની તારવણીને આધારે તેમણે વધુ એક યાદી તૈયાર કરી છે. આ વખતની યાદી પરે ચીનની છ યુનિવર્સિટીઓને લેવામાં આવી છે. ચીન ઉપરાંત એશિયા ખંડમાંથી, જપાન, સિંગાપોર, હૉંગકૉંગ, તાઈવાન અને દક્ષિણ કોરિયાની યુનિવર્સિટીઓને સ્થાન મળ્યું છે. યુનાઈટેડ સ્ટેટ્સની હાવર્ડ યુનિવર્સિટીઓ ક્રમાંક પૂર્વવત્ પહેલો રહ્યો છે. એ પછી બ્રિટનની કેમ્બ્રિજ તથા ઑક્સફર્ડ યુનિવર્સિટીઓનું સ્થાન આવે છે. આ યાદી પર ભારતની એક પણ યુનિવર્સિટીને સ્થાનમાન નથી. હા, તેમ છતાં, દિલ્હી તથા મુંબઈની 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ ટેકનોલોજી'નાં નામોલ્લેખો જ ફક્ત જોવા મળે છે.

આવું કેમ ? ... ગઈ સાલની યાદી પર, 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ ટેકનોલોજી' (આઈ.આઈ.ટી.), 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ મેનેજમેન્ટ' (આઈ.આઈ.એમ.) તેમ જ જવાહરલાહ નેહરુ યુનિવર્સિટીનાં નામસ્થાન આવી બસ્સોની યાદી પરે હતાં. જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી યુનિવર્સિટીનું સ્થાન ૨૦૦૫ વેળા ૧૯૨મું હતું તે ૨૦૦૬માં ૧૮૩મું બનેલું. પરંતુ આ સાલ સરિયામ ગેરહાજરી તેના કપાળે ચોંટી બેઠી છે. ૨૦૦૫ દરમિયાન આઈ.આઈ.એમ.નો આંક ૮૪મો હતો અને ૨૦૦૬માં ૬૮મો. જ્યારે આઈ.આઈ.ટીનો આંક ૨૦૦૫માં ૫૦મો હતો તે ૨૦૦૬માં ૫૭મો થઈ બેઠો હતો. અને તેમ છતાં, વાચક દોસ્ત, ૨૦૦૭માં તે બંનેની પણ ગેરહાજરી થોપાઈ છે. ... મહાભારત સવાલ, આથીસ્તો, ખડો જ છે – આવું, ભલા, કેમ થયું હોય ? આ ત્રણેયની આ પડતીનાં શાં કારણો હશે ? માનવસંશાધન વિભાગ પાસે કોઈક જવાબ હોવા જ જોઈએ. ... ખેર !

વિદ્યુતભાઈએ એ લેખમાં લખ્યું છે તે વાંચવા સમ છે. એ લખે છે : 'ભારતીય ઉચ્ચ શિક્ષણવ્યવસ્થા માટે તથા તેના ધૂરાવાહકો માટે આ વાત આંચકા સમાન છે. અત્યાર સુધી આપણે એવું માનતા-મનાવતા આવ્યા છીએ કે જગતના શ્રેષ્ઠ શિક્ષકો અને શ્રેષ્ઠ શિક્ષણસંસ્થાઓ આપણે ત્યાં છે તો આવી યાદીઓમાં આપણી સંસ્થાઓ કેમ નથી આવતી ? નાલંદા, તક્ષશીલા અને વલ્લભીની દુહાઈ દઈને વાત કરનારા, અનેક આશ્રમી ગાંધીવાદી સંસ્થાઓ અનન્ય છે તેવું કહેનારાં કે ફાઈવ સ્ટાર સગવડો ભોગવતી સંસ્થાઓના પોતાને શ્રેષ્ઠ વિજ્ઞાનીઓ કહેનારા પાસે આ પ્રશ્નનો જવાબ છે ?' અને પછી એ આગળ વધે છે : 'ગુણવત્તાનો પ્રશ્ન સાપેક્ષ છે અને સંકુલ છે. સાપેક્ષ એટલા માટે કે શિક્ષણસંસ્થા વ્યાપક સમાજવ્યવસ્થાનો એક ભાગ છે. પરંપરાગત સમાજ કે જ્યાં સંપ્રદાયો અને જ્ઞાતિઓના નિયમોથી આજે પણ લોકોનાં વર્તનનું સંચાલન થાય છે તેવા સમાજમાં શ્રેષ્ઠ ભૌતિક સગવડો આપવા છતાં ગુણવત્તાનું સર્જન થતું નથી.'

જ્ઞાનના સર્જન માટે શિક્ષકનું મન સંપ્રદાય, જ્ઞાતિ, પ્રદેશ, ગામ - શહેર વગેરેની વાડાબંધીથી મુક્ત હોવું જોઈએ. યુરોપમાં નવજાગૃતિ આવ્યા પછીથી સમાજ પર ધર્મની, પ્રજાતિ(રેસ)ની તથા સામંતી પરિબળોની અસર ઓછી થઈ. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં વિજ્ઞાન અને વિકાસનાં જ્ઞાનની ચર્ચાનો સમય કે માનસિકતા રહેતા નથી. વિદ્યુતભાઈની આ દલીલ હવે આગળ વધે છે : 'યુનિવર્સિટીઓ ખુદ કર્મકાંડોમાં સપડાઈ ગઈ છે. કોઈ એક વિષય પર પરિસંવાદ હોય તો પ્રાર્થના, દીપ પ્રાગટ્ય, શબ્દસ્વાગત, પુષ્પસ્વાગત, સ્મૃતિચિહ્નથી સ્વાગત, ઉદ્દઘાટન પ્રવચન, વીડિયોગ્રાફી વગેરે કર્મકાંડો સમગ્ર પરિસંવાદને ગ્રસી લે છે. પછી જે વિષય પર પરિસંવાદ હોય તેનાં જ્ઞાનની ચર્ચાનો સમય કે માનસિકતા રહેતા નથી. આવું જ વર્ગશિક્ષણમાં થાય છે.'

આવું આવું આપણી ઘણી ઘણી સંસ્થાઓમાં પેઠું છે અને આવાં કર્મકાંડોના અતિરેક વચ્ચે અનેક પ્રકારનાં ધોવાણ થતાં અનુભવાતા રહે છે. આને મહારોગ લેખવો જ પડે અને તેને સારુ ઓસડવેસડ કરવાં જરૂરી છે. મૂળમાં, શિક્ષણવ્યવસ્થાનાં ત્રણ વાનાંઓ - સંશોધન, શિક્ષણ અને વિસ્તરણ છે. તે ક્ષેત્રે આપણે કેટલા કામયાબ રહ્યા છીએ ? – આંતરમુખ થઈને નિરીક્ષણ કરવું રહ્યું.

ગુજરાતીઓને લાગવળગે છે તેવી મુંબઈ યુનિવર્સિટી, કલકત્તા યુનિવર્સિટી, મદ્રાસ યુનિવર્સિટી, દિલ્હી યુનિવર્સિટી તેમ જ ગુજરાતની દરેક યુનિવર્સિટીને આપણે આ માપદંડમાં તોળી શકીએ તો પરિણામ શાં આવે ? ભારત સ્તરની પહેલી હરોળની યુનિવર્સિટીઓમાં, ભલા, ગુજરાતની કેટલી યુનિવર્સિટીએ બેસશે ? કઈ બેસશે ? જવાબ ઢૂંઢવા અઘરા છે જ નહીં. દાયકાઓ પહેલાં નિવડેલા કેળવણીકારો આપણી યુનિવર્સિટીઓના ઉપકુલપતિઓ તરીકે નિયુક્ત થતાં. આજે ? છેલ્લાં કેટલા બધા સમયથી કેળવણીની જગ્યાએ રાજકારણે સ્થાન જમાવ્યું છે. શાસનમાં જેનું તેનું શાસન હોય તેના મળતિયાઓ ઉપ-કુલપતિઓ તરીકે આવે છે. એમાં યુનિવર્સિટીઓનું ધોવાણ થાય છે અને સંશોધન, શિક્ષણ અને વિસ્તરણને ભારે માઠી અસર પહોંચતી જોવા મળે છે.

આપણી વચ્ચે ધીરુભાઈ ઠાકર, દાઉદભાઈ ઘાંચી, વિદ્યુત જોશી, ઘનશ્યામ શાહ, ઉષા ઠક્કર, ધવલ મહેતા, અરુણ દવે, ત્રિદીપ સુહૃદ જેવાં જેવાં કેટલાંક નકરાં કેળવણીકારો હોય અને અને તેમનાં જેવાંને ઉપકુલપતિપદે બેસાડવામાં આવે તો જ કાંઈક દી વળે એમ છે.

મેઘનાદ દેસાઈ સરીખા કેળવણીકાર, અર્થશાસ્ત્રી તેમ જ વિચારપુરુષ ગુજરાતનું સંતાન છે, અને છતાં, તેમના વડપણ હેઠળ, કોલકત્તામાં શૈક્ષણિક સંકુલ બનાવવાનું વિચારાય, તેને આપણે શું કહીશું ? ગુજરાતનું વાતાવરણ અને શૈક્ષણિક પરિસ્થિતિની પણ કોઈક જવાબદારી હશે ને ! ... ક્યાંક આપણે અંદર ઝાંખીને તરતપાસ કરવાની જરૂર છે. બહુ જ ઝડપે આપણી ઉચ્ચ વિદ્યાશાખાઓને ઊંચે ઊઠાવી લેવાની હવે તાતી જરૂર છે. આજના જાગતિક બજારવાળી દુનિયામાં આપણું યુવાધન મગરૂરીથી પોતાનાં વહાણ હંકારી શકે એમ કરવાની તાતી આવશ્યકતા છે.

●

દાદા કેરી દીકરીઓ એટલે સાપના જ ભારા ?!?

ઈતિહાસવિદ્દ મંગુભાઈ પટેલ વાટે ચક્ષુભોગ થયેલા, બાજખેડાવાળ સર્વસંગ્રહમાં, 'ચાર ચકલીઓ' નામે એક લોકગીત આમેજ છે. તેનો પહેલો અંતરો કંઈક આવો છે :

અમે ચાર ચકલીઓ,

અમે દાદા કેરી દીકરીઓ,

અમે ચાર ચકલીઓ,

કોઈ કહે, એ પેટ પથ્થરા,

કોઈ કહે, અમે સાપના ભારા,

એવા ન દોષ અમને દેજો રે ... ... અમે ચાર ચકલીઓ.

આ 'પેટ પથ્થરા'; આ 'સાપના ભારા' – શા શબ્દપ્રયોગો આવ્યા ક્યાંથી ? 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ' મુજબ, પેટ પથ્થરો પડવો એટલે પેટ પહાણ પડવો યાને કે સંતાન ખરાબ કે પરાક્રમહીન પાકવું; છોડી જન્મવી. સાપનો ભારો એટલે ઘણી જોખમકારક કે સંભાળવાની વસ્તુ (જેમ કે, કન્યા, વિધવા, ઈ.).

સામાજિક શિક્ષણ વધ્યું હોય, આર્થિક સંપત્તિ વિકસી હોય, કાયદોકાનૂન જડબેસલાક હોય ત્યારે પણ આપણી દીકરીઓ હજુ ય પેટ પથ્થરો લેખાય ? નારી સમાજનાં સભ્યો સાપનો ભારો ગણાય ? આ કઈ જાતનું માનસ ? ન સમજાય, છતાં, વાસ્તવિકતાને આંચકો આપી જાય તેવો એક હેવાલ તાજેતરમાં અહીં ચમક્યો છે.

બ્રિટન જેવા પ્રગતિશીલ પશ્ચિમી મુલકમાં, ભ્રૂણહત્યા આચરાતી હોવાની વાત કોઈક કરે તો તે પહેલી નજરે ગળે ઉતરી જ ન શકે. અને છતાં, 'બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોરપોરેશ'ના નેટવર્ક ડિજિટલ રેડિયોએ, આ મહિનાના આરંભે, આવી મતલબનો એક હેવાલ પ્રસારિત કરીને દેશને આંચકો આપ્યો છે. મુખ્ય પ્રવાહના જગવિખ્યાત દૈનિક, "ધ ટાઈમ્સ"માં તેની વાત પ્રગટ થઈ અને ભારતમાં પણ પછી ઠેરઠેર તેની વાત પ્રસારિત થઈ. આ તો કાચો ગર્ભ ત્યાગ કરવાની વાત છે; અને વળી, આવી આવી ભ્રૂણહત્યા આપણા સંસ્કારમાં 'મહાપાપ' લેખાતી આવી છે.

૧૯૯૦ અને ૨૦૦૫ વચ્ચેના પંદર વરસો દરમિયાન, ભારતીય નસ્સલની મહિલાઓને નામે ઈંગ્લૅન્ડ તથા વેલ્સમાં, પંદરસો જેટલી દીકરીઓ ઓછી જન્મી હતી, તેમ સંશોધકોનું માનવું છે. જન્મ નોંધણી માટેના આંકડાઓમાં દર દસે એક છોકરીની 'ગેરહાજરી' જાહેર થતી હતી. પુત્ર જન્મની માગણીને કારણે કેટલીક સગર્ભાઓને ભારત જઈ વણજોતી દીકરીના ગર્ભને ત્યાગવાની પ્રક્રિયા માંડતી થઈ છે, તેની વાત આમાં કેન્દ્રસ્થ બની છે.

બ્રિટનમાં જન્મી, ઉછરી, મોટી થઈ થઈ ત્રણ ત્રણ દીકરીઓની એક ભારતીય માતા સાથેની એક મુલાકાતને અહીં આમેજ કરવામાં આવી હતી. અહીંના કોઈક દફ્તરમાં સફેદપોષ કામ કરતી, ત્રીસેક વરસની આ બાનુ કહેતી કે ગઈ સાલ ભારત જઈ ઈરાદાપૂર્વક તેણે ગર્ભપાત કરાવ્યો હતો. દિલ્હીમાં આવા ગાયનેકોલોજિસ્ટ્સની કોઈ ખોટ નથી, તેમ તે કહેતી હતી. તે કહે : 'મેં અને મારા ધણીએ વિચારી લીધું કે ભારત જઈને વધુ એક દીકરીના ગર્ભને પાડી નંખાવવો જોઈએ. અમને બન્નેને વધુ એક દીકરીનો ભાર ભારે લાગશે એવી દહેશત હતી. તેથી અમારી સામે બીજો કોઈ માર્ગ રહ્યો નહોતો.'

આ બાનુ કહેતી રહી, મારી નણંદે છોકરાનો જન્મ આપ્યો તે પછી મારા પર પણ દીકરો જણવા માટેનું ભારે દબાણ આવતું મેં અનુભવ્યું છે. આવાં દબાણોનો સામનો સમાજમાં બીજી કેટલીક બાઈઓને સહેવો પડ્યો છે તેના અનેક દાખલાઓ પણ મેં જાણ્યા છે.

કુટુંબ જ એકલું આવા દબાણને માટે જવાબદાર નથી. પરિચિતો, સમાજ પણ તેમાં સામેલ છે, તેવો તેનો દાવો હતો.

ઑક્સફર્ડ યુનિવર્સિટી સાથે સંકળાયેલાં વસ્તી સંબંધક એક તજજ્ઞ, સિલવી ડુબકના કહેવા મુજબ, અમુકતમુક ગાળા દરમિયાન, આસાધારણ રીતે છોકરાઓના જન્મ અંગેનો મોટો આંક જોવા મળતો હતો અને છોકરીઓ બાબતનો આંકડો બહુ જ ઓછો હતો. અને આથી, અમે આ સંશોધન હાથ ધર્યું અને પછી આખરી તબક્કે આ તારણ પર અમે આવ્યાં છીએ. બી.બી.સી.એ તો વળી, એક ગર્ભવતી બાઈના છદ્મવેષી રૂપમાં એક પત્રકારને દિલ્હી મોકલીને ત્યાં તરતપાસ હાથ ધરી હતી, તેમ જાણવા મળ્યું છે.

ધાર્મિક તેમ જ સામાજિક રીતરિવાજોને કારણે આવી પરિસ્થિતિ ભારતમાં અને હવે અહીંના ભારતીય વસાહતમાં જોવા સાંપડે છે તેવો મત આ સંશોધકોનો ય હતો. 'બ્રિટિશ એસોસિયેશન ઑવ્ ફિઝિશિયન્સ ઑવ્ ઇન્ડિયન ઓરિજીન'ના પ્રમુખ રમેશ મહેતાના કહેવા મુજબ બ્રિટનમાં પણ હવે આ પરિસ્થિતિનો ચાલ અસ્તિત્વમાં હોવાની સાખ સાંપડે છે. જો કે આ ઘટનાથી તેમણે ખૂબ આઘાત પણ પ્રદર્શિત કર્યો હતો.

આ ભારતીય મહિલાઓની મોજણીમાં, ગુજરાતીઓ સામેલ હશે ? પરિસ્થિતિનો ક્યાસ કાઢવો બહુધા સહેલો નથી. પરંતુ, આ દેશના વિવિધ સત્તાવાળાઓના સહકારમાં, આપણી નાનાવિધ અને મોટા વિધ સંસ્થાઓએ આ મુદ્દે લોકક્ષિણનાં કામોનું આદરણ કરવું જ રહ્યું. જરૂરિયાત અનુસાર આપણી નાનીમોટી ધાર્મિક સંસ્થાઓ તેમ જ ભારતથી આવ્યા કરતા સંતો, મહંતો, કથાકારો, મૌલવીઓ, મુલ્લાઓ, ગુરુઓને પણ તેને સારુ તૈયાર કરવા જ પડે. આપણા શાસ્ત્રોમાંથી દૃષ્ટાન્તો તારવીને, મેળવીને પણ વાતાવરણ તૈયાર કરવાનું કામ હાથ ધરવું રહ્યું. આ સીધાં ચઢાણ છે, કપરાં અને અઘરાં પણ છે. પણ કર્યા વિના ચાલવાનું નથી. આ એકવીસમી સદીમાં, આ આધુનિક સમયમાં, આ સામન્તશાહી, રૂઢિવાદી વિચારધારાને જીતવા દેવાય જ નહીં. દીકરા અને દીકરી બંનેની સમાનતા સ્વીકારાવી જ જોઈશે. દાદા કેરી દીકરીઓને માથે કોઈ પણ દોષારોપણ થોપી શકાશે જ નહીં.

પાનબીડું :

ઈક ન ઈક શમ્મા અંધેરે મેં જલાયે રખિયે
સુબહ હોને કો હૈ માહૌલ બનાયે રખિયે

- સૌદા

રાજા રવિ વર્માની વિરાસત

અંગ્રેજ અધિકારીઓ અને હિંદવી અધિકારીઓ વચ્ચેની એક મુલાકાત બાબતનાં એક ઐતિહાસિક ચિત્રનું, અબીહાલ, અહીં લંડનમાં £૬,૦૨,૪૦૦(આશરે રૂ. ૪૮, ૧૯૨,૦૦૦)ની કિંમતે વેચાણ થયું. ચિત્રની અંદાજિત કિંમત કરતાં આ રકમ બાર ગણી વધારે હતી, તેમ જાણકારો જણાવે છે. રાજા રવિ વર્માએ સન ૧૮૮૦માં દોરેલું આ ચિત્ર છે.

દક્ષિણ ભારતમાં આવ્યા કેરળ રાજ્યના સાંપ્રત પાટનગર થિરુવનઅનંતપુરમ્થી પચીસ માઈલ દૂર આવેલા કીલિમનૂર ગામના રહેવાસી તેમ જ હિંદના એક મોટા મસ્સ ચિત્રકાર, રાજા રવિ વર્મા(જન્મ : ૨૯ એપ્રિલ ૧૮૪૮ – અવસાન : ૨ ઑક્ટોબર ૧૯૦૬)ના, આપણાં બંને મહાકાવ્યો - મહાભારત અને રામાયણનાં વિવિધ દૃશ્યો દર્શાવતાં, એકમેકથી ચડિયાતાં, ચિત્રોથી આપણે સતત અભિભૂત થતાં રહ્યાં છીએ. યુરોપીય ચિત્રકળા વિદ્યાશાખા તથા ભારતીય પરંપરાના સરસ સંગમના ઉત્તમ નમૂનાઓ તરીકે એમનાં ચિત્રોને લેખવામાં આવતા રહ્યાં છે. ચૌદ વર્ષની યુવા વયે ત્રાવણકોરના મહારાજાનો રાજ્યાશ્રય તેમને મળ્યો હતો તેમ જ રાજ્ય ચિત્રકાર રામસ્વામી નાયડુનું ગુરુપદ મેળવવાને નસીબવાન બન્યા હતા. બીજી પાસ, અંગ્રેજ ચિત્રકાર, થિયોડોર જેનસને રાજા રવિ વર્માને યુરોપીય ચિત્રકળાની આંટીઘૂંટીવાળી તાલીમ આપી હતી.

સુંદર રીતભાતે સાડીઓમાં સજ્જ સુંદરીઓનાં રાજા રવિ વર્માએ દીધાં અનેક ચિત્રો ભારે જાણીતા થયેલાં છે. સન ૧૮૭૩માં, વિયેના ખાતે ભરાયેલાં લલિત કળા પ્રદર્શનમાં, આ ચિત્રકારને પ્રથમ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું હતું. પોતાનાં વિષયની શોધમાં ભારતભરનો પ્રવાસ એમણે કર્યો હતો.

લંડનની 'બોનહમ્સ' નામની લિલામ કરતી પેઢીની ગણતરી મુજબ, આ ચિત્રના પચાસથી સિત્તેર હજાર પાઉન્ડ ઉપજે તેમ હતા. મદ્રાસ પ્રાંતના તત્કાલીન ગવર્નર જનરલ રિચર્ડ ટેમ્પલ - ગ્રેનવિલ અને તેમના રસાલાનું દક્ષિણ કેરળમાં, ત્રાવણકોરના મહારાજા તથા તેમના લઘુ બંધુ દ્વારા થયેલા સ્વાગતનું દશ્ય આ ચિત્રમાં અંકિત થયું છે. આ ચિત્રમાં, નાળિયેરી અને કેળની લૂમો વચ્ચેના મહાલયમાં મહારાજા તેમ જ દરબારીઓ જોવા મળે છે.

આ ચિત્રમાં આટલો બધો રસ, ભલા, કેમ પેદા થયો હશે ? ગયા ઑક્ટોબર માસ દરમિયાન, લિલામ કરતી આ પેઢીના એક પ્રવક્તા કહેતા હતા : એ તો એવું છે ને કે હિંદમાં અંગ્રેજી રાજ તપતું હતું એ દિવસોમાં અંગ્રેજ અમીરો - ઉમરાવો તથા હિંદી અમીરો - ઉમરાવોનું મિલન આ ચિત્રમાં અંકિત કરાયું છે, તેનો આ રસિક મામલો છે. આવું છતાં, મુંબઈમાંના કોઈક ચિત્રપ્રેમી માટે, નેવિલ ટુલી નામક એક વચેટિયાએ, આ ચિત્રની લિલામમાં માગણી બકી હતી અને આ કિંમત પેટે આવડી રકમ આપવાની પેરવી કરેલી. આ નેવિલભાઈ પત્રકારોને કહેતા હતા : 'ભારતના કળા વારસાને, આ રીતે, ફરી પાછો, ભારતમાં લઈ જવાનું પગલું ભારે અગત્યનું છે.'

રાજા રવિ વર્મા

આપણા આ બડા મોટા ચિત્રકાર, બીજી એક બાબત માટે પણ, થોડા સમય પહેલાં દેશપરદેશના સમાચારોમાં ઝળક્યા હતા. ચેન્નાઈ ખાતે, 'ચેન્નાઈ સિલ્ક્સ' દ્વારા, રેશમની એક સાડી બનાવાઈ હતી અને રાજા રવિ વર્માના એક સુખ્યાત ચિત્રની રૂપરેખાને આ સાડીમાં આબેહૂબ વણી લેવામાં આવી હતી. માનશો આ સાડીની કેટલી કિંમત છે ? આજના દરે તે આંકડો આશરે ચાળીસ લાખ રૂપિયાનો અંદાજવામાં આવી રહ્યો છે ! જાણીતાં કલાકાર - દિગ્દર્શક સુહાસિની મણિરત્નમે આ સાડીનું દબદબા સાથે જાહેર ઉદ્ઘાટન કરેલું.

અ...ધ...ધ...ધ ... !! – ચાળીસેક લાખની એ સાડી !!!

વિવિધ સાંસ્કૃતિક ભૂમિકાવાળી સંગીતજ્ઞ મહિલાઓનાં જૂથનું 'લેડી મ્યુઝિશિયન્સ' નામક ચિત્રની પ્રતિકૃતિ આ સાડીમાં વણી લેવામાં આવી છે. આ સાડીની કોર પરે વળી આ ચિત્રકારનાં બીજાં ચિત્રો ય લેવામાં આવ્યાં છે. આ સાડી બનાવવા માટે ૪,૬૮૦ માનવકલાકો ખર્ચાયા છે. તદ્દુપરાંત, તેમાં ૬૦ ગ્રામ સોનું, પાંચ ગ્રામ ચાંદી ,૧૨૦ મિલિગ્રામ પ્લેટિનમ ઉપરાંત એક હીરો, એક માણેક (રૂબી), એક લીલમ (એમરેલ્ડ) જેવા જેવા અનેક જરજવાહિરોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.

દક્ષિણ હિંદની મહિલાઓને, આ કળાકાર અત્યન્ત સ્વરૂપવાન માનતા; અને તેથી તેમને કેન્દ્રમાં રાખીને રાજા રવિ વર્માએ અનેક દેવદેવીઓનાં ખ્યાતનામ ચિત્રો બનાવ્યા હતાં. દુષ્યન્ત અને શકુન્તલા તેમ જ નળ અને દમયંતીને આવરી લેતાં જે ચિત્રો એમણે કર્યાં છે તેની સતત તારીફ કરવામાં આવી છે. ભારત ભરમાં, એમની આ કલા દેણગીને કારણે, મહાભારતનાં વિવિધ પાત્રો વિશેની છાયા જનમાનસ પર પેદા થઈ છે. આપણાં મહાકાવ્યોને આથીસ્તો આપણે રાજા રવિ વર્માનાં ચિત્રોથી જોતા થયાં છીએ.

વીણાવાદન કરતી સ્ત્રી, વિચારશૂન્ય બનેલી સ્ત્રી, હંસ સાથે વાતો કરતી દમયંતી, અર્જુન અને સુભદ્રા, લીંબું સાથેની મહિલા, એલચીના સ્વરૂપમાં ભગવાન કૃષ્ણ, જટાયુ, વગેરે વગેરે નામક ચિત્રો આમ જનતામાં ખૂબ ખૂબ પ્રચલિત પામેલાં છે.

કુશળ દુકાનદારીનો બેનમૂન નમૂનો

નેપોલિયન બોનાપાર્ટને નામે એક વાક્ય ચડેલું છે : ઇંગ્લૅન્ડ દુકાનદારોનું રાષ્ટ્ર છે. – અને, દોસ્ત વાંચક, એમાં સારું એવું સત્ય પડેલું છે. આ જુઓને, અમારા વડાપ્રધાન ગોરડન બ્રાઉનની આ ફેરાની ચીનની તેમ જ ભારતની આ શુભેચ્છા મુલાકાતમાં આ જ મુદ્દો અગત્યનો રહ્યો છે. આ અઠવાડિયે તમે પ્રચાર માધ્યમો વાટે તેવો અનુભવ લીધો જ હોય. ... યુનાઇટેડ કિંગ્ડમ લિમિટેડ નામે મુલકના જાણે કે 'સી.ઈ.ઓ.' (ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર) તરીકેનાં તેમનાં નિવેદનો, પ્રચારમાધ્યમોમાં અહીં-તહીં-સર્વત્ર તરતા રહ્યાં. હજુ હમણાં સુધી, પશ્ચિમના મુલકોને ચીન અને ભારત વસતા નહીં; હવે દાયકાથી બાજી બદલાઈ છે. હવે ચીનનાં, ભારતનાં ગાણાં દરરોજ ગવાતાં રહે છે અને તેમની જીભ લગીર સૂકેલી રહેતી જ નથી !

ઈ.સ. ૧૯૯૧માં, ચીનના પાટનગરમાં યોજાયેલી એક મિજબાની ટાંકણે, એક બ્રિટિશ વરિષ્ટ અધિકારી એક પત્રકારને કહી રહ્યા હતા : માનવ અધિકારો બાબત ચીન સાથેની વાતચીતમાં ઉપરછલ્લાં ફીણ સિવાય કંઈ જોવા મળવાનું નથી. સર પરસી ક્રેડોક નામના આ અધિકારી તે વેળા તત્કાલીન બ્રિટિશ વડા પ્રધાન જ્હોન મેજર સાથે હૉંગકૉંગની સોંપણી અંગે વાટાઘાટ કરવા ચીન ગયા હતા. બીજી પાસ, વૈશ્વિક બજાર માટેનો ચીન સરિયામ પટ લાગ્યો હોય તેથીસ્તો, તત્કાલીન અમેરિકી રાષ્ટ્રપતિ રિચર્ડ નિક્સને, ૧૯૭૨માં, ચીનનું મહત્ત્વ દીઠું હતું. બસ, ત્યારથી ચીનનો સિતારો ચડતીમાં રહ્યો છે. વેપારવણજમાં તેમ જ આંતરરાષ્ટ્રીય સ્તરની રાજનીતિમાં ચીન હવે મહાસત્તા બન્યું છે. પર્યાવરણ બાબત તેની સાથે કરારનામું ન થાય તો જગતની બાજી ઊંધી વળી શકે તેમ છે. જ્યારે માનવ અધિકારોને ઠેકાણે આર્થિક વિકાસ અગત્યનો છે તેમ ચીનના શાસકો માનતા આવ્યા છે. ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ નિકલસ સારકોઝી અબીહાલ ચીન જઈને આવ્યા. તે પહેલાં જર્મન વડાપ્રધાન એન્જેલા મેરકેલ પણ આંટો મારી આવ્યાં હતાં. તે મહાનુભાવોની વાતોમાં ય કેન્દ્રસ્થાને વેપારવણજ જ રહ્યો છે ને ? ચીનાઓ સંગાથે માનવ અધિકારોની મોળી મોળી વાત જ હવે થાય છે તેવી ફરિયાદ, 'એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ'ના સ્ટીવ બૉલિંગર કરે છે. એ કહે : 'વેપારવણજ તથા રાજનીતિ પછી, ના છૂટકે, ત્રીજે મુદ્દે માનવ અધિકારોની બાબત સળવળ હાલતે હાથ ધરાતી રહી છે.'

ભારત સંગાથે ય હવે જુદા પ્રકારના સંબંધો વિકસી રહ્યા છે. પંચશીલની વાતો ઇતિહાસમાં છુપાઈ ગઈ છે અને રાષ્ટ્રસમૂહની નીતિરીતિ તેમ જ તે અંગેની જરૂરિયાતો પણ હાંસિયામાં હડસેલાઈ છે. જગતને ચોક ભારત પોતાની ભૂરાજકીય આગેવાની સાંચવે અને પેલા પાંચની જોડાજોડ તે પણ ખભેખભા મીલાવી હીંડે તેવા સ્વાભાવિક તેને ય ઓરતા છે. માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘની સલામતી સમિતિમાં તેને ય વીટો સમેતના અધિકારવાળું કાયમી સભ્યપદ મળે તેમ તે ય ઝંખી રહ્યું છે. ગોરડનભાઈ હમણાં ગાજર અને નીરણ ઓરી રહ્યાં છે. મોટા ભા કરતાં કરતાં પોતાનું હીત જળવાય અને વેપારવણજ વીકસે જેથી યુનાઈટેડ કિંગ્ડમનું વર્ચસ્ ઓછું ન અંકાય, તે ય ગણતરી અછતી રહેતી નથી.

સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા તેમ જ વિશ્વ બેન્ક સમેતની જાગતિક સંસ્થાઓનાં કલેવરમાં જરૂરી ફેરફાર અને સુધારા લાવવાની વાત, આથીસ્તો, તેમણે નવી દિલ્હીમાં કહેવાની રાખી હોય. નૂતન જગત ઊભું કરવાની એમાં જરૂરત છે તે વાત દીવા જેવી છે. ભારતની જોડાજોડ બ્રાઝીલ, જપાન, જર્મની અને દક્ષિણ આફ્રિકા કે પછી નાઈજિરયા જેવો કોઈક આફ્રિકી મુલક પણ સલામતી સમિતિમાં કાયમી સભ્યપદ અંગીકાર કરે તેવી દલીલબાજી બ્રિટન હવે કરે છે. વિશ્વ બેન્ક ઉપરાંત, 'ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ' તેમ જ 'જી-૮'નાં માળખાંમાં પણ જરૂરી સુધારા કરવાની રજૂઆત તે કરતા હતા.

'હું મિત્રને નાત આવ્યો છું.' એવું એમનું પ્રાથમિક નિવેદન રહ્યું છે અને તેથી ગોરડન બ્રાઉન કહેતા રહ્યા : 'ભારત લોકશાહીની દીવાદાંડી બની ગયું છે. જો કે ભારતીય ઉપખંડમાં સમસ્યાઓ વધી રહી છે. પરંતુ ભારતની શક્તિઓ ઉપખંડથી પણ આગળ વિસ્તરી ચૂકી છે. વૈશ્વિક મુદ્દાઓમાં પણ તેની ભૂમિકા વધતી જાય છે.'

અમારા વડાપ્રધાન વધુમાં કહેતા હતા : 'અંગ્રેજી ભાષા આપણી સહિયારી સંપત્તિ છે, હું માનું છું કે તેમાંથી હજી ઘણું મેળવી શકીએ એમ છીએ. અંગ્રેજી ભાષા શિક્ષણ અને રોજગારની તકો ઊભી કરે છે અને આપણે આ ક્ષેત્રે વધુ કામ કરવું જ જોઈએ. બ્રિટિશ કાઉન્સિલ આગામી પાંચ વર્ષોમાં ભારતીય સાથી સંસ્થાઓ સાથે મળીને ૭,૫૦,૦૦૦ ભારતીય શિક્ષકોને અંગ્રેજીની તાલીમ આપવા પ્રતિબદ્ધ છે.' અને પછી તેમણે ઉમેર્યું હતું : 'ભારત આંતરરાષ્ટ્રીય સ્તરે ઊભરી રહ્યું છે ત્યારે આપણા સહિયારા જ્ઞાન અને સંશોધનોનો ઉપયોગ કરી આપણી ભાગીદારી વધારવાનો અને વૈશ્વિક સ્તરે ગરીબી સામે લડવાનો આ સારો મોકો છે. ભારત વૈશ્વિક મહાસત્તા બની રહ્યું છે ત્યારે આપણે એ પણ સ્વીકારવું રહ્યું કે દેશમાં ગરીબી કુપોષણની પરિસ્થિતિ પ્રવર્તે છે, જેની ચિંતા અમને પણ છે.' પર્યાવરણના બદલાવનો મુદ્દો પણ તેમણે છેડ્યો છે. ભારત તેમ જ ચીને આ દિશામાં કાર્બન ઉત્સર્જન ઘટાડવા પ્રતિબદ્ધતા દાખવવી જોઈએ તેવી દલીલ તેમણે સતત જાહેર કરેલી છે.

બ્રિટન માટે ભારતનું અગત્યનું સ્થાન છે. બ્રિટન માટે વેપારવણજ ક્ષેત્રે ભારત જગતમાં બીજા નંબરે આવતો મુલક છે. બ્રિટનમાં મૂડી રોકાણ કરતા દેશોમાં ભારતનું ત્રીજું સ્થાન નોંધાયું છે. વળી, ગઈ સાલ આ દેશમાં ૪૦ જેટલી હિંદી ફિલ્મો ઉતારવામાં આવી હતી. દર સાલ, આશરે ૨,૦૦,૦૦૦ જેટલાં ભારતીયો પ્રવાસ અર્થે અહીં આવજાવ કરે છે. આમ આ સાઠ વરસના આઝાદીકાળમાં આટલો બદલાવ આવ્યો છે. ભારતનું સ્થાન દિવસે અને દિવસે હરણફાળે આગળ વધી રહ્યું છે.

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું

Business as Usual

By UNNY

May I nominate for Bharat Ratna that rare leader who'd speak up for all three?

(સદ્દભાવ : "ઈન્ડિયન એક્સપ્રેસ")

આ ફોટો ઈન્ટરનેટની પણ કમાલ છે. જૂની એક કહેવતના જોર પરે, એક નવી કહેવત સૂજે છે : 'ઈન્ટરનેટી કૂવો ! ન જૂએ તે જીવતો મૂઓ !!' ... વાત કેટલેક અંશે ખરી ગણવી, કેમ કે ઈન્ટરનેટ, મૂળગત, માહિતીઓનો ભંડાર છે; હા, ફક્ત માહિતીઓનો જ ભંડાર !

વારુ, ઈન્ટરનેટ પરે 'નમસ્તે' સહિતના કેટલાક વાદસંવાદનાં જૂથો વરસોથી આદાનપ્રદાન કરતાં રહે છે. એકાબીજાં ક્યારે પણ ન મળ્યાં હોય, ન હળ્યા હોય; અને તેમ છતાં, જાણે કે વરસોની ઓળખાણ હોય, પિછાણ હોય, એમ વર્તનવ્યવહાર ચાલુ અને ચાલુ. આ અજબગજબનો હેતાળ હૂંફાળો વહેવાર છે. એમાંથી, અક્સબ્રિજ વિસ્તારનાં વસવાટી લેખિકા અને એક અગ્રગામી શહેરી ભદ્રાબહેન વડગામાનાં સૌજન્યથી આ છબિ આવી મળી છે.

આફ્રિકા ખંડનો સૌથી ઊંચેરો પર્વત કિલિમાન્જારો છે. એની તળેટીમાં મોશી નામે નગર વસેલું છે. આ વિસ્તાર પૂર્વ આફ્રિકાના ટાન્ઝાનિયા નામે મુલકમાં છે. આ મોશી નગરની નિશાળની આ એક જૂથ છબિ છે. વર્ષ છે ઈ.સ. ૧૯૬૩. બારમાં ધોરણનાં આ વિદ્યાર્થીઓનાં નામો હાલ કેનેડા વસતા કુમાર માલદેના સદ્દભાવે મેળવી શકાયાં છે.

પાછલી હરોળમાં (ડાબેથી), રોશન હુડા, રઝા મોહમ્મદ, પ્રમોદ જોશી, હસ્સન ડાહ્યા, ગુલામ હુસ્સૈન, ભીખુ પટેલ, સત્વીન્દર સિંઘ, હસ્સન હુડા, જુલ્સ રોડ્રીગ્સ અને ભાનુ જોશી જોવા સાંપડે છે.

વચલી હરોળમાં (ડાબેથી), અલમાસ હીરજી, ડી. એલ ભટ્ટ (ઘણું કરીને શિક્ષક હોવા જોઈએ), નિશાળના આચાર્ય પી. જે. બાર્નવેલ, બર્નાર્ડ રોડ્રીગ્સ તેમ જ નૂરબાનુ પોપટ દશ્યમાન થાય છે.

આગલી હરોળમાં (ડાબેથી), સુનીલ કપૂર, કુમાર માલદે તેમ જ જયપ્રકાશ ધોળકિયાને જોઈ શકાય છે.

કહે છે કે આ જૂથમાંનાં આઠ જણ તો હાલ કેનેડામાં વસે છે.

દેવ આનંદની આત્મકથા વાંચ્યા પછી ...

૦ હરનિશ જાની

હું કહું છું કે મારી વાર્તાઓમાં આત્મકથા હોય છે અને લોકોની આત્મકથામાં વાર્તાઓ હોય છે. જ્યારે દેવ આનંદની આત્મકથામાં ફિલ્મફેર ઘુસી ગયું છે. થોડા વખત પહેલાં દેવસા'બના વરદ્ હસ્તે એમની આત્મકથા મેળવવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. તેમણે તેના પર પોતાના હસ્તાક્ષર પણ કર્યા.

દેવસા'બ ફિલ્મી હસ્તી છે. એટલે એમનું જીવન ફિલ્મી દુનિયામાં ફિલ્મી લોકો વચ્ચે વિત્યું છે. એટલે જિંદગી આખી, મેં એમના વિષે અને એમના ભાઈઓ વિષે ફિલ્મફેર મેગેઝિનમાં ઘણું બધું વાંચ્યું છે. ખરેખર તો તેમણે આત્મકથા લખતી વખતે મારા જેવા બે ચાર સલાહકાર રાખવા જેવા હતા. જે તેમને તેમના ભુલાઈ ગયેલા પ્રસંગો યાદ કરાવત. દેવ આનંદે ક્યાં ય તારીખ કે સમયનો નિર્દેશ નથી કર્યો. પત્ની ક્યાં છે. જીવે છે કે મરી ગઈ એ બધું વાચકોએ નક્કી કરવાનું. ગાંધીજી સહેજે યાદ આવી જાય કે જેમણે પોતાની આત્મકથામાં કસ્તૂરબાને પણ ગુંથ્યાં છે. અને દેબસા'બની આત્મકથા ઈંગ્લિશમાં છે, પરંતુ વાંચવા અને સમજવા માટે ડિક્શનરીની જરૂર પડતી નથી.

ઘણાં પ્રખ્યાત લોકોનાં જીવન એટલા પ્રખ્યાત હોય છે કે તે લોકોએ આત્મકથા લખે તો ય શું અને ન લખે તો ય શું ! આમ જનતા તેમનાં જીવનની નાનામાં નાની વાતો ન્યુઝપેપર દ્વારા જાણતી હોય છે. ફિલ્મી હસ્તીઓના પ્રેમ-પ્રકરણો અને રોમાન્સની વાતો લોકોની જીભે હોય છે. પછી એ વ્યકિત પોતાની આત્મકથામાં નવું શું લખવાની છે ? અમે નાના હતા ત્યારે ગાતાં હતાં કે 'જીયા બેકરાર હૈ, છાયી બહાર હૈ, આજા ડોકટર દેવ આનંદ, સુરૈયા બિમાર હૈ.' હું ત્યારે એટલો નાનો હતો કે મને સુરૈયાનો અર્થ પણ ખબર નહોતો. હવે આ વાત ૧૯૫૦–૫૧ની. અમારું ગાયન સાચું હતું એની પ્રતીતિ તો દેવસા'બની આત્મકથા વાંચતામાં જ થઈ. એ ભાઈસાહેબે તો સુરૈયાના પ્રેમ પ્રકરણ પાછળ આત્મકથાનું એક પ્રકરણ ઘસડી નાખ્યું છે. ત્યારે મને થયું કે લો, આ વાતની તો અમને પંચાવન વરસથી ખબર છે. દેવસા'બે એકલી ફિલ્મો નથી બનાવી. તેમણે તો પોલિટીકસમાં પણ આત્માનો અવાજ સાંભળીને નસીબ અજમાવી જોયું છે. ઈન્દિરાજીની દેશમાં લદાયેલી કટોકટી ઊઠી ગયા પછી દેવસા'બે એક રાજકીય પક્ષ "નેશનલ પાર્ટી" ની સ્થાપના કરી. જો કે એમની પતંગ બહુ ઉડી નહીં. કારણ કે પવનની વિરુધ્ધ ઊડાડવા મથતા હતા. એમણે જનતા આગળ પોતાના પક્ષનો ઢંઢેરો બહાર પાડ્યો. તેમાં એક વચન એ હતું કે એમની પાર્ટી દેશમાંથી ધોતિયાંને દેશવટો આપશે.

જાહેરમાં કોઈએ ધોતી નહીં પહેરવાની. (આ મારો તુકકો નથી. દેવ આનંદની 'રોમાન્સીંગ ધ લાઈફ'માં આ વિગત છે). ભારત દેશના ભાગ્યમાં જ કાંઈક એવું છે કે યુગે યુગે મહમ્દ તઘલખ પેદા થાય છે. દેવ આનંદનું જીવન તો પારદર્શક રહ્યું છે. દેવ આનંદનું જ કેમ, દરેક ફિલ્મી એકટરો પાછળ પ્રેસ રિપોર્ટરો અને કેમેરા લઈને દોડતા ફોટોગ્રાફરો તેમનું જીવન ન્યુઝ મેગેઝિનોમાં સતત કંડારતા હોય છે. રાજ કપૂર, દિલિપકુમાર, મધુબાલા જેવી હસ્તીઓનાં જીવન તેમની ફિલ્મો કરતાં મેગેઝિનો દ્વારા વધુ છત્તાં થતાં હતાં. તેથી તે સૌનાં જીવન પારદર્શક ગણાય. જનતાને તેની આરપાર દેખાય છે.

ધર્મ પિશોરીમલ આનંદ ઉર્ફે દેવ આનંદ

ઈંગ્લેન્ડની પ્રિન્સેસ ડાયેનાનું જીવન જગ જાહેર હતું. એ બિચારી તો હંમેશાં લોકોની નજરમાં હતી. અને જયારે લોકોની નજરમાં ન હોય ત્યારે તે તેના બટલર, બોડી ગાર્ડ અને રાણીના સ્ટાફની કડપ નજરમાં હોય. પ્રિન્સેસ ડાયેનાએ આત્મકથા લખવાની જરૂર નહોતી. ઈંગ્લેન્ડના રૉયલ ફેમિલીને માટે જ સો જેટલાં મેગેઝિનો બહાર પડે છે. પોતે કોના પ્રેમમાં છે તે તો તે એકાદ ટેબલોઈડમાં વાંચી લે તો ય એને ખબર પડી જાય. પોતાનો પતિ પ્રિન્સ ચાર્લ્સ પોતાને પ્રેમ નથી કરતો તે પણ પ્રિન્સેસે પેપરમાં જ વાંચ્યું હશે. હવે એ લોકો આત્મકથા લખે તો ય તેમાં શું લખે ? જો પ્રિન્સ ચાર્લ્સ મને પૂછે કે તારે મારી આત્મકથામાં શું વાંચવું છે ? તો કહું કે 'ભલા માણસ, મારે એ જાણવું છે કે પરી જેવી રૂપાળી પત્નીને પડતી મૂકી અને જેમાં દુનિયાના કોઈ પુરુષને પણ રસ ન પડે એવી પ્રિયતમા કયાંથી ગોતી કાઢી ? એના પર એક ચેપ્ટર લખ.' ઈતિહાસ જોઈએ તો લાગે કે ઈંગ્લેન્ડના રાજાઓને સૌન્દર્યમાં કાંઈ સમજ નથી પડતી. આ પ્રિન્સના કાકા ઍડ્વર્ડ આઠમાએ રૉયલ ફેમિલીની બીજી રાજકુમારીઓને પડતી મૂકીને બહારની સામાન્યજન વોલેસ સિમ્પસને પરણવા માટે ૧૯૩૬માં રાજગાદી છોડી હતી. લોકો એને ભલે ગ્રેટ લવ સ્ટોરી ગણે – કે પ્રેમ ખાતર રાજગાદી છોડી. મારી દષ્ટિએ એક મૂરખની પ્રેમ કહાની લાગે. જેમાં એક મૂરખ રાજાએ ઊંમરમાં મોટી બે વાર ડિવોર્સ લીધેલ સામાન્ય અમેરિકન સ્ત્રીને ખાતર રાજ ગુમાવ્યું. આપણી કહેવતોમાં કેટલું જોર છે – તથ્ય છે કે 'રાજાને ગમી તે રાણી, છાણાં વિણતી આણી.' આ કહેવત પ્રિન્સ ચાર્લ્સને પણ ખબર હશે જેથી કહેવતને સાચી પાડવા છાણા વિણતી શોધી લાવ્યો.

આના કરતાં આપણે સામાન્ય જીવને જીવન છે અને તે ઘણું સારું છે. મારી બાયપાસ સર્જરી પછી મને ડૉકટરે પિઝા ખાવાની ના પાડી છે. અને ડૉકટર તો ઠીક મારા ભાઈ, પરંતુ પત્નીએ મના કરી છે. છતાં છાનોમાનો પિઝા હટમાં ઘુસી જાઉં છું. મને કોઈ જોતું પણ નથી. હવે પ્રિન્સ ચાર્લ્સથી આવું થવાનું છે ? એમના ફોટા કાયમ પડતા હોય છે, ઘરમાં હોય કે બહાર હોય. ઘણી સ્ત્રી સેલેબ્રિટી તો પોતાના જ ઘરના બાથરૂમમાં એકાંત નથી પામી શકતી. હવે ઘરના નોકરો જ તેમના નહાવાના ટબમાં વેબકેમેરા ઘુસાડી દે છે. મારા જેવાના બાથરૂમમાં મારા ફોટાઓ લેવામાં સામેથી પૈસા આપો તો ય કોઈ ફોટા પાડવા ન આવે. એટલે કહેવાય કે જનતા જનાર્દનને મારા જીવન વિષે કાંઈ ખબર નથી એટલે મારે લોકોને મારા જીવનની નાની નાની વાતો જણાવવી હોય તો આત્મકથા લખવી પડે. પરંતુ એ વાંચે કોણ ? આજે બજારમાં જાત જાતના લોકોની આત્મકથાઓ મળે છે. દરેક મહાનુભાવના પ્રસંશકો હોય છે. તેઓને પોતાની આદર્શ વ્યકિતનું જીવન જાણવા મળે છે. કેટલાક એવા પણ લોકો આત્મકથા લખે છે કે આપણને થાય કે આ લોકો કેમ લખતા હશે ?

પોતાનાં જીવનમાં લોકોને ઈન્ટ્રેસ્ટ છે એમ બધાંને વહેમ હોય છે. દેવ આનંદને વ્હેમ છે કે આજે ૮૪ વરસે પણ પોતે દુનિયાનો સૌથી રૂપાળો પુરુષ છે. જુવાનીમાં એ રૂપાળો હતો એ હકીકત છે. પરંતુ ૮૪ વરસની વ્યકિતમાં લોકો રૂપ નથી શોધતા બુદ્ધિ શોધે છે. એક જમાનો હતો કે જ્યારે છોકરીઓ દેવ આનંદ પાછળ દોડતી હતી આજે દેવસા'બ છોકરીઓ પાછળ દોડે છે. લોકોના લાભાર્થે તેમણે ફિલ્મો બનાવવાનું બંધ કરવું જોઈએ અને એમ કરવાથી એમને પણ લાભ થશે. એમના પોતાના પૈસા બચશે.

આપણે આત્મકથા કોની વાંચીએ છીએ ? અમુક લોકોની કે જેમણે જીવનમાં કોઈક ક્ષેત્રમાં કોઈ સિદ્ધિ મેળવી હોય. તેમનું જીવન જાણવાની ઉત્સુકતા આપણને પેદા થાય તે સમજી શકાય. કોઈક અંબાણી કે કોઈક તાતા કોઈક બિરલા કે ગાવસ્કર કે કપિલદેવ લખે તો વાંચતા વાંચતા આપણને જીવનમાં કાંઈક કરવાની પ્રેરણા મળે. અથવા તો તેના જીવનનો કોઈ પ્રસંગ આપણે જાણતા હોઈએ તો તે પ્રસંગે આપણી કથાનો હીરો શું વિચારતો હતો ? તેની જાણ થાય. બિલ ક્લિન્ટન સાહેબની આત્મકથા મેં ખરીદી તે માત્ર એ જાણવા માટે કે પેલા મોનિકાબહેન સાથે એમને શું શું થયું હતું. પછી જોયું કે અંદર એમણે ગોળ ગોળ વાતો લખી છે. અને મોનિકા સાથેના સંબંધોની જે વાતો આપણે જાણીએ છીએ તે વાતો સાચી હશે કારણ કે આત્મકથામાં જે કાંઈ લખ્યું છે, તે આપણને સમજાતું નથી. આમ તો બિલ્લુભાઈનું જીવન કૃષ્ણ કનૈયા જેવું હતું .એકથી વધુ મોનિકાઓ હતી. પરંતુ આત્મકથામાં એવું થોડું લખાય છે ?

આત્મકથા તો ગાંધીબાપુની. સત્યના

પરદેશના ગુજરાતી પરિવેશનો પરિચય આપતી પુસ્તિકા

○ ભરત ઠાકોર

બ્રિટન-ભારત : પત્રકારત્વ અને જીવનશૈલી : વિપુલ કલ્યાણી :
પ્રકાશક - સાહિત્ય સંગમ, બાવાસીદી, પંચોલી વાડી સામે, ગોપીપુરા,
સુરત - ૩૯૫ ૦૦૧ : પહેલી આવૃત્તિ - ૨૦૦૬ : પાનાં ૩૪ : કિંમત - રૂ. ૧૫

ગુજરાતી અને ગુજરાતી ભાષા વિશે પરદેશમાં ખૂબ ચર્ચાઓ થાય છે. બ્રિટન સ્થિત વિપુલ કલ્યાણી "ઓપિનિયન"ના તંત્રી - સંપાદક છે. પ્રસ્તુત પુસ્તિકામાં સુરતસ્થિત સાહિત્યિક સંસ્થા 'સાહિત્ય સંગમ'ના ઉપક્રમે વિપુલ કલ્યાણીએ આપેલું વ્યાખ્યાન, 'બ્રિટન - ભારત : પત્રકારત્વ અને જીવનશૈલી' એ પુસ્તિકા સ્વરૂપે સાહિત્ય સંગમ સંસ્થા દ્વારા મળે છે.

આ પુસ્તિકા મુખ્ય બે વિભાગમાં વહેંચાયેલી છે. પ્રથમ વિભાગમાં વ્યાખ્યાન છે. જ્યારે બીજા વિભાગમાં વિપુલ કલ્યાણી સાથેની પ્રશ્નોત્તરી અને નાનુભાઈ નાયકનું પ્રમુખીય વક્તવ્યનો સમાવેશ થયેલો છે.

ગુજરાતી પ્રજા અને ભાષા-સાહિત્યના વિકાસમાં સુરતનો ફાળો પહેલેથી જ રહ્યો છે. કવિ નર્મદ, નવલરામ, રણજિતરામ, જ્યોતીન્દ્ર દવે જેવા સર્જકો મળ્યા છે. આજે પણ સુરતનાં કવયિત્રી પન્ના નાયક, યોગેશ પટેલ, બળવંત નાયક અને દીપક બારડોલીકર જેવાં સર્જકો ગુજરાતી ભાષા-સાહિત્યના વિકાસ માટે વિદેશમાં પણ પ્રયત્નશીલ છે. ત્યાર બાદ, વિપુલ કલ્યાણી "ઇન્ડિયન ઑપીનિયન" નામક સામયિકના ઇતિહાસની ઝાંખી આપે છે જેમાં દક્ષિણ આફ્રિકામાં ૧૦૨ વર્ષ પહેલાં ગાંધીજી અને એ પહેલાં મનસુખભાઈ નાજરે આ ગુજરાતી સામયિક શરૂ કરેલું. નાજરનો લંડનમાં વેપારવણજ હતો અને તેમણે દક્ષિણ આફ્રિકામાં "ઇન્ડિયન ઑપીનિયન" નામનું સામયિક શરૂ કરેલું. ગાંધીજી, એ પછી, તેના માલિક અને તંત્રી બને છે. આ સામયિક ૧૮૯૮માં બહાર પડેલું એવું નોંધાયું છે.

'પરદેશનું ગુજરાતી સાહિત્ય પણ સક્ષમ છે.' એમાં પરદેશમાં વસતા ગુજરાતી સર્જકોએ કરેલ વિવિધ સાહિત્ય સ્વરૂપો ખેડાણ, એ સર્જકોનાં ગદ્યપદ્ય સાહિત્યનાં દૃષ્ટાંતો સહિતની અહીં ચર્ચા થયેલી છે. પ્રથમ કવિ 'કૃષ્ણાદિત્ય'ની એક કવિતા અહીં આપી છે. ત્યાર બાદ, કવિ યોગેશ પટેલની અછાંદસ રચના રંગભેદનો પ્રશ્ન લઈ આવે છે. એ જ પ્રદેશના અન્ય એક કવિ, 'સૂફી' મનુબરી હઝલ લઈને આવે છે.

નવલકથાકાર બળવંત નાયક પાસેથી 'મૂંગા પડછાયા' નામે સીમાચિહ્નરૂપ નવલકથા મળે છે. તેનું સુંદર અવતરણ અહીં ટાંકવામાં આવ્યું છે, જે વાચકોના હૃદયને સ્પર્શી જાય તેવું છે. બિન ગુજરાતી વાર્તાકાર આનંદરાવ લિંગાયત પાસેથી 'કૂંપળો ફૂટી' નામે વાર્તા ય મળી છે. તો સાથોસાથ, નડિયાદના જાણીતા સંગીતકાર અને વાર્તાકાર મનેશચંદ્ર કંસારાની એક વાર્તાનું અવતરણ આ પુસ્તિકામાં છે.

યુગાન્ડાના દ્વારકાદાસ નથવાણી પાસેથી 'ખાંભી બોલતી હોત તો !' નામે નિબંધ મળે છે. જેમાં નીલ, ન્યાન્ઝા નદીના કાંઠા પરે મહાત્મા ગાંધીના અસ્થિવિસર્જનના કાર્યક્રમના તેમાં ઉલ્લેખો જોવા સાંપડે છે. 'સાંકળોનો સિતમ' નામે દીપક બારડોલીકર પાસેથી આત્મકથાનકનું પુસ્તક મળે છે. આ પુસ્તકના સર્જકે પાકિસ્તાન જઈ પત્રકારત્વ કર્યું છે. હવે તેઓ બ્રિટનમાં રહે છે. તેમના પુસ્તકનો એક પ્રસંગ આ પુસ્તિકામાં સમાવિષ્ટ છે. જેમાં તેમની પત્નીનાં મૃત્યુનું વર્ણન ગદ્યરૂપે કલાત્મક શૈલીમાં વર્ણવ્યું છે.

કવિતા ક્ષેત્રે મોટા ગજાનાં કવયિત્રી નિરંજના દેસાઈ પાસેથી 'આવતા રે'જો' કાવ્યસંગ્રહમાં આ પુસ્તિકામાં 'પાનખરે વસંત', 'મૃત્યુ' અને 'કરોળિયાનું જાળું' જેવાં ઉત્તમ ગીત - કાવ્યોનો પણ સમાવેશ થયો છે.

આ ઉપરાંત, વિપુલ કલ્યાણીએ ગુજરાતી ભાષાના અસ્તિત્વ માટે પરદેશમાં જે કાર્ય થઈ રહ્યું છે તેનો સુંદર પરિચયાત્મક આલેખ આપ્યો છે. વિશ્વમાં જ્યાં ગુજરાતી પ્રજા રહે છે ત્યાં ગુજરાતી ભાષાની દશા - અવદશાની અહીં ચર્ચા થઈ છે.

'ગુજરાતીઓને ઝાઝું વાંચવું ફાવતું નથી.' - એમાં ગુજરાતી ભાષાને બચાવવા માટે વ્યક્તિએ પોતાનાથી જ શરૂઆત કરવી પડે છે, ત્યારે જ એ શક્ય બને છે. તેમણે પોતીકી ગુજરાતી ભાષાને સુધારવા માટે લોકોએ શું શું કરવું કરવું જોઈએ તેનો નિર્દેશ કર્યો છે.

પુસ્તિકાના બીજા વિભાગમાં વિપુલ કલ્યાણી સાથે થયેલી પ્રશ્નોત્તરીનો સમાવેશ છે, જેમાં ગુજરાતીઓને અંગ્રેજો સાથે ફાવે છે. કારણ કે બંને પ્રજા દંભી છે, એ વાત વિગતે સમજાવી છે. અન્ય એક પ્રશ્નમાં પરદેશના સાહિત્યકારો વિશે વાત કરી છે. જેમાં જુદાં - જુદાં સ્વરૂપોમાં સાહિત્ય ખેડાણ, સર્જકો - કવિઓ વિશેની જીવનશૈલી વિશેની વાત કરી છે. જે એક જીવંત ઇતિહાસ ખડો કરી દે છે.

પ્રમુખસ્થાનેથી નાનુભાઈ નાયક પોતાના વક્તવ્યમાં વિપુલ કલ્યાણીને 'પરદેશના સાહિત્યરત્ન' તરીકે બિરદાવે છે. પરદેશમાં રહીને નર્મદના જોસ્સાથી પરદેશમાં ગુજરાતીઓમાં ગરવી ગુજરાતીની ધૂણી ધખાવી છે તેમના વક્તવ્યમાં વિપુલ કલ્યાણીના વ્યક્તિત્વનો પરિચય મળે છે. આ ઉપરાંત, પુસ્તક પ્રકાશન વ્યવસાયમાં હવે ગુજરાતી પુસ્તકો પરદેશમાં ઓછાં મંગાવાય છે તે બાબતનો ઉલ્લેખ કરી ચિંતા પ્રગટ કરી છે. છતાં આજે ય પરદેશમાં ગુજરાતી ભાષાનું ગૌરવ જાળવી રાખવાના જે થોડાક સાહિત્યકારો, લેખકો, કે સંપાદકો પ્રયત્ન કરી રહ્યા છે તેમાં વિપુલભાઈનું નામ અગ્રેસર છે. ગુજરાતમાં પણ ગુજરાતી ભાષાનું ગૌરવ ઓછું થવા માંડ્યું છે. આમે ય એક જાણીતી વાત મુજબ ગુજરાતીઓને પાસબુકને, ચેકબુકને જેટલું મહત્ત્વ આપે છે, તેટલું પુસ્તકોને નથી આપતા.

પ્રયોગો – કોઈની શેહ શરમ નહીં. ચોખ્ખે ચોખ્ખું લખ્યું છે. ઝવેરચંદ મેઘાણી કહેતા હતા કે મારે આત્મકથા નથી લખવી. કારણકે આપણાં જીવનમાં એવી એવી ઘટનાઓ બની હોય છે કે જેની નોંધ આત્મકથામાં લેવી જોઈએ. અને તેમ કરવાં જતાં કોઈકના હદયને દુઃખ પહોંચે તેવો પ્રસંગ હોય તો તેમ કરવું યોગ્ય નથી. આપણાં લાભ માટે બીજાને દુઃખ પહોંચાડવું યોગ્ય નથી. હવે તે પ્રસંગ ન લખીએ તો એ સાચી આત્મકથા ન કહેવાય. લોકોને ખોટું ન લાગે એ માટે આપણે સત્ય ન લખીએ તો આપણે આપણી જાતને અન્યાય કર્યો ગણાય. તેમ છતાં તેમના જીવનની ઝલક અને વાતો "આંતર – છબિ" નામના પુસ્તકમાં તેમના સુપુત્ર વિનોદ મેઘાણીએ તેમના લેખો અને પત્રોના કરેલા સંકલનમાં જોવા મળે છે. મારી દ્રષ્ટિએ તે આત્મકથા બરાબર ગણાય. વ્યકિત આત્મકથા ન લખે અને કોઈ બીજી વ્યકિત તેમના વિષે લખે એ ચરિત્રકથાનો પ્રકાર પણ સુંદર હોય છે. મહાદેવ દેસાઈના જીવન વિષે લખીને તેમના સુપુત્ર નારાયણ દેસાઈએ 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' દ્વારા અંજલિ આપી છે. કાર્લોસ બેકરે, હેમિંગ્વેનું ચરિત્ર લખ્યું છે. ઘણી આત્મકથાઓ આપણને તે જમાનાના ઈતિહાસમાં ડોકિયું કરાવે છે. પંડિત નહેરુની 'ડિસ્કવરી ઓફ ઈન્ડિયા' તો દેશની આઝાદીની લડતનો એક દસ્તાવેજ છે. ગુજરાતના કલાગુરુ રવિશંકર રાવળની આત્મકથા વાંચતાં આપણને વીસમી સદીની શરૂઆતમાં ગુજરાતી સમાજની પરિસ્થિતિ, આઝાદીની ચળવળ અને ગુજરાતમાં ચિત્રકળા અને સાહિત્યનો વિકાસ જાણવા મળે છે.

જગતમાં સેંકડો મહાનુભાવોએ આત્મકથાઓ લખી છે. રાજકીય, સાહિત્ય, કલા અને રમત ગમત ક્ષેત્રની જુદી જુદી પ્રતિભાઓએ આત્મકથાઓ લખી છે. દુનિયાના દરેક દેશની હસ્તીઓએ આત્મકથા લખી છે. પરંતુ એ બધાંમાં મહાત્મા ગાંધીજીની આત્મકથાની તોલે કોઈની ન આવે. ગાંધીજીની આત્મકથા એટલા માટે જુદી પડે છે કે તે વાંચતાં આપણને લાગે કે આ કોઈ હાલતા ચાલતા મનુષ્યની કથા છે. તેમાં તેમની નૈતિક તાકાતનો પરિચય થાય છે. તેમાં તેમણે પોતાની નબળાઈઓ જરા ય છુપાવી નથી. જયારે દેવસા'બની આત્મકથા કોઈ દેવની કથા લાગે. ગાંધીજીનું જીવન સત્ય પર હતું. આપણે ગાંધીજીના જેવું જીવન ન જીવી શકીએ. એક દિવસ તો જુઠ્ઠું બોલ્યા વિના રહી જુઓ. મારાથી તો ન જ રહેવાય. પત્ની પૂછે કે આજે દાળ કેવી બની છે ? અને જો સાચો જવાબ આપું તો મારી લખાતી આત્મકથા અધૂરી જ રહે.

[4,Pleasant Drive., YARDVILLE. NJ 08620. USA.]
E mail. harnish5@yahoo.com

પરદેશમાં સાહિત્યના વ્યાપક પ્રસાર માટે વિવિધ સામયિકો, સાપ્તાહિકો, માસિકો સમાચારપત્રોની ભૂમિકા મહત્ત્વની બની રહે છે, જેમાં વિપુલ કલ્યાણીનું "ઓપિનિયન", રમણીકભાઈ સોલંકીનું "ગરવી ગુજરાત", અમેરિકાથી પ્રગટ થતું "ગુજરાત ટાઈમ્સ", ઈંગ્લૅન્ડથી પ્રગટ થતાં "ગુજરાત સમાચાર", "ગુજરાત સંદેશ", "સખી", "વસંત", બિપિન ગજ્જરનું "સારંગ", કિશોર દેસાઈનું "ગુર્જરી" ડાયજેસ્ટ, "નવ પ્રતાપ" વગેરે જેવાં અનેક સામયિકો પરદેશના સાહિત્યરસિકોની રસરુચિ કેળવવામાં મદદરૂપ બને છે.

આ ઉપરાંત પરદેશમાં ગુજરાતી ભાષાનું "ઓપિનિયન" સરીખું સામયિક ચલાવવું ખૂબ મુશ્કેલભર્યું છે. છતાં, ઈંગ્લૅન્ડની 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ને ઉપક્રમે સાહિત્યરસિકોના સાહિત્ય રસને પોષવામાં આવે છે. વળી, એના માટે વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન થાય છે.

આમ, આ પુસ્તિકા દ્વારા આપણને પરદેશમાં વસતા ગુજરાતી સાહિત્યકારો, પત્રકારો અને ગુજરાતી ભાષા માટે કાર્યરત ગુજરાતીઓ અને તેમના વહેવાર, વિચાર, જીવનશૈલી, તેમની સામાજિક પરિસ્થિતિનો ખ્યાલ જેવી સારી નરસી બાબતોની માહિતી આ પુસ્તિકામાંથી મળી રહે છે, જે વાચકોને ઘેર બેઠાં પરદેશનાં ગુજરાતી પરિવેશનો ખ્યાલ આપે છે.

(સદ્દભાવ : "ગુજરાતમિત્ર", ૧૬-૦૯-૨૦૦૭;
ઉષા ઉપાધ્યાય સંપાદિત 'અક્ષરની આરાધના' કટાર)

•

(૨)

દેશનો ને કોમનો ઈતિહાસ જળવાયો છે

૦ મોઈનુદ્દીન મનીઆર

'ગરવી ગુજરાતના ગૌરવવંતા મુસ્લિમો' ભાગ - ૨ : લેખક - પ્રકાશક, ***અકબર અલી સૈયદ*** *: ૩, નહેરુનગર, રૈયા રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧, ભારત : પાનાં ૨૪ + ૨૬૮ : કિંમત રૂ. ૧૫૦*

ઉપરોક્ત પુસ્તક માટે વિવરણ લખવાનું કામ વિપુલભાઈએ મારા માથે થોપ્યું. વડીલો આજ્ઞા આપે છે, ત્યારે તેમનો હેતુ ય હોય, ભાવના ય હોય. અને બીજી તરફ, નાનાએ તે આજ્ઞાને શિરે ચઢાવવી જ પડે. હું ક્યાં સુધી તેને ન્યાય આપી શકીશ તેનો ન્યાય તોળવવાનું વાંચકો પણ છોડું છું. વારુ,, મજકુર પુસ્તકના પ્રથમ ભાગ માટે મારા એક મિત્રએ તેના થોડાંક જ પાનાં ફોટોકોપી કરી આપેલાં. તે પણ થોડીક વિટંબણા બાદ, તે પુસ્તક જ મેળવી લીધું હતું. જ્યારે બીજો ભાગ કોઈ પણ માંગણી વિના જ સીધેસીધું લેખક પાસેથી આવી મળ્યું છે. આભાર, અકબરઅલીભાઈ, આપનો આભાર.

અકબરઅલી સૈયદ માટે કહેવાય છે કે ૭૦ વરસની પાકટ અને પ્રૌઢ ઉંમરે તેમણે કલમ હાથમાં પકડી. એટલું જ નહીં પણ યુવાનને શરમાવે એવી ધૂન ચડાવીને ખભે ઝોળી લટકાવીને ગામેગામ ફરી ફરી મુસ્લિમ, પછી તે કોઈ પણ સંપ્રદાય કે સંબંધિત હોય, તેમના નજીકના ભૂતકાળના અને ચાલુ વર્તમાનના તેજસ્વી વંશજો અને વીરલ નબીરાઓને શોધતાં શોધતાં તેમના જીવનને પોતાની આગવી શૈલીમાં શબ્દચિત્ર આપવાનું ભગીરથ કામ કામ કર્યું છે. પહેલો ભાગ જ્યારે શબ્દદેહ ધારણ કરે તે પહેલાં ઘણાં લોકોએ તેમને એવું કહીને મજાક ઉડાવી હતી કે 'બુઢ્ઢો સઠિયા ગયો છે !' પરંતુ લોકોની મજાકે તેમના દિલમાં ચિનગારીનું કામ કર્યું છે. માનવીને જ્યારે ધૂન લાગે છે તો તે પોતાનું કામ સહજભાવે પાર પાડી દે છે. અને તેમના શબ્દોમાં કહીએ તો, 'આ વિચારો અને કાર્યજીવન સાથે એવો ઓતપ્રોત થઈ ગયો છું કે આ પ્રવૃત્તિ વગરનું જીવન વિચારી શકતો જ નથી. બોજ - થાક હવે બોજ - થાક નથી, પરંતુ મારા માટે વિટામીન બની ગયું છે.'

ખુસુસન (ખાસ કરીને) ગુજરાતમાં અને ઉમુમન (સામાન્ય રીતે) વિશ્વ ભરમાં મુસ્લિમ સમાજને બદનામ કરવામાં આવી રહ્યો છે. અને તે હિતશત્રુઓ કંઈક ગેલમાં હોય છે. પરંતુ હિંદુ અને મુસ્લિમ સમાજ સેવાના ભેખધારીઓ ધૂણો ધખાવીને બેઠેલા છે. અને એવા જ ઉદ્દાત લોકોને કારણે આજે ધરતી સ્વર્ગ સમાન લાગે છે. કોમી એકતાની તાળી એક હાથે કદી નહીં પડી શકે. એ માટે બંને કોમની જરૂર પડે. બંને એક બીજાના પૂરક બને તો જીવન ધન્ય બને. અને એ જ કારણે ગુજરાતના રાજ્યપાલ નવલકિશોર શર્માએ અકબરઅલી સૈયદને બિરદાવી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. જ્યારે લેખક મંડળના પ્રમુખ યશવંત મહેતાએ જણાવ્યું હતું કે 'રાષ્ટ્ર અને સમાજની સેવામાં અપ્રતિમ યોગદાન આપનારા મુસ્લિમો - ખાસ કરીને ગુજરાતના મુસ્લિમ સપૂતોનાં જીવન ઝરમર રજૂ કરવાનું કામ એક વિરલ કાર્ય છે.' અને શરૂઆતથી જ અકબરઅલી સૈયદે પોતાનાં સર્જન પાછળનો હેતુ - આશયને એકતા અને શાંતિનો પ્રચાર હોવાનું પુરવાર કરી ઉજાગર કરી જ દીધેલું છે.

આ પુસ્તકમાં, લેખકે ૫૨ વ્યક્તિઓનાં શબ્દચિત્રો આપ્યાં છે. સામાન્ય રીતે મુસ્લિમો ઉપર એ આરોપ પણ કરવામાં આવે છે કે 'મુસ્લિમો પોતાની સ્ત્રી જગતને બુરખામાં અને ઘરની ચાર દીવાલોમાં બંદીવાન રાખતાં હોય છે.' તો લેખકે આ બીજા ભાગમાં આઠ મહિલાઓનો સમાવેશ

સ્વીકાર મીતાક્ષરી :

સ્મરામિ 'સુન્દરમ્' : સંપાદક - **ઉષાબહેન જાની અને ગુલાબભાઈ જાની** : પ્રકાશક - સિસ્ટર નિવેદિતા પબ્લિકેશન, સિસ્ટર નિવેદિતા ચેરિટેબલ ટ્રસ્ટ, યુનિવર્સિટી રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૭ : પ્રથમ આવૃત્તિ - નવેમ્બર ૨૦૦૭ : ISBN : 978-81-905601-0-8 : કિંમત રૂ. ૮.૦૦ :

ગોરી મારા ગામની (કાવ્યસંગ્રહ) : **ચંદ્રકાન્ત રાવ** : પ્રકાશક - એમ.એમ. સાહિત્ય પ્રકાશન, ડૉ. બિપીન વ્યાસના દવાખાનાની સામે, મહાવીર માર્ગ, આણંદ : પાનાં ૮૦ : કિંમત રૂ. ૫૦.

પથપ્રકૃતિ : જિતેન્દ્ર તળાવિયા : પ્રકાશક - પર્યાવરણ અને સંસ્કૃતિ રક્ષક ટ્રસ્ટ, રાજકમલ ચોક, ફ્રૂટ માર્કેટ, અમરેલી - ૩૬૫ ૬૦૧ : વિતરક - ગૂર્જર એજન્સી, ફુવારા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧ : પ્રથમ પુનઃમુદ્રણ - સપ્ટેમ્બર ૨૦૦૭ : પાનાં ૬૪ : ISBN : 978-81-89160-37-1 : કિંમત રૂ. ૬૦.

આપડી લીલી ભોમકા : મંગળુભાઈ ખુમાણ : પ્રકાશક - પર્યાવરણ અને સંસ્કૃતિ રક્ષક ટ્રસ્ટ, રાજકમલ ચોક, ફ્રૂટ માર્કેટ, અમરેલી - ૩૬૫ ૬૦૧ : વિતરક - ગૂર્જર એજન્સી, ફુવારા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧ : બીજી આવૃત્તિ - સપ્ટેમ્બર ૨૦૦૭ : પાનાં ૮૦ : ISBN : 978-81-89160-38-8 : કિંમત રૂ. ૬૦.

શ્રીમદ્ ભગવદ્ ગીતા (રુચિરા છંદમાં પદ્યાંતર) : **રમણીકલાલ કાશીનાથ ભટ્ટ** : 87, Hale Lane, Mill Hill, LONDON NW7 3RU : પાનાં ૮૪ : પહેલી આવૃત્તિ - જૂન ૨૦૦૬ : ISBN : 0 951 4207 6 3 : કિંમત - £2 :

નાનીમા, વાર્તા કહો ને ! (બાળવાર્તાઓ) : **પ્રવીણભાઈ કે. મહેતા 'બાલપ્રેમી'** : પ્રકાશક - નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪ શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ - ૪૦૦ ૦૦૨ : પ્રથમ આવૃત્તિ - ૨૦૦૭ : પાનાં ૧૦૮ : કિંમત રૂ. ૮૫.૦૦.

ગોરખગોપાલમ્ અને અન્ય કાવ્યો : ઈન્દ્ર શાહ : ગુજરાતી કાવ્યોનું ભાષાંતર - ફારૂક સલાટ : પહેલી આવૃત્તિ - સપ્ટેમ્બર ૨૦૦૭ : પાનાં ૧૪૪ : કિંમત રૂ. ૨૫૦ અથવા $12 : પ્રકાશક - Indra Shah, 577 St. Lawrence Boulevard, EASTLAKE, OH 44095 U.S.A. : વિતરક - ગૌતમ શાહ, ૨૫ માણેક બાગ સોસાયટી, નેહરુનગર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ :

ભાગ્યવિધાતા (નવલકથા) : **નવીન વિભાકર** : ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ., ૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨ : પહેલી આવૃત્તિ - જૂન ૨૦૦૭ : પાનાં - ૧૪૮ : ISBN : 81-7997-237-2 : કિંમત રૂ. ૯૮.

કરીને પ્રતિપાદન કર્યું જ છે કે મુસ્લિમ મહિલા પણ અન્ય કોમની મહિલાઓથી પણ જરીકે પાછળ નથી. ખાસ કરીને એ આઠેય મહિલાઓ – હીરબાઈ લોબી, નૂર ઈનાયતખાન કે નઝિફ્ફ કોશર હોય – એ આઠેય મહિલાઓ પોતપોતાનાં ક્ષેત્રમાં લા-જવાબ વ્યક્તિઓ છે. એ દરેકનું રેખાચિત્ર વાંચવાની ભલામણ કરવાનું રોકી શકતો નથી.

બીજી વ્યક્તિઓ કે જેમનાં થોડાંક નામ અહીં પેશ કરું છું. એ રેખાચિત્રો પણ વાંચવા જેવાં છે, જેમાં અબ્બાસભાઈ વરતેજી, અમીનાબહેન કુરેશી, એહમદ મોહમ્મદ કાછલિયા, અદમ ટંકારવી, બદરૂદ્દીન તૈયબજી, દીપક બારડોલીકર વગેરે વગેરે. એમાંથી કેટલીક વ્યક્તિઓ દેશ છોડી પાકિસ્તાન પણ જતી રહી હતી અને તેમ છતાં સવાયા ગુજરાતી જેવાં બનીને ગુજરાતી ભાષા અને મુસ્લિમ ગુજરાતની આગવી સંસ્કૃતિની સારી એવી તેમણે સેવા કરી છે. (આ એક જુદો જ વિષય છે. જરૂરથી જાણવા જેવું ય છે. એ માટે કોઈ પી. એચડી.ની પદવી સહેલાયથી પ્રાપ્ત કરી શકે.) આ બંને પુસ્તકો પ્રગટ કરીને અકબરઅલી સૈયદે માભોમ અને કોમની ઘણી સેવા કરી છે. એવાં જ પુસ્તકો દ્વારા દેશનો અને કોમનો ઈતિહાસ જળવાઈ રહે છે. એ સાચી વાસ્તવિક્તા છે.

કુમારપાળ દેસાઈ, યશવંત મહેતા અને “ચકમ – ચંદન”ના તંત્રી એચ.એન. ગોલીબાર જેવા મહાજનોએ પુસ્તક અને લેખક વિશે સુરેખ પરિચય કરાવેલો છે. આવાં રેખાચિત્રોનાં પુસ્તક ગુજરાતી ભાષામાં નવી શૈલીમાં નવી કેડી રૂપે શરૂઆત પામે છે, તેમ લાગે છે. અંગ્રેજી અને ઉર્દૂમાં એવાં અનેક પુસ્તકો ઉપલબ્ધ થઈ શકે છે. આથી, નવી શૈલી, નવી કેડી રૂપે પ્રાથમિક આરંભ થયેલ ગુજરાતીમાં આ પુસ્તકમાં ક્યાંક વધુ પડતી વિગતો તો ક્યારેક વધુ ઓછી માહિતીની ઊણપ સાલે છે. છતાં, આ પુસ્તકનો હેતુ અને તેનો મોભો જરૂર આગવો છે. ઉપરાંત, બીજાં પુસ્તકોમાં આગળ નીકળી જવા માટે ય સક્ષમ છે. સંશોધન કરનાર વિદ્યાવ્યાસંગીઓ માટે કેટલી બધી કાચી સામગ્રીની એક જ ઠેકાણે ઉપલબ્ધિ ય કરાવી આપી છે. વિસંવાદિતાના પડઘમ વાગતા હોય એવા સમયમાં સંવાદી પરિચયની આ પીપૂડી વગાડવી એ વિરલ કાર્ય સાબિત બન્યું છે. એ માટે લેખકને ખૂબ ખૂબ અભિનંદન છે. આશા રાખીએ કે ભવિષ્યમાં આના ત્રીજા ભાગમાં વધુથી વધુ ગુજરાતના લોકોની આકાંક્ષા પૂરી કરે એવી આશા રાખીએ.

[64 Cecil Avenue, WEMBLEY, Middlesex HA9 7EA, U.K.]

e.mail : mgmaniar@hotmail.com

•

(૩)

ગનપત હુરટીના ગોટાળા !

૦ રમણભાઈ ડી. પટેલ

*ગનપટ હુરટીના ગોટારા/-હાસ્ય નવલકથા: **નિર્મિશ ઠાકર** : રન્નાદે પ્રકાશન, ૫૮/૨, રજો માળ, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧: ૧લી આવૃત્તિ-૨૦૦૭: પાન ૨૦૮+૧૨ : રૂ. ૧૩૫*

એક વાચક તરીકે, આ સામાજિક હાસ્ય નવલકથા વિશે મારો પ્રતિભાવ લખી આપવાનું, વિપુલભાઈના ઈજનનો સ્વીકાર કર્યો છે. એવો પણ અનુભવ છે કે એવું લખતાં સર્જક ક્યારેક છંછેડાય છે. તેમનાં વખાણ થાય ત્યાં સુધી તેમને વાંધો નથી.

હવે પ્રશ્ન થાય છે : પુસ્તકોનું વિવેચન કરવું જરૂરી છે ખરું ? જો વિવેચન જરૂરી હોય, તો જરૂર વિવેચકનો કોઈ ધર્મ પણ હોઈ શકે. આમ તો મનુષ્ય સ્વભાવે વિવેચક જ છે. કોઈ પણ કૃતિને માપવી હોય, તો તેનો માપદંડ પણ હોવો જોઈએ.

સારો વિવેચક સર્જકની કૃતિની ક્ષતિઓ અને ક્ષમતાઓ બંને પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે. સર્જનનું સ્તર ઉચ્ચ કોટિનું કેવી રીતે બની શકે તે તેમણે બતાવવાનું હોય છે. હા, કોઈ વિવેચક પોતાના ડહાપણનું પ્રદર્શન કરતો હોય તો તે જુદી વાત બને છે. એક વાતનો ખુલાસો કરી લઉં : હું આ નવલકથાનું વિવેચન કરતો નથી. મને આ નવલકથા ગમી. ખૂબ ગમી. આ નવલકથા વાંચતી વેળા પેટ પકડીને નહીં, પણ મરક મરક હસતો રહ્યો છું. એટલે આ પુસ્તક અંગે મારો નમ્ર પ્રતિભાવ લખવાનું મેં સ્વીકાર્યું છે.

કૉલેજકાળ દરમિયાન ‘ભદ્રંભદ્ર’ નવલકથા વાંચેલી. ધનસુખલાલ મહેતા અને જ્યોતીન્દ્ર દવેનું ‘અમે બધાં’ પુસ્તક પણ ગમેલું. આજે પણ હાસ્યલેખો વાંચવાનું ગમે છે. અનેક હાસ્ય નવલકથાઓ લખાઈ છે. પણ જ્યારે મારા હાથમાં ‘ગનપત હુરટીના ગોટારા’ પુસ્તક આવ્યું, ત્યારે વાંચવાનો લોભ ખાળી શકાયો જ નહીં. અરે, બીજી વાર પણ વાંચી ગયો. ત્યારે મને લાગ્યું : નિર્મિશ ઠાકરને જ્યોતીન્દ્ર દવેની હરોળમાં નહીં, એમનાથી પણ આગળની હરોળમાં મૂકું છું !

નિર્મિશ ઠાકરની રગેરગમાં ખુમારી છે. પોતાને ‘અજય’ અને ‘અભય’ કહે છે. અન્ય લેખકોની શૈલીનો પ્રભાવ એમનાં સર્જનમાં દષ્ટિગોચર થતો નથી. હાસ્યકાર તરીકે એમની પાસે એક આગવી સૂજ છે. લઘુતાગ્રંથિથી પીડાય એવા નિર્માલ્ય લેખક એ નથી.

નિર્મિશ ઠાકર પોતાનાં સર્જનોની નોંધ કરતાં આજની ઘડીએ, ૨૯ પુસ્તકોની યાદિ આપે છે. એમનાં સાહિત્યસર્જનમાં : હાસ્યલેખો, વ્યંગ કાવ્યો, પ્રતિ કાવ્યો, વ્યંગ લેખો, કેરીકેચર્સ, ઈંગ્લિશ કાર્ટૂન્સ, કાવ્યસંગ્રહ, હાસ્ય નવલકથાઓ, ત્રિઅંકી પ્રહસન, બાળકાવ્યો, આગળ વિવેચન, વિચિત્ર ઉખાણા, હઝલ વગેરેનો સમાવેશ થાય છે.

પ્રથમ હાસ્ય નવલકથા ‘ચક્રાકાર ચતુષ્કોણ’ પછી આ બીજી હાસ્ય નવલકથા એમણે આપી છે. ત્રીજી હાસ્ય નવલકથા નજીકમાં પ્રકાશિત થશે એવો અણસાર પણ એમણે કર્યો છે. એમની પહેલી નવલકથા એમના મતે ‘ક્લાસ’ [class = શિષ્ટ વર્ગ] માટે છે; જ્યારે ‘ગનપટ હુરટીના ગોટારા’ એ ‘માસ’ [mass = આમ વર્ગ] માટેની નવલકથા છે.

આ નવલકથા લખવાની એમને પ્રેરણા ક્યાંથી મળી ? એ પ્રશ્નના ઉત્તરમાં કહી શકાય, નોકરી અંગે એમને સુરત જવાનું થયું. એમને સુરત શહેર અને શહેરીઓ ગમી ગયાં. તેમની ગુજરાતી ભાષા પણ ગમી ગઈ અને આમ આ પુસ્તકનું સર્જન થયું હોય એવું લાગે છે. લેખકને સુરતી ભાષા પ્રયોજવી હતી. નિર્મિશભાઈ કહે છે, ‘લેખક પાસે સર્જકનું દિલ, કાગળ અને પેન હોય એટલું જરૂરી છે. થોડું ઉમેરવું હોય તો કહી શકાય, સર્જકને લખવાની ચળ આવવી પણ ખૂબ આવશ્યક છે.

પોતાના પુસ્તકની પ્રસ્તાવના લેખક પોતે લખે એમાં કશું ખોટું નથી. અલબત્ત, અન્ય કરતાં પોતાના પુસ્તક વિશે લેખક વધુ જાણતો હોય છે. એટલું જ જોવાનું રહે છે કે તેમ કરતાં આત્મશ્લાઘામાં સરી ન પડાય, તેની લેખકે ચોકી કરવાની રહે છે.

આ નવલકથાની કથાવસ્તુમાં પાત્રો દ્વારા ગોટાળા કેમ સર્જાય છે, તે લેખકે દર્શાવ્યું છે. કરોળિયો પોતાના જ રચેલાં જાળાંમાં ફસાય છે, તેમ મુખ્ય પાત્ર ગનપટ પોતે કરેલા ગોટાળામાં ફસાય છે તેનું હૂબહૂ ચિત્ર અહીં ઊભું થયું છે. ગનપટની કેટલી ય વાતમાં તેનો ભેરુ, નિર્મિશ હા જી હા કરતો નથી. ગનપટ એ સર્જકનું કાલ્પનિક પાત્ર છે. કરોડપતિ સસરાને ખંખેરી લેવાની ગનપટની મુરાદ કેમ ચોપટ બને છે, વગેરે ઘટનાઓની આસપાસ આ કથા ગૂંથાયેલી છે.

આ કથાની પાત્રસૃષ્ટિ પણ સરસ રચાઈ છે. તેના પાત્રોમાં ગનપટ - શેખચલ્લી જેવા વિચારો ધરાવતો ઉલ્લુ, નિરમેશભૈ, નિર્મિશની પત્ની કવિતા, ગનપટની પત્ની પ્રેમીલાભાભી, પ્રેમીલાની ભાભી મીનાક્ષી, રણછોડલાલ - એ જ પ્રભાદેવી બીડીના શોખીન, લાકડાં લડાવવાના શોખીન, સુભાષ ખાઈ નામે ફિલ્મ પ્રોડ્યુસર, ભોગી ચકલી - ખંધો પડોશી, કવનાનંદ - નિર્મિશનો સસરો, ડેંગુચા નામનો મોટો જાસૂસ, તેના બે ટાલિયા મદદનીશો, પ્રેમીલાનાં માબાપ, નિર્મિશની સાસુ, ડેંગુચાનો પુત્ર, વગેરે છે.

નવલકથાના સંવાદો, તેની ભાષા વાચકના મનને મુગ્ધ કરે એવાં ચોટદાર છે. લેખકે વાચકને ખ્યાલમાં રાખીને ભાષા પ્રયોજી છે. પ્રસ્તાવનામાં તેમણે, આગળ કહ્યું તેમ, સ્પષ્ટ લખ્યું છે : આ નવલકથા

'માસ' માટે છે. કોઈ પણ 'ક્લાસ' માટે મર્યાદિત નથી. નવલકથાનાં એક એક પાનાં પર હાસ્ય રેલાયેલું જોવા મળે છે. આ નવલકથા ક્યારે ય શુષ્ક બની જતી નથી. વાચક જેમ જેમ આગળ વાંચે છે, તેમ તેમ તે કથાના રંગમાં રંગાતો જાય છે. હાસ્યના ફુવારામાં તે ભીંજાતો જાય છે.

પ્રશ્ન એ થાય છે વાચકે આ પુસ્તકમાંથી શું પામવાનું છે ? આપણે જાણીએ છીએ કે શૃંગારરસમાંથી હાસ્યરસ નિષ્પન્ન થાય છે. માનવીનાં જીવનમાં હાસ્ય અને કરુણ રસો છે, જે એકબીજાના વિરોધી નથી. બે સમાંતર લીટીઓની જેમ વહેતા રહે છે. ક્યારેક પ્રસંગ અને ઘટના એક જ હોય છે. છતાં તે કોઈને હસાવે છે, કોઈને રડાવે છે. હાસ્ય અને કરુણ રસ એક જ સિક્કાની બે જુદીજુદી બાજુઓ છે. એકબીજાના પૂરક છે. માર્ક ટ્વેઈન હાસ્યનું દર્દ સમજાવતાં કહે છે : The secret success of humour is not joy but sorrow. સમર્થ હાસ્યરસ વિના કટાક્ષકથન માત્ર નિંદા બની જતી હોય છે. સાહિત્યના સ્વરૂપ વિના કટાક્ષકથન માત્ર જંગલી અને અસભ્ય ઠેકડીઓ બની જાય છે. આવું નિર્મિશ ઠાકરની આ નવલકથામાં એમના કટાક્ષો જંગલી અને અસભ્ય ઠેકડીઓ બની જતાં નથી. કારણ નિર્મિશ ઠાકર એક સજાગ સર્જક છે. લેખકની પ્રકૃતિ બંધ બારણે બેસીને સાહિત્યસર્જન કરે એવી નથી.

લેખકે કેટલાંક પાત્રોને અલગ અલગ લાઈફસ્ટાઈલ તેમ જ કહેવતો કે રૂઢિપ્રયોગો ફાળવી આપ્યાં છે. તેનો નવલકથામાં વારંવાર પ્રયોગ થતો રહ્યો છે :

'ઉં ગનપટ હુરટી બોલતો છું, એટલે વાત પૂરી, પથારી ફેરવી નાંખવી, લખી રાખજો, છાપરે ચડાવવા, વચમાં લંગોટિયું નાંખવું, મા પૈણાવવી, ડુંગરીની ખેતી કરતો નથી, ધોબીના કૂતરા જેવી દશા, હૃદય પર પથ્થર મૂકી જીવવું, કલાત્મક મૌન, જીભ લંગડી રમે, ઘુવડ જેવી આંખો, ગોટલા બાઝી જવા, વટાણા વેરાઈ જવા, દેખવું નહીં અને દાઝવું નહીં, ઊંટ કાઢતાં બકરું પેઠું, દીવેલિયું મોં, સાત તાળી, ભાયડાછાપ, બિલાડી આડી ઊતરવી, સૂપડાં સાફ, બ્રેક આપવી, વઘારેલી ખીચડી, મારો આસિસ્ટન્ટ કહે એ ખોટું હોય જ નહીં, વગેરે. કથાના લાંબા પટમાં આવા પ્રયોગો ભાષાને વૈભવી બનાવે છે. પણ આયેલો અને આલવું જેવા શબ્દો ચરોતરમાં ખાસ વપરાતા જોવા મળે છે. લેખક કયારેક પારસી ગુજરાતીમાં ય સરી પડે છે.

કથાના ગદ્યમાં કવિને ડોકિયું કર્યા વિના ન ચાલે. કેરિકેચર્સને વાચા હોય છે. પ્રસ્તુત નવલકથામાં ચોવીસ કેરિકેચર્સ આપ્યાં છે. આમ તેમણે ચિત્રો પાસેથી પણ ભાષાનું કામ કઢાવ્યું છે.

નવલકથાની ટોંચ [climax] પ્રકરણ ૨૩માં શરૂ થાય છે. ડેંગુચાનો પુત્ર મીનાક્ષીને ભગાડી ગયો, ત્યાં નવલકથાની ટોંચ વર્તાય છે. પ્રકરણ ૨૪માં નવલકથાનાં બધાં પાત્રોનો શંભુમેળો જમાવવામાં આવ્યો છે. ગનપટને ત્યાં બધાં ડેંગુચાના પુત્રના લગ્નની વધાઈ દેવા અને મોં મીઠું કરવા ભેળાં મળે છે.

નવલકથાના ઉઘાડ કરતાં તેનો અંત વધુ ચોટદાર અને આકર્ષક રહ્યાં છે. ઉદાહરણરૂપે થોડાં વાક્યો જોઈએ :

કાવ્યની છેલ્લી પંક્તિ સુધી પહોંચતાં મારી આંખો ભરાઈ આવી. અરે એક હાસ્યકારની આંખમાં આંસુ ? જે અજ્ઞાનીઓ હાસ્યને ઉતરતી કક્ષાનું માને છે, એમને પણ હું તો કહીશ કે, તમે મારા આ ખોબામાં મરો !' કહી કવિતાએ (કવિનાં પત્નીએ) મારાં થોડાંક આંસુ એના ખોબામાં ઝીલી લીધાં. અને જુઓ તો ખરા, નવલકથાનો અંત પણ કેટલો આકર્ષક અને ચોટદાર રહ્યો છે. 'ગોટાળા' શબ્દમાં જ નવલકથા સમાપ્ત થાય છે.

અહીં બ્રિટનમાં, રહેતાં કેટલાંક સાહિત્યરસિકોને આ નવલકથાનાં સુરતી ગુજરાતી વાક્યો વંચાવ્યાં છે. તેમના ચહેરા તાકીને જોયા છે. જાણે કે તે કહેતા રહ્યા : 'બરાબર મજા ન આવી.' આમ તાપી કિનારેની ગુજરાતીનો પ્રયોગ છોડી સાબરમતીની અમદાવાદી ગુજરાતીમાં આ નવલકથા લખાઈ હોત તો તેનો વાચકવર્ગ સીમિત રહેશે એવી શંકા અમને થઈ ન હોત !

નિર્મિશ ઠાકરની ઘણી સાહિત્યકૃતિઓને પારિતોષિક સાંપડ્યાં છે. 'ગનપટ હુરટીના ગોટાળા'ને હાસ્યકૃતિ તરીકે, સન ૨૦૦૩ દરમિયાન, 'ગુજરાત સાહિત્ય અકાદમી'ના હાસ્ય વ્યંગ કટાક્ષ વિભાગનું પહેલું ઈનામ મળ્યું છે. જો કે તેમના શબ્દોમાં પારિતોષિક એ એક અભિપ્રાય છે. પણ એક વાચક તરીકે તો નિર્મિશભાઈ, તમને સલામ કરવાનું મન થઈ જાય છે. વિવેચક નામના પ્રાણીઓ પ્રત્યે, નિર્મિશભાઈ, તમને સૂગ છે. તમે કહો છો : 'કુદરતનું સર્જન પરિવર્તિનશીલ હોય છે અને એણે સર્જેલા માનવીનાં સર્જન સતત પરિવર્તનશીલ છે.' અને તેથી સાહિત્યસર્જનને જૂની ફૂટપટ્ટી વાપરી માપવી એ ખોટી રીત છે. સાવ સાચી વાત છે. સાથે એટલું પણ સ્વીકારવું રહ્યું છે કે કોઈ પણ લેખક સંપૂર્ણ લેખક છે.

નિર્મિશ ઠાકરની ફરિયાદ છે : 'વિવેચન કરવા પહેલાં વિવેચકો કૃતિને બરાબર તપાસી જતા નથી. કૃતિને સંપૂર્ણ વાંચતા નથી.' વિવેચકોનો ત્રાસ સર્વત્ર છે. એક મરાઠી કાવ્યમાં લખાયેલું છે કે, 'દરિયામાં પેશાબ કર્યા પછી પાણીની સપાટી વધી કે નહીં, તે જેવા ઉત્સુક હોય એ વિવેચક કહેવાય. એ સાથે સુરેશ દલાલે વિવેચકો અને વિવેચન અંગે બે કાવ્યો લખેલાં તેનું પણ સ્મરણ કર્યું અને અંતે કહે છે : 'વિવેચન એટલે busy for nothing ઉર્ફે પાઈની પેદાશ નહીં, ને ઘડીની નવરાશ નહીં.'

આ પુસ્તકની પ્રસ્તાવનામાં તેમની કેટલીક વાતોમાં તેમનો જાત અનુભવ અને આત્મવિશ્વાસ જોવા મળે છે. પણ જ્યારે તેઓ કહે છે : '૪૭ વર્ષમાં એમેણે જે કર્યું છે, એનો દસમો ભાગ સાત જન્મ મથ્યા પછી ય ના થઈ શકે ! જો થઈ શકે, તો કરી બતાવો ! જો પોતે એમ કહેતા હોય, તો અહીં તેમનો અહમ્ પડઘાય છે. ભાવિના ગર્ભમાં શું પડ્યું છે, તેની આપણા જેવાને શી ખબર ? વિશ્વ વાંઝણું નથી. તેમણે કહ્યું, હાલ ૨૦૦૬માં તેમને માસિક રૂપિયા એક લાખથી વધુ પગાર મળે છે. નિર્મિશભાઈ, પગાર વિશે આવું ખુલ્લું ન કહો; નહીં તો ચેરિટીવાળાઓની તમારે ત્યાં લાઈન લાગી જશે !

નિર્મિશ ઠાકરની ખુમારી સમજવાની જરૂર છે. 'કોઈ સાહિત્યકારે કોઈની કૃપા પર નભવાનું નથી.' 'જીવનના સંઘર્ષોમાં એક તાકાત છે. સર્જકતા એમાં જ નિખરે છે.' નિર્મિશભાઈ, એક વાતની ખાતરી આપવાનું મન થાય છે, તમે અથવા કોઈ પણ માણસ મને પૂછે કે, તમે નિર્મિશ ઠાકરને જાણો છો ? તો એવું તો હું નહીં જ કહું, 'તમારું નામ ક્યાંક સાંભળ્યું એવું લાગે છે.'

[62 Orchard Gate, GREENFORD, Middlesex UB6 0QW, U.K.]

•

(૪)

'અહીંથી ... ' અહીં સુધી

૦ જગદીશ દવે

અહીંથી ... : FROM HERE ... : જુલી બોડન : ગુજરાતી રૂપાંતર - અદમ ટંકારવી : પ્રકાશક - ગુજરાતી રાઈટર્સ ફૉરમ, 27 James Street, Batley WF17 7PS [U.K.] : પ્રકાશન - વિતરણ પ્રબંધ - રન્નાદે પ્રકાશન, અમદાવાદ - ૩૮૦ ૦૦૧ : પ્રથમ આવૃત્તિ - ૨૦૦૬ : પાન - ૮૫+૧૨ : મૂલ્ય - £ ૩.૦૦ અથવા રૂ. ૨૦૦

અદમ ટંકારવી એટલે કવિતા જગતનું એક લાડીલું નામ. મુશાયરાઓને ધબકતા રાખનાર કુશળ સંચાલક. અંગ્રેજીના અભ્યાસી અધ્યાપક : ગુજરાતમાં ને બ્રિટનમાં. પણ આજે તેમની કુશળ રૂપાંતરકલાની વાત કરવાનું મન થાય છે. બર્મિંગમની કવયિત્રી જુલી બોડનની અંગ્રેજી કવિતાનો ગુજરાતી અવતાર તેમણે 'અહીંથી' કાવ્યસંગ્રહમાં આપ્યો છે. પ્રસ્તાવનામાં જુલીનો પરિચય આપતાં અદમ કહે છે કે એ સ્થળવિશેષની કવયિત્રી છે. બર્મિંગમની શહેરી ચેતનાનો તેની કવિતામાં સાક્ષાત્કાર થાય છે. શહેરના બાહ્ય સ્વરૂપની ભીતર જે ચેતના છે તેની તેમાં ખોજ છે. એમાં સંદર્ભ બર્મિંગમનો છે પણ જુલી સામાન્ય સ્થળની અસામાન્યતા દર્શાવે છે. એટલે બર્મિંગમનો પરિવેશ કે લોકો તો સામગ્રી છે. કાવ્યનાં વિવિધ

ઉપકરણોથી આ સામગ્રી કળારૂપ પામે છે.

કુલ ૨૩ કાવ્યોનું અદમે રૂપાંતર કર્યું છે. ગુજરાતીકરણ પૂરું થયા પછી બધાં કાવ્યો પછી છેલ્લે મૂળ અંગ્રેજી પણ આપ્યું છે જે તેમની રૂપાંતરકલાને મૂલવવા માટે તથા મૂળની સુગંધ માણવા માટે ઉપયોગી નીવડે છે. આ સહોપસ્થિતિ ખાસ પ્રસંશનીય છે કારણ ઘણાં આવાં પુસ્તકોમાં મૂળ કાવ્ય આપેલાં હોતાં નથી એટલે મૂળને અનુભવવાની તક પ્રાપ્ત થતી નથી. માત્ર એને દરેક કાવ્ય પછી તરત આપ્યું હોત તો વધુ સુવિધા રહેત. પણ આપ્યું છે એ જ મોટી વાત છે.

પ્રથમ કવિતા બર્મિંગમની જાણીતી કૅનલના પ્રવાસની છે. નહેરની આ ષટ્પદીના બંધારણ અંગે સમજાવતાં અદમ કહે છે કે આ સેષ્ટિના પ્રકાર પ્રાસયુક્ત કે પ્રાસમુક્ત હોય, છ છ લીટીઓની છ અને અંતે ત્રણ લીટીની એક ટૂક હોય. પ્રથમ ટૂકના છેલ્લા શબ્દો અને અન્ય ટૂકોમાં વિવિધ પંક્તિઓમાં ક્રમફેરે પુનરાવર્તિત થાય.

અદમે પોતાના રૂપાંતર 'ભવ્ય સંમેલન'માં એને જા ળવવાનો સફળ પ્રયત્ન કર્યો છે તો સાથોસાથ અંગ્રેજી શબ્દોને તળપદા ગુજરાતીમાં મૂકી દઈ ભાવપ્રગટનમાં સ્વાભાવિક્તા તેઓ આણતા જાય છે તેથી ભાવકના ચિત્તને સત્વર સ્પર્શી જાય છે. Stranger or a pal માટે અજાણ્યો કે ભેરુ, subject માટે રૈયત, long lost navvy pal માટે 'વીતેલ સમયનો કોક કાંસિયો' જેવાં અનેક ઉદાહરણો આ તેમ જ અન્ય કાવ્યોમાં સાંપડશે. આ નહેર તે માનવચેતના છે અને તે ઠંડી છે. પ્રવાસીઓ એકમેકથી અપરિચિત, જાણે કે વિચ્છિન્ન. કવિને માત્ર નહેરના પ્રવાસનું દર્શન અપેક્ષિત નથી. તેને તો 'જીવનનહેરની કૂંચી મળે એ જ ઝંખના' છે. સ્થૂળ નહેરમાંથી સૂક્ષ્મ બીજી એક કવિતા લઈએ : A cup for the world. તેની આરંભની મૂળ પંક્તિઓ જોઈએ.

In the greeting eyes of children born in oriental places
this day our cup is full.
In the trooping of their colours, in their smiling hearts
and faces,
this day our cup is full.

અદમે તેને ગઝલમાં ફેરવતાં રજૂઆત કરી :

પૂર્વનાં સુનયન બાળ મૃદુ હસે, જામ છલકાય છે

ફૂલગુલાબી ચહેરા હૃદય મન ભરે, જામ છલકાય છે

શબ્દને વળગી રહેવાની કડાકૂટમાં પડ્યા વગર આ ગઝલવીરે કેટલી સહજ રીતે મૂળ ભાવને પકડી લઈ કેવો સરસ વહેવા દીધો છે ! અંગ્રેજીયતનો અંશ પણ આ પંક્તિઓ વાંચતાં ક્યાં ય વરતાતો નથી. જુલી ગઝલસ્વરૂપ જાણતી હોત અને ગુજરાતીમાં લખત તો કદાચ આમ જ લખત. અદમે અહીં અનુવાદમાં જરૂરી પરકાયાપ્રવેશ સિદ્ધ કર્યો છે જાણે.

એક વધુ રચના જોઈએ : The Stranger Came :

What words are these ? an empty sound,

rediculous and trite.

How can they help the honest man

whose quest to know the way of things

relies upon his questioning ?

આ શબ્દો શું છે ? ખાલી ધ્વનિ,

હાસ્યાસ્પદ અને ચવાયેલા.

વસ્તુઓના હોવાને જાણવાની જેની ખોજ

પ્રશ્ન પૂછવા પર જ અવલંબિત છે

તે સન્નિષ્ઠ માણસને એ કઈ રીતે મદદ કરી શકે ?

અહીં શબ્દોની જ વાત છે એટલે જ કદાચ શબ્દો સાથે છૂટછાટ લીધા વગર કવિએ જુલીના કાવ્યાર્થને સ્ફુટ કર્યો છે. એટલે જ પૂંઠા પર લખ્યું છે તે, 'આ રૂપાંતર મૂળના ભાવવિશ્વ અને નિરૂપણશૈલીની નિકટતમ છે' એ બધાં જ કાવ્યોમાં પ્રતીત થાય છે. વિસ્તારભયે સૌનાં રસસ્થળો દર્શાવ્યાં નથી.

પણ આ કાવ્યો જેટલું જ મહત્ત્વનું પાસું છે અદમની પ્રસ્તાવના. કવિ અદમ નહીં, કાવ્યાઅભ્યાસી પ્રૉ. ઘોડીવાલા અહીં દર્શન દે છે. ૧૯૭૦ પછીની બ્રિટિશ કવિતા અંગે ડેવિડ કેનેડીને ટાંકીને કહે છે કે આઠમા દાયકા પછીની બ્રિટિશ કવિતા નવસંસ્કરણ, પુનર્યોજન અને સ્વરૂપપરિવર્તનની પ્રક્રિયારૂપ છે. રસેલને સ્મરીને તેઓ આગળ ઉમેરે છે, 'સમાજની કોઈ પણ અર્થસંહતિ જે તે સમાજની સંરચનાત્મક સંજ્ઞા વ્યવસ્થામાં સ્થાન પામે છે અને તેમાંથી જ સામાજિક પ્રમાણભૂતતા મેળવે છે.'

આગળ ચાલતાં ફરીથી ડેવિડ કેનેડીએ સમકાલીન બ્રિટિશ કવિતાની સર્જનપ્રક્રિયા પાછળનાં ગૃહીતોની વિસ્તૃત ચર્ચામાં જે મુદ્દાઓ આપ્યા છે તેમાં તે પ્રદેશવાદી કે પાંડિત્યદર્શી નથી, આંતરરાષ્ટ્રીય સ્પંદનો ઝીલનારી છે, પ્રજાતંત્રવાદી છે, તેમ જણાવી કહે છે 'કવિતા પ્રગલ્ભ છે પણ કંટાળાજનક નથી. વિનોદી છે પણ બાલિશ નથી, ઊર્મિશીલ પણ બળૂકી છે.'

આના પછી સંગ્રહની દરેક કૃતિનું માર્મિક રસલક્ષી મિતાક્ષરી વિવેચન કર્યું છે તે વાચકોને આ કાવ્યોના ભીતરમાં પ્રવેશવા માટે ઉત્તમ પથદર્શકની ગરજ સારે છે, તો દરેક કૃતિમાં આપેલી પાદટીપો બર્મિંગમથી અપરિચિત - ઈંગ્લૅન્ડના કે અન્યત્ર વસતા સૌને માટે અર્થપૂર્ણ બની રહે છે.

અદમભાઈ, જુલી બોડન જ નહીં, હવે અન્ય બ્રિટિશ આધુનિક કવિઓની વિવિધ ઉત્તમ કૃતિઓના ચૂંટેલા સંગ્રહના અનુવાદની તમે અપેક્ષા જગાડી છે. પૂર્ણ કરશો ને ? અત્યારે તો 'અહીંથી' માટે અનેકાનેક હાર્દિક અભિનંદન.

[93A Harrow View, HARROW, Middlesex HA1 4SZ, U.K.]

•

— ગૂફતગૂ

રૂડી ગુજરાતી વાણી રાણીના વકીલ બનીએ

મહાત્મા ગાંધીની નિશ્રામાં, સન ૧૯૨૯ની એ ઐતિહાસિક ઘડીએ, એક ચરણ મૂકાયું હતું. તેને આજે લગભગ આઠ દાયકા થવામાં છે. સર્વમાન્ય 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ'ની, આ ગાળા દરમિયાન, અનેક આવૃત્તિઓ આવી. તેમાં કેટલીક નવસંસ્કરિત પણ હતી. હવે, આપણી વચ્ચે ડિજિટલ કોશ અને સ્પેલચેકરનું સોફ્ટવેર ગુજરાતને ચરણે ધરતાં અમે કૃતકૃત્ય અનુભવીએ છીએ. ગૂજરાત વિદ્યાપીઠ અને ગુજરાતી લેક્સિકોનના સફળ સંયોજન વડે, એક વર્ષના સતત પ્રયાસે, આજનો દિવસ જોવા મળ્યો છે.

આ સોફ્ટવેર સી.ડી.ના રૂપમાં તૈયાર કર્યો છે. આ કોશમાં યુનિકૉડ પદ્ધતિ વાપરવામાં આવી છે. આથી કોશનો ઉપયોગ કરનારને સારુ, પાઠ (સ્ક્રિપ્ટ) વાંચવામાં પણ, સરળતા રહેવાની છે. કોઈ પણ શબ્દનો અર્થ જોઈતો હોય, તો સાર્થ કોશ પ્રમાણે એ મળી જાય. વિશેષમાં, લખાણની જોડણી સાચી છે કે કેમ એ સ્પેલચેકરથી જાણી શકાય અને સુધારી શકાય. આમ, એક સાથે જ શબ્દના સાચા અર્થ અને સાચી જોડણી બંને સાથે મળી જાય. સામાન્ય દરેક જણ પણ આનો ઉપયોગ કરી શકે છે અને વિદ્યાર્થી, શિક્ષક, લેખક, પત્રકાર, પ્રૂફરીડર, મુદ્રક, પ્રકાશક જેવા જેવા ભાષા નામે પદાર્થ સાથે કાર્ય કરતાં અસંખ્ય લોકો માટે, તો આ સી.ડી., કોઈ પણ જાતની અતિશયોક્તિ વગર, સહજ એક આશીર્વાદ રૂપ લાગશે.

સાર્થ જોડણીકોશના એક આદ્યપુરુષ, આચાર્ય કાકા કાળેલકરે, એકદા, કહેલું : 'ગુજરાતી ભાષાના આરોગ્ય, એની શક્તિ, એના વિકાસ અને એની કૃતાર્થતા માટે સતત ચિંતન અને પ્રયત્ન કરનારે પોતાનું તમામ

સંકલ્પસામર્થ્ય એકત્ર કરી નિર્ધાર કરવાનો આજે દિવસ છે. અમારી ભાષા પૂરેપૂરી સમર્થ નથી અને તે એમ જ રહેવાની, એમ કહેવાનો વારો કોઈ દિવસ ન આવો.' વળી, આપણા સમર્થ સાહિત્યકાર ઉમાશંકર જોશીના આ શબ્દો ય દીવાદાંડીની ગરજ સારશે : 'ગુજરાતી ભાષા અને ગુજરાતી માધ્યમ માટેની ... લડત ચાલુ જ રાખજો, કોઈ જોડે ના રહે તો ય એકલા હાથે ઝઝૂમજો. ... પણ અંગ્રેજીની ખામીઓ ખોળવાનો વ્યર્થ પ્રયત્ન કરવો નહીં. બસ, આપણી ભાષાની ખૂબીઓ જ ખોળી, સૌને સમજાવતાં ફરવું.'

કવિવર રવિ ઠાકુરની એક કવિતા છે :

સાંજના સૂરજે પૂછ્યું : 'મારા ગયા પછી દુનિયાને અજવાળું કોણ આપશે ?'

આ સાંભળી સહુ સ્તબ્ધ થઈ ગયા.

ત્યારે માટીનું કોડિયું હતું તે બોલ્યું : 'પ્રભુ ! મારાથી જે કાંઈ બનશે એ કરીશ !'

આપણા આ મહાયજ્ઞમાં ગૂજરાત વિદ્યાપીઠના સુદર્શન આયંગર અને રાજેન્દ્ર ખિમાણીના વડપણ હેઠળ નિરંજનાબહેન વોરા, જાગૃતિબહેન દેસાઈ, ગિરીશભાઈ, નીલેશભાઈએ ધ્યાનાકર્ષક સક્રિય યોગદાન આપ્યું છે. ગુજરાતીલેક્સિકૉન વતી વિપુલભાઈ કલ્યાણી, અશોકભાઈ કરણિયા, કાર્તિકભાઈ મિસ્ત્રી, મીનાબહેન છેડા, જાગૃતિબહેન વાલાણી, શ્રુતિબહેન અમીન, નમ્રતાબહેન પાટીલ, મીનળબહેન મિસ્ત્રી, કોમલબહેન કરણિયાએ અર્ધ્ય અર્પ્યો છે. એ દરેક પ્રત્યે હું સહૃદય ઋણભાવ વ્યક્ત કરું છું.

વીસ વીસ વર્ષની તપશ્ચર્યા હવે આ રીતે વધુ પગલું માંડે છે, ત્યારે વામનનાં બે ડગલાં પૂરાં થયાનો અનુભવ માંહ્યલીકોર ભર્યો પડ્યો છે. માંહ્યલો મગન છે. બીજાં દોઢ પગલાં ભરવા, તેમ જ કવિવર દલપતરામે કહેલું તેમ, 'રૂડી ગુજરાતી વાણી રાણીના વકીલ' બનવા, હવે, હું દરેકને આહ્વાન કરું છું. ચાલો, આપણે ય ગુજરાતી ભાષાના સંવર્ધન સારુ જે કાંઈ બને એ કરીએ.

મુંબઈ, ૨૦ ડિસેમ્બર ૨૦૦૭ **- રતિલાલ ચંદરિયા**

e.mail : ratichand@gmail.com

એતાનશ્રી –

ઓય ધાડેના ! ...ચાલો કરીએ ઓસડવેસડ !!

૦ 'ભગવદ્ગોમંડળ'ના ભાગ - ૨ મુજબ, 'ત્યારે શું ! ... ચાલો, ઓસડ કરીએ અને તેવા બીજા પણ ઉપચાર કરીએ !' એવો અર્થ આ મથાળાનો તારવું છું. આથીસ્તો, વિપુલભાઈએ લખ્યું છે તેમ, વાર્તાકારે સતત યાદ રાખવાનુ છે કે આખરે વાર્તા બનવી જોઈએ તો જ વાર્તાકૃતિ તરી જશે.

૨૦૦૭ના નોબેલ પ્રાઈઝ ફોર લીટરેચરનાં વિજેતા ડોરીસ લેસ્સીન્ગના લખવા મુજબ મહત્ત્વનો પ્રશ્ન છે : 'Have you found a space, that empty space, which should surround you when you write? Into that space, which is like a form of listening, of attention, will come the words, the words your character will speak, ideas - inspiration. If a writer cannot find this space, then poems and stories may be stillborn. – આ ખાલી જગ્યા એમને એમ નથી પુરાતી, એના માટે કલ્પનાશક્તિ અને નવા નવા વિચારોની જરૂર છે. તે આગળ જતા લખે છે કે નોબેલ પ્રાઈઝના વી. એસ. નાઈપોલ જેવા બીજા વિજેતાઓ કઈ એમને એમ વિજેતા નથી બન્યા. નાઈપોલને તેમના પિતાએ નાનપણથી વાચતાલખતા કર્યા હતા. તેમના ઘરમા વેદ ઉપનિષદનાં પુસ્તકો હતાં. બ્રિટન આવ્યા પછી તે, બ્રિટીશ લાઈબ્રેરીમાં નિયમિત જતા. ડોરીસ કહે છે કે આપણી પાસે સાહિત્યનો ખજાનો છે – જે ઈજિપ્શિયન, ગ્રીક અને રોમન સાહિત્ય સુધી આપણને લઈ જઈ શકે છે. એ ખજાનાને ફરી ફરી ફંફોળવાનો છે. તેમાથી અદભૂત સામગ્રી સાપડશે. જો આ ખજાનો ન હોત તો આપણી વાર્તાકૃતિ ઓ કેવી કંગાલ બનત !

પછી તેઓ કહે છે : 'The storyteller is deep inside everyone of us.....Let us suppose our world is attacked by war, by the gorrors that we all of us easily imagine. Let us suppose floods wash our cities, the seas rise...but the storyteller will be there, for it is our imaginatios which shape us,when we are torn, hurt, even destroyed. It is the storyteller, the dream-maker, the myth-maker, that is our phoenix, that represents us at our best, and at our most creative.'

વિપુલભાઈના કહેવા પ્રમાણે લેખકના નિજી આક્રોશનો વીટો તેમને સર્જક બનતા અટકાવીને લહિયો બનાવે છે. પણ ઉપરના વિચારોથી જોઈ શકાશે કે અનુભવ નિજી હોય કે સાભળેલો હોય, લેખનકાર્યમા તે મદદ તો કરે જ છે. હા, પણ સાથેસાથે જો વાચન બહોળું હોય, કલ્પનાશક્તિ ખીલેલી હોય, શ્રવણશકિત તેજ હોય, તો લેખકનુ સર્જન જરૂર વધુ સમર્થ બને છે. એટલે આપણા ડાયાસ્પોરિક લેખકોને વિનવણી છે કે આપણા તંત્રી સાહેબને નારાજ ન કરીએ અને વાચન સાહિત્યનો ખુલ્લા દિલે ઉપયોગ કરીએ. આખરે આપણી લાઈબ્રેરીઓમાં પુસ્તકો વાંચવા માટે મફ્ત મળે જ છે ને ?

- ભદ્રા વડગામા

e.mail : bhadra.v@btinternet.com

દારેસલામનાં કેટલાંક મીઠાં સ્મરણો

૦ અબીહાલ દુબઈ હતો. ત્યાં સપ્ટેમ્બર અને પછી ઑક્ટોબર - નવેમ્બરના અંકો ય મળ્યા. અમૃત દેસાઈનો કાગળ વાંચી મારી સ્મૃતિને સંકોરી. દારેસલામનું જીવન અને પ્રવૃત્તિ યાદ આવ્યાં. તેમાંથી આ લખાણ :

દારેસલામની અઝાનિયા સેકન્ડરી સ્કૂલના શિક્ષકોને મેં જોયેલા. કેટલાકને મળેલો. ખાસ કરીને બી.ડી. શાહ અને સુખથનકર સાથે અંગત પરિચય થયેલો. સુખનથકર આગાખાન સ્કૂલમાં હેડમાસ્તર થઈને આવેલા ત્યારે હું આગાખાન સ્કૂલમાં શિક્ષક હતો.

બી.ડી. શાહ દારેસલામમાં જી.એ.કે. પટેલના મકાનમાં રહેતા, ત્યાં જ જીવરાજભાઈ પણ રહેતા હતા. જીવરાજભાઈ અને ગુલાબભાઈ સાથે મારો, પ્રાણેશ ભટ્ટનો રણધીર ઠાકરનો ઘર જેવો સંબંધ. અમે 'ઈન્ડો ટાન્ઝાનિયા કલચરલ સેન્ટર' સંસ્થાના આગેવાન કાર્યકરો હોવાથી બી.ડી. શાહ પણ જીવરાજભાઈની સાથે સારા સંબંધો રાખતા. વળી, બી.ડી. શાહના બંને દીકરા જીતુ - શિરીષ 'શિશુ કુંજ'માં આવતા. બી.ડી. શાહને સંસ્થાના ખાસ પ્રસંગોમાં અમે આમંત્રેલા ય ખરા. જીવરાજભાઈ અને બી.ડી. શાહના અવસાન પછી બી.ડી. શાહનાં પત્ની નિર્મળાબહેન શાહને જીવરાજભાઈનાં પત્ની ઈન્દિરાબહેન જોડે હરતાંફરતાં ય જોયેલાં.

વરસો વીતતા ગયાં. જીતુ મને એડિનબરૉમાં મળી ગયેલો. સ્કોટિશ કન્યા સાથે પરણી ગયેલો અને બે મોટા બાળકો સાથે મારા સાળા સુરેન્દ્ર ઠાકરને ત્યાં જમવા આવ્યો હતો.

બીજાં પાંચ વર્ષ પછી, ૧૦.૦૯.૨૦૦૫ના દારેસલામના જૂના રહીશોનું સંમેલન લંડનમાં ભરાયેલું. વિનુ વડગામા સંગાથે તેમાં હું ગયેલો. ત્યાં વિનુએ મારું નામ આપ્યું અને ઉમેર્યું : 'એમની ઉંમર ફક્ત ૯૨ વર્ષની છે.' નામ જાહેર થતાં અનેક લોકો મળવા ય આવ્યા. એમાં આ શિરીષ પણ હતો. એ ઑક્સફર્ડમાં ક્યાંક શિક્ષણસંસ્થામાં કામ કરે છે. તેનું ઠેકાણું પછી ઝાઝુ યાદ ન રહ્યું. મારા સાળાને વાત કરી ત્યારે સમજાયું કે તે ઑક્સફર્ડમાં છે. બીજી પાસ, જીતુને મળવાનું બન્યું એ પછી, થોડા વરસો કેડે જાણ્યું કે તેનું ય હવે અવસાન થયું છે.

- મયૂર શુક્લ

[195 Edgwareburry Lane, EDGWARE, Middlesex HA8 8QJ, U.K.]

નેક અને પાક ઈરફાન

૦ જુગલકિશોર વ્યાસ

બેઠી દડીનો ને ઋજુ સ્વભાવનો ઈરફાન કોઈની ભલામણ લઈને એક દિવસ અમારી ઑફિસે આવ્યો. એક સૂક્ષ્મ સંકોચ એના ગાલે પડતાં ખંજનોમાં ડોકાતો હતો. વાંકડિયા વાળ ચીપીચીપીને ઓળ્યા હતા. બોલવાનું ય એનું ચીપીચીપીને જ થતું લાગે.

બેકરીની આઈટેમો ઈરફાન બનાવી જાણે. કેક બનાવવાની તો માસ્ટરી ! હિન્દુ કુટુંબોમાં એની એગલેસ(ઈંડાં વગરની) કેક બહુ વખણાય. કેક તો ઈંડાંથી જ બને એવી માન્યતાવાળાં હિન્દુ કુટુંબોને કેકની મઝા માણવા મળતી નહોતી. આવા વાતાવરણમાં ઈંડાં વગરની કેક બનાવી આપીને તે ઘણાં કુટુંબોનો પ્રેમ જીતી આવેલો. ઈંડાંની બાદબાકી કરીને અને પોચી રૂ જેવી કેક બનાવી આપીને તેણે ભારે લોકપ્રિયતા મેળવી હતી.

મને હમેશાં થતું કે ઈરફાન બેકરી-ઉત્પાદનના સફળ કારીગર કરતાંયે જો બેકરી આઈટેમો શીખવનાર શિક્ષક બને તો ? મારે મન તેનામાં રહેલી આ કળા, તે ઘણાને વહેંચે તેનું મૂલ્ય વધુ હતું. જો કે કોઈને કશું 'શીખવવા'નો અનુભવ તો એને હતો જ નહી.

અમારી યોજનામાં તો કોઈ પણ ઉંમરનાંને ભણાવવાનું રહેતું હોઈ, તે પોતે પ્રૌઢ બહેનોને શીખવી શકશે એ બાબતે એને શંકા હતી. એટલે મારી પાસે જેમણે તેને મોકલેલો તેમણે આપેલી જાણકારી મુજબ, આવી ભણાવવાની કામગીરી માટેની પોતાની અણઆવડતથી થતી મૂંઝવણ પણ એના ચહેરા પર તે વેળા ચીતરાયલી હતી.

બહેનોના તાલીમ વર્ગોમાં મેં તો તેને એટલું જ કહેલું કે, 'જે કાંઈ તમને આવડે છે તે જાણે તમારી જાતને જ શીખવતા હો એવી રીતે મોટેથી બોલતાં બોલતાં વાનગી બનાવતાં જજો. એની નોંધ કેવી રીતે લેવી એ અમે બહેનોને શીખવી દઈશું. એ લખાણને સાઈક્લોસ્ટાઈલ કરાવીને વર્ગનોંધ રૂપે વહેંચી દઈશું, તમે એની ચિંતા કરશો નહીં. તમે તો તમને જે આવડે છે તે ઉત્તમ ચીજો, ઉત્તમ રીતે, સૌની હાજરીમાં બનાવી દેખાડજો. હા, સાથે સાથે જ બોલતાં રહેવાનું ભૂલતા નહીં ! એ જ તમારો તાલીમવર્ગ અને એ જ તમારું ટીચર તરીકેનું કાર્ય !'

પછી તો બહેનોનાં ઝૂંડ વચ્ચે બેકરીની મઝાની વાનગીઓ તે સંકોચશીલ યુવાન બનાવતો રહ્યો. વાનગીઓ બનાવતાં શીખવતાં શીખવતાં પોતે ક્યારે સારો શિક્ષક બની ગયો એની તેને ખબર જ રહી નહીં ! પરંતુ અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાંથી 'અમારે ત્યાં ઈરફાનભાઈનો વર્ગ ક્યારે ગોઠવો છો ?' એવી માંગ સતત આવતી અને વધતી જ ગઈ. એ પછી પણ તે તો જાણે જાત સાથે વાતો કરતો હોય એમ જ સૌને શીખવતો રહેલો.

નર્યો પાક મુસલમાન. એક દિવસ જમીન ખોતરતો હોય જાણે એમ જ હાથના નખની સાથે ગડમથલ કરતાં કરતાં કહે, 'સાહેબ, મને મારી ઑફિસમાં માર્કેટીંગ વિભાગમાંથી સ્ટોરમાં મૂકી દેવામાં આવ્યો.'

'કેમ એવું થયું ?' એમ મેં પૂછ્યું તો કહે : 'મને એટલા બધા ઓર્ડર્સ મળવા લાગ્યા કે ઉત્પાદનમાં બધા પહોંચી વળતાં નહીં હોય ને કામ વધુ ખેંચવું પડે એથી વિરોધ થયો હશે.'

'ખુદા જે કરે તે સારા માટે. તમતમારે તાલીમમાં વધુ ધ્યાન આપવા માંડો.' મેં કહેલું.

થોડા દિવસો પછી તેની તકલીફો વધ્યાનું પણ કહ્યું; નવા ડિપાર્ટમેન્ટમાં ઘીના ડબ્બાઓમાં તેણે જોયું તો ખોરાં ઘીના ડબ્બાઓનું પ્રમાણ ઘણું રહેતું ! આ પાક માનવીને એ ગમતું નહીં. તેને મનમાં થયું હશે કે ખોરાં ઘીથી ડરીનેય જો પોતે નોકરી નહીં છોડે તો પણ તેના 'ચોખ્ખા' સ્વભાવથી ડરીને તેના શેઠ જ તેની નોકરી છોડાવી દેશે એક દિવસ ! જો કે હું એને નોકરી બદલવાનું કહી શકું એમ નહોતો.

તાલીમ વર્ગો તો ફાજલ સમયના જ અને વળી પાર્ટટાઈમ હોય. એના આધારે ગુજારો થાય પણ નહીં. પણ ખુદા તેના માટે નવી નવી દિશાઓ ખોલવા આતુર હશે કદાચ. તેને ક્યાંક બીજે નાની એવી નોકરી મળી ગઈ એ સ્વીકારીને તેણે મન મનાવ્યું.

અમે બંને એ વાતનો વસવસો ને ખરખરો એકબીજા પાસે કરીએ ન કરીએ ત્યાં તો એક દિવસ એ અત્યંત પ્રફુલ્લિત ચહેરે આવ્યો. આટલો પ્રફુલ્લિત ઈરફાન એના સંકોચશીલ ચહેરા ઉપર ક્યારેય ડોકાયો નહોતો ! મેં ય એ અચરજના માર્યા પૂછી નાખ્યું, 'ક્યું મિયાં, કુછ શાદી-વાદીકે ઝમેલેમેં તો નહીં પડે ? બાત ક્યા હૈ જનાબ ?' તો કહે, 'સાહેબ, તમારા સૌની શુભેચ્છા અને તમારી સંસ્થાના સર્ટીફિકેટે બહુ મોટું કામ કર્યું. મને ફરતી હોટેલમાં 'કુક' તરીકે નોકરી મળી ગઈ છે !!'

એ લક્ઝુરિયસ હોટેલના ટેબલ પર, શહેરની રોનક માણતાં માણતાં જ જાણે નાસ્તો કરતો હોઉં એમ તેણે આપેલા સમાચાર હું મમળાવતો રહ્યો, ક્યાંય સુધી...! કુદરતની કેવી બલિહારી છે!

આટલો શરમાળ પણ નેકદિલ આ છોકરડો ક્યાંથી ક્યાં પહોંચી ગયો ! એ દિવસે મન મૂકીને ઘણી વાતો અમે કરી.

મહિનાઓ વીતી ગયા. એક વાર તેણે મને પોતાના કાળુપુર બાજુના મકાને બોલાવ્યો. સાંકડું એવું એ મકાન. સાવ તકલાદી એવી સીડી. માળ ઉપર ચડવાની મને તેની મનાઈ છતાં ઉપરને મેડે જઈ હું તેનાં ઘરડાં માબાપને મળ્યો. માળિયા જેવા ઘોલકામાં તેનાં વડિલોને વંદન કરીને મેં તેમને આવા શરમાળ, નેકદિલ અને મહેનતુ દીકરા માટે મુબારકબાદી આપી.

અહીં સુધી ઈરફાન અમારો હતો. અમે તેને વ્યવસ્થિત અને લોકપ્રિય શિક્ષક બનાવ્યો હતો. ઘરઘરમાં બેકરીની સ્વાદિષ્ટ વાનગીઓ બનતી કરી મૂકનારો તે સૌનો માનીતો તો, અમારા વર્ગોને કારણે થયો હતો. સંસ્થાના પ્રમાણપત્રથી જ એ આગળ પણ વધ્યો હતો.

પરંતુ હવે પછી જે ઈરફાન પ્રગટવાનો છે તે અમારો નથી. પોતાના જ આત્મબળે આગળ વધનારો ઈરફાન હવે આવી રહ્યો છે. એના મેડા ઉપર મળ્યા પછી બે વાર તે ઑફિસે મળવા આવ્યો હતો, અને બંને વખત અત્યંત આનંદિત કરી મૂકે એવા સમાચારો લાવ્યો હતો.

પહેલી વાર આવીને, જાણે સહજ હોય એમ કહે, 'સાહેબ, મુંબઈની તાજ હોટેલની જ એક સીસ્ટર કન્સર્ન, મોટી હૉટલમાં મને કુક તરીકે નોકરી મળી છે. હવે અમદાવાદ છોડું છું.'

પણ બીજી વાર જ્યારે આવ્યો, મહિનાઓ બાદ, ત્યારે ભારત છોડવાની વાત લઈને આવ્યો !

કહે, 'મુંબઈની હૉટલમાં કોઈ અમેરિકન સાહેબોએ મને શોધી કાઢ્યો ! ખબર નથી, કોણે તેમને મારું કામ બતાવ્યું હશે ! તે લોકો મને કહે છે કે અમેરિકાના સાગરકાંઠે, સહેલાણીઓ માટે ફરતી રહેતી વિશાળ સ્ટીમરમાં જોડાવાની તક તમને મળી રહી છે. મેં તો સાહેબ, 'વિચાર કરીને જણાવું છું' એમ કહ્યું છે. ઘરે સૌને પૂછ્વા... અને...'

અને એના વાક્યને અધૂરું જ રખાવીને મેં પાદપૂર્તિ કરી દીધી, 'અને બને તો શાદીનું ય ગોઠવી લેવા આવ્યો એમ જ ને ?

ચહેરાની કેક ઉપર શરમના શેરડાથી ક્રીમ વડે ડિઝાઈન પાડતો તે નખને રમાડતો રહ્યો. મેં બંને બાબતે મુબારકબાદી આપીને તેને વિદાય કર્યો. મારા જ ઘરનું કોઈ અમેરિકા જઈ રહ્યું હોવાનો અહેસાસ અને તેનો આનંદ મેં ક્યાંય સુધી માણ્યા કર્યો. ... એ કશુંક એવું મૂકતો ગયો જેને આજ સુધી સાવ સહજતાથી મારા અંતરમાં સાચવી શકાયું છે.

હિન્દુ મહિલાઓને એગલેસ કેક શીખવીને ખવડાવવામાં પરમ સંતોષ અનુભવતા અને 'ખોરાં' ઘીના ડબ્બા જોઈ અકળાતા એ શરમાળ ઈરફાનને, અમેરિકાના દરિયાઓ વચ્ચે, અનેકાનેક વેજ-નોનવેજ વાનગીઓ બનાવીને, સૌનો સંતોષ ઉઘરાવતો હું કલ્પી શકું છું. બેઠી દડીનો, સંકોચશીલ સ્વભાવનો, પોતાની શક્તિ વિશે સાવ અજાણ, તે ઋજુ, પાક યુવાન મારી લાંબી શૈક્ષણિક કારકિર્દીનું એક વિશેષ અને મનભાવન પાત્ર છે.

ક્યાં હશે આજે અમારો આ ઋજુ ઈરફાન ! જ્યાં હશે ત્યાં ખુદાએ એને એની પાક અને નેકદિલીની અમાનતથી ખુશહાલ જ રાખ્યો હશે.

(સદ્દભાવ : 'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **136 – January 13, 2008)**

(૧૨- સત્યનારાયણ સોસાયટી-૧, વેજલપુર રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૧, ભારત)

e.mail : jjugalkishor@gmail.com

પ્રકાશક : Parivaar Commincations, 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · મુદ્રિત પ્રત : 275 · ગ્રાહક : 187 · [22.01.2008]